
દૈનિક સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 11 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ સુદ - ૧૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 13 January 2025, Monday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
સોમવાર, ૧૩ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# કરોડો હિન્દુઓની આસ્થા 'મહાકુંભ': આજથી ભવ્ય પ્રારંભ

**શિવરાત્રિ સુધી ચાલનારા મેળામાં દેશ-વિદેશથી ૪૫ કરોડ લોકો આવવાની આશા**







**મહાકુંભઃ** (ડાબેથી જમણે) ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં પૌષ પૂર્ણિમા (પોષી પૂનમના 'કલ્પવાસ', ૧૩ જાન્યુઆરી)થી શરૂ થઇ રહેલા વિશ્વના સૌથી મોટા ધાર્મિક મેળાવડા 'મહાકુંભ'માં ભાગ લેવા ગંગા, યમુના અને સરસ્વતી નદીના ત્રિવેણી સંગમ ખાતે રવિવારે આવી રહેલા શ્રદ્ધાળુઓ. મહાકુંભમાં ભાગ લેવા આવનારા લોકો માટે સંગમ ખાતે ઊભા કરાયેલા તંબૂઓ. ત્રાસવાદી કે અસામાજિક તત્ત્વોના સંભવિત હુમલાનો જવાબ આપવા ગોઠવાયેલા કમાંડો દ્વારા યોજાયેલી મોકડ્રિલ. મહાકુંભ મહાશિવરાત્રિ (૨૬ ફેબ્રુઆરી) સુધી ચાલશે. આ 'મહાકુંભ'માં દેશવિદેશથી અંદાજે ૪૫ કરોડ લોકો આવવાની આશા છે (પીટીઆઇ)

પ્રયાગરાજઃ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં આજથી એટલે કે પૌષ પૂર્ણિમા (પોષી પૂનમના 'કલ્પવાસ', ૧૩ જાન્યુઆરી)થી વિશ્વનો સૌથી મોટો ધાર્મિક મેળાવડો 'મહાકુંભ' શરૂ થઇ રહ્યો છે અને તે મહાશિવરાત્રિ (૨૬ ફેબ્રુઆરી) સુધી ચાલશે. આ 'મહાકુંભ'માં દેશવિદેશથી અંદાજે ૪૫ કરોડ લોકો આવવાની આશા છે.

'મહાકુંભ' મેળો માત્ર શ્રદ્ધા અને આસ્થાની દૃષ્ટિએ જ નહિ, પરંતુ આયોજન, સુવિધા, સગવડની દૃષ્ટિએ વિશ્વ માટે દૃષ્ટાંતરૂપ બની રહેશે.

ગંગા, યમુના અને સરસ્વતી નદીના ત્રિવેણી સંગમ ખાતે આયોજિત મહાકુંભ મેળા માટે ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથની સરકારે ભવ્ય વ્યવસ્થા કરી છે. મહાકુંભ માટે 'કુંભનગર' નામનો કામચલાઉ જિલ્લો જ ઊભો કરાયો છે.

મહાકુંભની શરૂઆત સામાન્ય રીતે સાધુ-સંતો અને નાગા બાવાના વિવિધ અખાડાના શાહી સ્નાનથી થાય છે.

મહાકુંભના આયોજનમાં સેંકડો કિલોમીટરના વિસ્તારને આવરી લેવાયો છે. આ ક્ષેત્રમાં હૉટેલો, તંબૂઓ, આશ્રમો, ધર્મશાળાઓમાં શ્રદ્ધાળુઓના ઉતારાની વ્યવસ્થા કરાઇ છે. વાહનો ઊભા રાખવાની પણ ખાસ વ્યવસ્થા કરાઇ છે. મંદિરો, ઘાટ, કોરિડોર, પુલ, રસ્તા, અંડરપાસને ભીંતચિત્રોથી શણગારાયા છે.

ઉત્તર પ્રદેશ સરકારે 'કુંભ સહાયક' ચેટબોટ વિકસાવ્યું છે, જે ગુજરાતી, બંગાળી સહિતની દસથી વધુ ભાષામાં મહાકુંભને લગતી માહિતી આપશે.

કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે મોટી સંખ્યામાં પોલીસ, અર્ધલશ્કરી દળના જવાનો ગોઠવાયા છે. ગુમ થયેલા લોકો કે માલસામાન શોધી કાઢવા માટે ખાસ પોલીસ ચોકી ઊભી કરાઇ છે.

સીસીટીવી કૅમેરા આ મેળામાં ભાગ લેવા આવનારા લોકોની ગણતરી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (કૃત્રિમ બુદ્ધિમત્તા)ની મદદથી કરશે અને નજર રખાશે.

ડૉક્ટરો, એમ્બ્યુલન્સ સાથેની મેડિકલ ટીમ પણ ૨૪ કલાક ઉપલબ્ધ રહેશે.

આગ જેવી દુર્ઘટના ન બને તે માટે ખાસ તકેદારી રખાઇ છે. કોઇ પણ દુર્ઘટનાનો સામનો કરવા માટે અગ્નિશામક દળના જવાનો મોટી સંખ્યામાં તૈયાર રખાયા છે.

મહાકુંભના બીજા દિવસે એટલે કે ૧૪ જાન્યુઆરીએ (મકરસંક્રાંતિ -ઉતરાણ)ના દિવસે પ્રથમ 'અમૃત સ્નાન', મૌની અમાસ એટલે કે ૨૯ જાન્યુઆરીએ બીજું 'અમૃત સ્નાન', વસંત પંચમી એટલે કે ત્રણ ફેબ્રુઆરીએ ત્રીજું 'અમૃત સ્નાન', માઘ પૂર્ણિમા એટલે કે ૧૨ ફેબ્રુઆરીએ 'કલ્પવાસનું સ્નાન' કરાશે, જ્યારે મહાશિવરાત્રિ એટલે કે ૨૬ ફેબ્રુઆરીએ

(જુઓ પાનું ૨) ▸▸

## યમનમાં ગૅસ સ્ટેશનમાં ધડાકો થતાં ૧૫નાં મોત

કેરો : મધ્ય યમનમાં ગૅસ સ્ટેશનમાં ધડાકો થતાં અને પ્રચંડ આગ લાગતાં ઓછામાં ઓછા ૧૫ જણના મરણ થયા હતા એવી માહિતી હેલ્થ ઓફિસરે રવિવારે આપી હતી. બાયદાના પ્રાંતના ઝાહેર જિલ્લામાં બળવાખોર હૂથી દ્વારા સંચાલિત આરોગ્ય મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું હતું કે ઓછામાં

(જુઓ પાનું ૨) ▸▸

## યુવાનો દેશને વિકસિત બનાવશેઃ મોદી



**વિકસિત ભારત, યુવા ભારતઃ** સ્વામી વિવેકાનંદની જન્મજયંતી નિમિત્તે યોજાઇ રહેલા રાષ્ટ્રીય યુવા દિને આયોજિત પ્રદર્શનમાં યુવાનોની નવી શોધનું નિરીક્ષણ કરી રહેલા નરેન્દ્ર મોદી. (પીટીઆઇ)

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અહીં રવિવારે રાષ્ટ્રીય યુવા દિન નિમિત્તે યોજાયેલા 'વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલૉગ'ને સંબોધતા જણાવ્યું હતું કે મને વિશ્વાસ છે કે ભારતનું યુવાધન દેશને વિકસિત રાષ્ટ્ર બનાવશે.

તેમણે જણાવ્યું હતું કે દુનિયાની કોઇ પણ તાકાત ભારતને વિકસિત રાષ્ટ્ર બનતા રોકી નહિ શકે. ભારત પાસે મોટી સંખ્યામાં યુવાધન છે અને તેનામાં વિપુલ શક્તિ રહેલી છે. મોદીએ દાવો કર્યો હતો કે ભારત વિવિધ ક્ષેત્રે નિર્ધારિત સમય કરતાં વહેલા લક્ષ્યાંક પૂરા કરી રહ્યું છે. ભારતે ૨૦૩૦

(જુઓ પાનું ૨) ▸▸

## ભારતીય મહિલા ટીમનો ૩૭૦ રનનો વિક્રમજનક સ્કોર, જેમાઇમાની પ્રથમ સેન્ચુરી

### મુંબઈની સ્ટાર ક્રિકેટરે સેકન્ડ-ફાસ્ટેસ્ટ સદી સાથે વન-ડેમાં ૧,૦૦૦ રન પણ પૂરા કર્યા



રાજકોટઃ ભારતીય મહિલા ક્રિકેટ ટીમે અહીં રવિવારે આયરલૅન્ડ સામેની વન-ડેમાં ૫૦ ઓવરમાં પાંચ વિકેટે ૩૭૦ રન બનાવીને પોતાના નવા સ્કોરનો વિક્રમ રચ્યો હતો. અત્યાર સુધી ભારત માટે આયરલૅન્ડ સામેનો જ ૨૦૧૭ની સાલનો સ્કોર (૩૫૮/૨) સર્વોચ્ચ હતો, પણ મુંબઈની જેમાઇમા રૉડ્રિગ્સે (૧૦૨ રન, ૯૧ બૉલ, બાર ફોર)ની સાત વર્ષની આંતરરાષ્ટ્રીય કારકિર્દીની પહેલી જ સેન્ચુરીની મદદથી ટીમ ઇન્ડિયાને રવિવારે

(જુઓ પાનું ૨) ▸▸

## છત્તીસગઢમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં પાંચ નક્સલવાદી ઠાર

### રાજ્યમાં બાર દિવસમાં ૧૪ ઉગ્રતાવાદી મરાયા

બીજાપુરઃ છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં રવિવારે સલામતી દળો સાથેની અથડામણમાં પાંચ નક્સલવાદી ઠાર મરાયા હતા. બસ્તર ક્ષેત્રના પોલીસ ઇન્સ્પેક્ટર જનરલ સુંદરરાજ પી.એ જણાવ્યું હતું કે ઇન્દ્રાવતી રાષ્ટ્રીય ઉદ્યાનમાંના વનવિસ્તારમાં રવિવારે સવારે સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે સામસામો ગોળીબાર શરૂ થયો હતો.

નક્સલવાદીઓ સામેની કાર્યવાહીમાં ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ, સ્પેશ્યલ ટાસ્ક ફોર્સ અને ડિસ્ટ્રિક્ટ ફોર્સે ભાગ લીધો હતો. સલામતી દળો અને નક્સલવાદીઓ વચ્ચે થયેલો ભારે ગોળીબાર બંધ થયો, તે પછી ગણવેશધારી પાંચ નક્સલવાદીના મૃતદેહ મળ્યા હતા. નક્સલવાદીઓની ઓટોમેટિક રાઇફલ અને વિસ્ફોટકો પણ જપ્ત કરાયા હતા. સુરક્ષા દળો વનવિસ્તારમાં છુપાયેલા વધુ નક્સલવાદીઓને શોધી રહ્યા છે. છત્તીસગઢમાં ચાલુ વર્ષે અત્યાર

(જુઓ પાનું ૨) ▸▸

## કૉંગ્રેસે યુવા મતદારોને આકર્ષવા જાહેર કરી યુવા ઉડાન યોજના

નવી દિલ્હી : દિલ્હી વિધાનસભાની પાંચમી ફેબ્રુઆરીએ યોજાનારી ચૂંટણી મુદ્દે રાજકીય પક્ષો સક્રિય થયા છે. જેમાં હવે રાજકીય પક્ષો મતદારોને આકર્ષવા માટે વાયદાઓ કરી રહ્યા છે. જેમાં કૉંગ્રેસે આજે પોતાની ત્રીજી ગેરંટી જાહેર કરી છે. કૉંગ્રેસે આ ગેરંટીને 'યુવા ઉડાન યોજના' નામ આપ્યું છે. જે હેઠળ બેરોજગાર શિક્ષિત યુવક અને યુવતીઓને એક વર્ષની એપ્રેન્ટિસશીપ હેઠળ દર મહિને ૮,૫૦૦ રૂપિયા આપવામાં આવશે. કૉંગ્રેસે યુવાનો આકર્ષવા માટે આ ગેરંટીની જાહેરાત રાજસ્થાનના ભૂતપૂર્વ ડેપ્યુટી સીએમ અને કૉંગ્રેસના વરિષ્ઠ નેતા સચિન પાયલટ દ્વારા કરાવી હતી.

કૉંગ્રેસની યુવાઓને આકર્ષવાની આ યોજનાની જાહેરાત કરતી વખતે સચિન પાયલોટે કહ્યું કે આજે સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ છે. આ પ્રસંગે અમે યુવાનો માટે અમારી ત્રીજી ગેરંટી જાહેર કરવા જઈ રહ્યા છીએ. દેશના યુવાનોની વેદના સમગ્ર દેશમાં અનુભવાય છે અને દિલ્હી પણ તેનાથી અસ્પૃશ્ય નથી. ભાજપ અને આપ બંને યુવાનોની વેદનાને વાચા નથી આપતું. છેલ્લા કેટલાક વર્ષોમાં, દિલ્હીમાં ફક્ત આરોપો અને પ્રતિ-આરોપોનો દોર ચાલ્યો છે અને દિલ્હી અને કેન્દ્ર સરકાર બંને તેમાં સામેલ છે. કોઈને દિલ્હીની પડી નથી.


સચિન પાયલોટે વધુમાં જણાવ્યું હતું કે, કૉંગ્રેસ પોતાના વચનો પૂરા કરવાને પોતાની જવાબદારી માને છે. અમે વિવાદની

(જુઓ પાનું ૨) ▸▸




**પરીક્ષા રદ કરવા માગઃ** બિહારના પટનામાં બિહાર પબ્લિક સર્વિસ કમિશન દ્વારા આયોજિત ૭૦મી કમ્બાઇન્ડ કોમ્પિટિટિવ એક્ઝામિનેશન રદ કરાવવાની માગણીને લઇને સાંસદ પપ્પુ યાદવે કરેલી 'બિહાર બંધ'ની હાકલ દરમિયાન દેખાવ કરી રહેલા 'છાત્ર યુવા શક્તિ'ના વિદ્યાર્થીઓ. (પીટીઆઇ)

## અમેરિકાના લોસ એન્જલસમાં આગ હજુ પણ બેકાબૂ, અત્યાર સુધી ૧૬નાં મોત



**દાવાનળઃ** અમેરિકાના લોસ એન્જલસના મેન્ડવિલે ખાતે વનવિસ્તારમાં લાગેલી આગ ઓલવવા પ્રયાસ કરી રહેલો અગ્નિશામક દળનો જવાન. આ આગથી બચવા હજારો લોકોનું સ્થળાંતર કર્યું છે. આગને લીધે જાનમાલને ભારે હાનિ થઇ છે (એપી / પીટીઆઇ)

લોસ એન્જલસઃ અમેરિકાના લોસ એન્જલસના જંગલમાં લાગેલી આગમાં ઓછામાં ઓછા ૧૬ લોકોનાં મોત થયાં છે. ૧૩ લોકો ગુમ છે. ૫૦૦૦થી વધુ ઇમારતોને નુકસાન થયું છે. અમેરિકાના સૌથી વધુ વસ્તી ધરાવતા કાઉન્ટીમાં લાગેલી ભીષણ આગને કારણે અધિકારીઓએ ચેતવણી આપી છે કે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે. આગને કારણે બધી શાળાઓ બંધ છે અને શહેરના તમામ કાર્યક્રમો રદ કરવામાં આવ્યા છે. લોસ એન્જલસ યુનિફાઇડ સ્કૂલ ડિસ્ટ્રિક્ટમાં પણ વિદ્યાર્થીઓ અને સ્ટાફને ખતરનાક હવાથી બચાવવા માટે ગુરુવાર અને શુક્રવારે શાળાઓ બંધ રાખવામાં આવી હતી. સુપરિન્ટેન્ડેન્ટ અલ્બર્ટો કાર્વાલ્હોએ કહ્યું હતું કે શાળામાં જોખમ ખૂબ વધારે છે અને તે શ્વસનની બીમારી સામે લડી રહેલાં બાળકો માટે ખતરનાક બની શકે છે.

લોસ એન્જલસના પૂર્વ હિસ્સામાં ઇટન કેન્યન અને હાઇલૅન્ડ પાર્કમાં લાગેલી આગને કારણે ઘણી શાળાઓ અને ઘરોને અસર થઈ છે. બે પ્રાથમિક શાળાઓ અને પેલિસેડ્સ ચાર્ટર હાઇ સ્કૂલના ભાગોને નુકસાન થયું હોવાના રિપોર્ટ છે. ઇટનની આગમાં લગભગ ૧૪,૦૦૦ એકર જમીનનો નાશ થયો છે અને ૫૦૦૦થી વધુ ઇમારતોને ભારે નુકસાન થયું છે.

મનોરંજન ઉદ્યોગને પણ આગ, વીજળી ગુલ થવા અને ઝેરી હવાના કારણે ભારે ફટકો પડ્યો છે. જેના કારણે ઘણી ફિલ્મો અને ટીવી શોનાં શૂટિંગ રદ થવા લાગ્યાં

(જુઓ પાનું ૨) ▸▸

## આસામમાં કોલસાની ખાણમાં બચાવ અભિયાન સતત સાતમા દિવસે યથાવત્

### મૃતકોની સંખ્યા વધીને ચાર થઈ

ગુવાહાટીઃ આસામના દીમા હસાઓ જિલ્લામાં કોલસાની ખાણમાં ફસાયેલા કામદારોને શોધવા માટે બચાવ કામગીરી રવિવારે સાતમા દિવસે પણ ચાલુ રહી હતી. અધિકારીઓએ આ માહિતી આપી હતી. રાજ્યના ખાણ અને ખનિજ પ્રધાન કૌશિક રાયે જણાવ્યું હતું કે ખાણમાંથી પાણી કાઢવાનું કામ ચાલી રહ્યું છે અને આશા છે કે આ પ્રક્રિયા ટૂંક સમયમાં અંતિમ તબક્કામાં પહોંચશે. ગુવાહાટીથી લગભગ ૨૫૦ કિમી દૂર ઉમરંગસો વિસ્તારમાં આવેલી કોલસાની ખાણમાં ૬ જાન્યુઆરીએ અચાનક પાણી ભરાઈ ગયા બાદ કુલ નવ કામદારો ફસાયા હતા. આમાંથી અત્યાર સુધીમાં ચાર કામદારોના મૃતદેહ મળી આવ્યા છે. પહેલો મૃતદેહ બુધવારે મળી આવ્યો હતો જ્યારે અન્ય ત્રણ મૃતદેહ શનિવારે બહાર કાઢવામાં આવ્યા હતા. એનડીઆરએફ ટીમના કમાન્ડર રોશન કુમાર સિંહે જણાવ્યું હતું કે જળમગ્ન થઈ ગયેલી ખાણમાંથી પાણી બહાર કાઢવાની પ્રક્રિયા ચાલુ છે અને પાણીનું સ્તર ઘટી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે, 'આજે બચાવ કામગીરીનો સાતમો દિવસ છે અને અત્યાર સુધીમાં ચાર મૃતદેહ મળી આવ્યા છે.' પાણી કાઢવાનું કામ ચાલી રહ્યું છે અને પાણીનું સ્તર ઘટી રહ્યું છે.' નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ), સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એસડીઆરએફ), આર્મી અને નેવીના જવાનો સહિત અનેક એજન્સીઓ આ કામગીરીમાં રોકાયેલા છે અને ડ્રોન તહેનાત કરવામાં આવ્યાં છે. રાયે શનિવારે સ્થળ પર ચાલી રહેલી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું અને કહ્યું હતું કે પાણીના નિકાલનો અંતિમ તબક્કો આગામી ૩૬ કલાકમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. ■

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ટ્રમ્પના માથે દોષિતનું લેબલ લાગે, તેનાથી શું ફરક પડે?

**અમેરિકાના** પ્રમુખપદે ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પની તાજપોશીના ૧૦ દિવસ પહેલાં જ પોર્ન સ્ટાર ડેનિયલ સ્ટોર્મીને મોં બંધ રાખવા માટે નાણાં ચૂકવવાના કેસનો ચુકાદો આવવાનો હતો તેથી આખી દુનિયામાં ભારે ઉત્તેજના હતી. ટ્રમ્પને સજા થશે, જેલમાં જવું પડશે, ટ્રમ્પની તાજપોશી લટકી જશે સહિતના અનેક સવાલો પુછાતા હતા. શુક્રવારે આ કેસનો ચુકાદો આવી ગયો ને સાદી ભાષામાં કહીએ તો ઘીના ઠામમાં ઘી પડી ગયું. ના સાપ મર્યો ના લાઠી તૂટી એવો ચુકાદો આપીને ન્યૂ યૉર્કની મેનહટન કોર્ટે કુલડીમાં ગોળ ભાંગી દીધો.

મેનહટન કોર્ટે સ્ટોર્મીને ચૂપ કરાવવા નાણાં ચૂકવવાના કેસને લગતા ૩૪ આરોપોમાં દોષિત ઠેરવીને સજા ફટકારી, પણ આ અનોખી સજામાં ટ્રમ્પે કોઈ સજા ભોગવવાની નથી કે એક પાઈનો દંડ ચૂકવવાનો નથી. ટ્રમ્પને આપવામાં આવેલી સજા ફક્ત પ્રતીકાત્મક છે. મતલબ કે ટ્રમ્પ ન તો જેલમાં જશે અને ન તો તેમણે કોઈ દંડ ભરવો પડશે.

ન્યૂ યૉર્કની મેનહટન કોર્ટે ટ્રમ્પને જેલમાં મોકલ્યા વિના દોષિત જાહેર કર્યા છે અને કોઈ પણ શરત વિના આ કેસમાંથી છોડી મૂક્યા છે. આ ચુકાદાને કારણે ટ્રમ્પ દોષિત કહેવાશે અને અમેરિકાના ઇતિહાસમાં દોષિત ઠરેલા પ્રથમ રાષ્ટ્રપતિ પણ ગણાશે, પણ તેનાથી ટ્રમ્પને કોઈ ફરક પડતો નથી. ટ્રમ્પ બેશરમ માણસ છે અને તેને આ બધી વાતોથી જરાય ફરક પડતો નથી. તેને સજા ભોગવવાની હોય કે સત્તામાં અડચણ આવે એવું કંઈ હોય તો ફરક પડે, પણ આ કેસમાં ટ્રમ્પે કોઈ સજા ભોગવવાની નથી તેથી ૨૦ જાન્યુઆરીએ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિપદના શપથ લેવા જાય ત્યારે કોઈ પણ ડર વિના શપથ લઈ શકશે. એક રીતે જોઈએ તો ટ્રમ્પ માટે આ મોટી જીત છે.

આપણે અમેરિકા સહિતના દેશોના ન્યાયતંત્રનાં વખાણ કરીએ છીએ અને ભારતમાં ન્યાયતંત્ર સાવ ખાડે ગયું છે એવો બળાપો કાઢીએ છીએ, પણ આ ચુકાદો સાંભળ્યા પછી લાગે કે, કાગડા બધે કાળા છે. ભારત હોય કે અમેરિકા, ન્યાયના નામે નાટક બધે થાય છે. આપણે ત્યાં વધારે થતાં હશે, પણ અમેરિકામાં સાવ થતાં નથી એવું નથી. ટ્રમ્પ સામેનો આખો કેસ જ તેનો પુરાવો છે.

ટ્રમ્પે પોર્ન સ્ટાર ડેનિયન સ્ટોર્મીને નાણાં આપીને ચૂપ કરી એ ઘટના છેક ૨૦૦૬ની છે. ડોનાલ્ડ ટ્રમ્પ એ વખતે રાજકારણમાં આવ્યા નહોતા, પણ અમેરિકાના ટોચના રિયલ એસ્ટેટ બિઝનેસમેન હતા. પોર્ન સ્ટાર સ્ટોર્મી ડેનિયલ્સના નામની એ વખતે ધૂમ હતી. સેક્સ બોમ્બ મનાતી ડેનિયલ સ્ટોર્મીનું ફિગર જોરદાર હતું ને અમેરિકાના યુવાનોમાં બહુ લોકપ્રિય હતી. ડેનિયલ અને ટ્રમ્પ જુલાઈ ૨૦૦૬માં એક ગોલ્ફ ટુર્નામેન્ટ દરમિયાન પહેલી વાર મળ્યાં ત્યારે ડેનિયલ સ્ટોર્મી ૨૭ વર્ષની હતી અને ટ્રમ્પ તેનાથી ૩૩ વર્ષ મોટા એટલે કે ૬૦ વર્ષના હતા. સ્ટોર્મીએ તેના પુસ્તક ‘ફૂલ ડિસ્કલોઝર’માં ટ્રમ્પ સાથેની મુલાકાત અંગે લખ્યું છે કે, પોતે ટ્રમ્પને મળી તેના ચાર મહિના પહેલાં તેની ત્રીજી પત્ની મેલાનિયાએ પુત્ર બેરોનને જન્મ આપ્યો હતો. ટ્રમ્પે પોતાના બોડીગાર્ડ મારફતે સ્ટોર્મીને પોતોના પેન્ટહાઉસમાં ડિનર માટે આમંત્રણ આપ્યું હતું. કોઈ ધનિક યુવતીને સાંજે ડિનર માટે બોલાવે તેનો અર્થ શો થાય એ કહેવાની જરૂર નથી. સ્ટોર્મી પોર્ન બિઝનેસમાં હતી તેથી તેને આ વાત સમજાવવાની જરૂર નહોતી. સ્ટોર્મી ટ્રમ્પને મળવા ગઈ, તેમની સાથે સેક્સ સંબંધ બાંધ્યા અને બંને છૂટાં પડ્યાં. સ્ટોર્મીએ પોતાના પુસ્તકમાં ટ્રમ્પ સાથેના સેક્સ અને ટ્રમ્પના શારીરિક દેખાવ વિશે પણ કૉમેન્ટ કરી છે. સ્ટોર્મીના દાવા પ્રમાણે પેન્ટહાઉસની મુલાકાત પછી બંને વચ્ચે અફેર શરૂ થયું અને નિયમિત રીતે મળીને બંને શરીરસંબંધ બાંધતાં હતાં.

આ અફેર કેટલું ચાલ્યું એ મહત્ત્વનું નથી કેમ કે ટ્રમ્પ રાજકારણમાં નહોતા તેથી કોઈને ફરક નહોતો પડતો, પણ ટ્રમ્પ ૨૦૧૬માં અમેરિકાના પ્રમુખપદની ચૂંટણીમાં ઊભા રહ્યા પછી આ મુદ્દો મહત્ત્વનો બની ગયો. ટ્રમ્પે ૨૦૧૬ની પ્રમુખપદની ચૂંટણી પહેલાં પોતાને નડી શકે એવા બધા લોકોને ચૂપ કરવા માંડ્યા ને તેમાં સ્ટોર્મીને ૧.૩૦ લાખ ડૉલરની ચુકવણી કરી હતી. ટ્રમ્પે પોતાના વકીલ માઈકલ કોહેન મારફતે આ ચુકવણી કરી હતી. કોહેને કોર્ટમાં સ્વીકાર્યું છે કે તેણે ટ્રમ્પ વતી સ્ટોર્મીને ૧.૩૦ લાખ ડૉલર (લગભગ ૧ કરોડ ૭ લાખ રૂપિયા) આપ્યા હતા.

ટ્રમ્પ આ બધું કરીને પ્રમુખ બની ગયા પછી બધું શાંત પડી ગયેલું, પણ અચાનક અમેરિકાના ટોચના અખબાર વૉલ સ્ટ્રીટ જર્નલમાં જાન્યુઆરી ૨૦૧૮માં ટ્રમ્પે સ્ટોર્મીને નાણાં ચૂકવ્યાનો ધડાકો કર્યો તેમાં આ સેક્સ કાંડનું ભૂત ધૂણ્યું. સ્ટોર્મીની કબૂલાતના આધારે ટ્રમ્પ સામે ફોજદારી કેસ દાખલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો અને ટ્રમ્પ ક્રિમિનલ કેસનો સામનો કરનારા પહેલા અમેરિકન પ્રમુખ બન્યા.

ટ્રમ્પ સામેના કેસની વિગતોમાં ઊંડા ઊતરતા નથી, પણ આ કેસને પછી આશ્ચર્યજનક રીતે લંબાવવામાં આવ્યો. ટ્રમ્પના કેસમાં દલીલો પતી ગયેલી હતી તેથી ગયા વર્ષે જુલાઈમાં જ તેમને સજા સંભળાવવાની હતી. ટ્રમ્પને એ વખતે સજા થઈ હોત તો કદાચ ચૂંટણી પર તેની અસર થઈ હોત, પણ જજ વારંવાર સજા મુલતવી રાખતા રહ્યા અને ચૂંટણી પતી જવા દીધી.

ટ્રમ્પે ૬ નવેમ્બરના રોજ પ્રમુખપદની ચૂંટણી જીતી પછી આ કેસનો મતલબ જ નહોતો રહ્યો છતાં ન્યાય સર્વોપરિ હોવાનો દેખાવ કરાતો રહ્યો. છેવટે શપથવિધિના ૧૦ દિવસ પહેલાં ચુકાદો આપવાની જાહેરાત કરાઈ. જજ જુઆન માર્ચેને દાવો કર્યો કે, ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦ જાન્યુઆરીએ પદના શપથ લઈ લે પછી ટ્રમ્પ પ્રમુખને મળતી કાયદાકીય છૂટનો લાભ લઈ શકે છે. યુએસ બંધારણની જોગવાઈ પ્રમાણે પ્રમુખપદે બેઠેલી વ્યક્તિને કોઈ પણ ફોજદારી કેસમાં સજા થઈ શકે નહીં તેથી ટ્રમ્પ પ્રમુખ બને પછી કેસ જ પતી જવાનો હતો. જોકે આ ચુકાદાથી પણ અંતે એ જ થયું છે.

ટ્રમ્પને સજા થઈ હોત તોપણ તેમની પાસે તેની સામે અપીલ કરવાનો વિકલ્પ હતો. એ દરમિયાન પ્રમુખ બની ગયા હોત તો તેમની સામેનો કેસ ઊડી જવાનો હતો. આ સંજોગોમાં જુલાઈમાં જ ચુકાદો આપીને અમેરિકાની પ્રજાને નિર્ણય લેવા દેવો જોઈતો હતો કે, એક દોષિત વ્યક્તિને અમેરિકનો પ્રમુખ તરીકે સ્વીકારે છે કે નહીં? કોર્ટે એવું નહીં કરીને સજા મોકૂફ રાખીને ટ્રમ્પને ફાયદો કરાવી દીધો.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતઋતુ પ્રારંભ),

સોમવાર, તા. ૧૩-૧-૨૦૨૫ વ્રતની પૂર્ણિમા. શાકંભરી પૂર્ણિમા,

- ભારતીય દિનાંક ૨૩, માહે પૌષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, પૌષ સુદ - ૧૫
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે પૌષ, તિથિ સુદ-૧૫
- પારસી શહેનશાહી રોજ ૨જો બેહમન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨જો બેહમન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૮મો જમીઆદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૨મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૪મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- નક્ષત્ર આર્દ્રા સવારે ક. ૧૦-૩૭ સુધી, પછી પુનર્વસુ.
- ચંદ્ર મિથુનમાં મધ્યરાત્રિ પછી ક. ૨૮-૧૮ સુધી (તા. ૧૪મી), પછી કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ), કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા. ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૨, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ • ભરતી : સવારે ક.૧૧-૧૩, રાત્રે ક. ૨૩-૪૦ ઓટઃ બપોરે ક. ૧૬-૪૪, મધ્યરાત્રે ક. ૦૦-૨૦ (તા.૧૩)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ‘ક્રોધી’ નામ સંવત્સર, પૌષ શુક્લ - પૂર્ણિમા. વ્રતની પૂર્ણિમા. શાકંભરી પૂર્ણિમા, પુષ્યાભિષેક યાત્રા, અંબાજીનો પ્રાક્ટોત્સવ, શાકંભરી નવરાત્રિ સમાપ્ત, માઘ સ્નાનારંભ, ભદ્રા સમાપ્તિ સાંજે ક. ૧૬-૨૪ સુધી, લોહરી (કાશ્મીર), ભોગી (દક્ષિણ ભારત) અન્વાધાન. • શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ભગવાન સૂર્યનારાયણનું પૂજન, કુળ દેવી-દેવતા સ્થાનક દર્શન યાત્રા, ગાયત્રી માતાનું પૂજન, ગાયત્રી હવન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, તુલસી પૂજા, વિષ્ણુ સહસ્ત્રનામ સ્ત્રોત્ર વાંચન, પુરુષ સુક્ત, શ્રી સુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, શિવપૂજા, રાહુ દેવતાનું પૂજન, અગરનાં ઔષધીય પ્રયોગો, ચંદ્ર બળ જોઈ સીમંત સંસ્કાર, સર્વશાંતિ ,શાંતિ પૌષ્ટિક પૂજા, મંદિરમાં પાટ અભિષેક પૂજા, ધજા -કળશ-પતાકા ચઢાવવી. બગીચાનાં કામકાજ, નિત્ય થતાં દુકાન, વેપાર, પશુ લે-વેચ, સ્થાવર લેવડ દેવડ, ખેતીવાડીનાં કામકાજ, બી વાવવું.
- આચમનઃચંદ્ર-શનિ ત્રિકોણ કરકસરીયા , સૂર્ય-હર્ષલ ત્રિકોણ સ્વતંત્ર સ્વભાવનાં , ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ આંખોની કાળજી લેવી.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ ત્રિકોણ, સૂર્ય-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ (તા. ૧૪)
- ગ્રહગોચરઃ સૂર્ય-ધનુ, વક્રી મંગળ-કર્ક, બુધ-ધનુ, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- કુંભ, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# ‘ઈસરો’ ઈતિહાસ રચવાથી માત્ર થોડા મીટર જ દૂર

### હેંડશેક માટે નજીક આવ્યા બંને ઉપગ્રહ

નવી દિલ્હીઃ ઈસરોના સ્પેસ ડોકિંગ એક્સપરિમેંટ માટે અંતરિક્ષમાં મોકલવામાં આવેલા બે ઉપગ્રહ હવે માત્ર થોડા મીટર જ દૂર છે. ઈસરોએ આજે કહ્યું કે, એસડીએક્સ ૦૧ (ચેઝર) અને એસડીએક્સ ૦૨ (ટાર્ગેટ) ઉપગ્રહ સારી સ્થિતિમાં છે અને ડોકિંગ માટે નજીક આવી રહ્યા છે. ઇસરોએ જણાવ્યું કે, સ્પેડેક્સ ઉપગ્રહ ૧૫ મીટરના અંતરથી એકબીજાની શાનદાર તસવીરો અને વીડિયો લઇ રહ્યું છે.ઈસરોએ એક્સ પર પોસ્ટમાં લખ્યું, ૧૫ મીટરના અંતરથી અમે બંને એકબીજાને સ્પષ્ટ રીતે જોઈ શકીએ છીએ. હવે અમે ડોકિંગ માટે માત્ર ૫૦ ફૂટ દૂર છીએ. આ મિશનનો હેતુ નાના અંતરિક્ષ યાનનો ઉપયોગ કરીને અંતરિક્ષમાં ડોકિંગનું પ્રદર્શન કરવાનો છે.

ઈસરોએ ૩૦ ડિસેમ્બરે સ્પેસ ડોકિંગ એક્સપરિમેંટ (સ્પેડેક્સ) મિશનને સફળતાપૂર્વક લોન્ચ કર્યું હતું. પીએસએલવી સી૬૦ રોકેટે બે નાના ઉપગ્રહો, એસડીએક્સ ૦૧ (ચેઝર) અને એસડીએક્સ ૦૨ (ટાર્ગેટ) તથા ૨૪ પેલોડને લઇ શ્રીહરિકોટા સ્થિત સતીશ ધવન અંતરિક્ષ કેન્દ્રમાં પ્રથમ લોન્ચપેડથી ઉડાન ભરી હતી. ઉડાનની લગભગ ૧૫ મિનિટ બાદ આશરે ૨૨૦ કિલોગ્રામ વજનવાળા બે નાના અંતરિક્ષ યાને ૪૭૫ કિમી.ની પરિભ્રમણ કક્ષામાં સ્થાપિત કર્યાં હતાં. ઈસરોએ કહ્યું એક જ મિશનના ઉદ્દેશને પૂરા કરવા માટે અનેક રોકેટ લોન્ચ કરવાની જરૂર પડે ત્યારે આ ખૂબ ઉપયોગી છે. સ્પેડેક્સના સફળ પ્રદર્શનથી ભારત અમેરિકા, રશિયા અને ચીન બાદ આ સિદ્ધિ મેળવનારો ચોથો દેશ બની જશે.

સ્પેસ ડોકિંગ એક એવી પ્રક્રિયા છે જેમાં બે અંતરિક્ષ યાન કે સેટેલાઇટ એકબીજાની ખૂબ નજીક આવે છે અને એક સાથે જોડાઈ જાય છે.

# ઉત્તરાખંડમાં બસ ખાઈમાં પડી જતાં પાંચનાં મોત

દેહરાદૂન : ઉત્તરાખંડના પૌડી જિલ્લાના શ્રીનગર વિસ્તારમાં બસ ખાઈમાં પડી જતાં પાંચ જણનાં મરણ થયાં હતાં અને બીજા ૧૭ જણ ઘાયલ થયા હતા.

સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એસડીઆરએફ)ના જણાવ્યા પ્રમાણે દુર્ઘટના ડેલહાઉસીની નજીક ઘટી હતી. બસ અંકુશ ગુમાવીને ૧૦૦ મીટર ઊંડી ખાઈમાં પડી ગઈ હતી. બસમાં ૨૨ ઉતારુઓ હતા. બસ પૌડીથી દહલચાહુરી જઈ રહી હતી. ચાર જણના ઘટનાસ્થળે જ મૃત્યુ થયા હતા અને એકનું પછીથી મરણ થયું હતું.

સ્થાનિક લોકોએ બચાવ કામગીરીમાં મદદ કરી હતી અને ઈજાગ્રસ્તોને પૌડી જિલ્લા હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આઠ જણ ગંભીર હાલતમાં છે અને તેમને શ્રીનગરની હૉસ્પિટલમાં લઈ જવાનું કહેવામાં આવ્યું છે.

પૌડીના જિલ્લા મેજિસ્ટ્રેટ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને તેમની દેખરેખ હેઠળ બચાવ કામગીરી થઈ હતી. મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામીએ બનાવ અંગે ઊંડો શોક જાહેર કર્યો છે અને ઈજાગ્રસ્તો ઝડપથી સાજા થાય એવી પ્રાર્થના કરી છે. (એજન્સી)

# ટ્રમ્પના શપથગ્રહણ સમારોહમાં ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકર રહેશે હાજર

નવી દિલ્હીઃ ડોનલ્ડ ટ્રમ્પ ૨૦ જાન્યુઆરીએ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ તરીકે શપશ લેશે. ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકર આ શપથગ્રહણ સમારોહમાં સામેલ થશે. ટ્રમ્પ અમેરિકાના ૪૭મા રાષ્ટ્રપતિ તરીકે ૨૦ જાન્યુઆરીએ શપથ ગ્રહણ કરશે. ગત વર્ષે નવેમ્બરમાં યોજાયેલી રાષ્ટ્રપ્રમુખની ચૂંટણીમાં ટ્રમ્પને ૩૧૨ ઈલેક્ટોરલ વોટ મળ્યા હતા અને હેરિસને ૨૨૬ ઇલેક્ટોરલ વોટ મળ્યા હતા. ચૂંટણીમાં બહુમત માટે કોઈપણ ઉમેદવારને ૨૭૦ ઈલેક્ટોરલ વોટ જરૂરી છે.

વિદેશ મંત્રાલય મુજબ, વોશિંગ્ટન યાત્રા દરમિયાન જયશંકર અમેરિકામાં આગામી ટ્રમ્પ પ્રશાસનના પ્રતિનિધિઓ સાથે બેઠક કરશે. ટ્રમ્પ-વેંસ શપથ ગ્રહણ સમિતિના નિમંત્રણ પર વિદેશ પ્રધાન એસ. જયશંકર અમેરિકાના ૪૭મા રાષ્ટ્રપ્રમુખ તરીકે ચૂંટાયેલા ડોનાલ્ડ જે ટ્રમ્પના શપથગ્રહણ સમારોહમાં ભારત સરકારનું પ્રતિનિધિત્વ કરશે. યાત્રા દરમિયાન વિદેશ મંત્રી અમેરિકાના ભાવિ પ્રશાસનના પ્રતિનિધિઓ સાથે સમારોહમાં સામેલ થવા આવેલા વિશેષ વ્યક્તિઓ સાથે પણ બેઠક કરશે.

ટ્રમ્પ સરકારમાં આ વખતે ભારતીય મૂળના અનેક લોકો સામેલ થશે. શપથગ્રહણ સમારોહ ૨૦ જાન્યુઆરીએ બપોરે ૧૨ કલાકે શરૂ થશે. તેમાં શપથગ્રહણ, પરેડ અને ઔપચારિક કાર્યક્રમ સામેલ હશે. આ દિવસ માર્ટિન લ્યૂથર કિંગ જુનિયર ડેની સાથે છે. આ દિવસે અમેરિકામાં જાહેર રજા રહેશે. ડોનલ્ડ ટ્રમ્પના શપથગ્રહણ સમારોહમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ, ઇઝરાયલના પીએમ બેંજામિન નેતન્યાહૂ, આર્જેન્ટીનાના રાષ્ટ્રપતિ જેવિયર મિલેઇ સામેલ થઈ શકે છે. ટ્રમ્પના શપથ સમારોહ બાદ યોજાનારી પરેડમાં સામેલ થવા માટે એક ભારતીય ઢોલ બેંડને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે.

આ પરેડ કેપિટલ હિલથી વ્હાઇટ હાઉસ સુધી કાઢવામાં આવશે. જાણકારી મુજબ ટેક્સાસ સ્થિત ભારતીય પારંપરિક ઢોલ બેંડ ગ્રૂપ શિવમ ઢોલ તાશા પાઠક તેમની ધૂન સાથે વોશિંગ્ટનમાં આ કાર્યક્રમ દરમિયાન ભારતની સમૃદ્ધ સંગીત પરંપરાની ઝલક રજૂ કરશે. ટેક્સાસમાં ભારતીય પારંપરિત ઢોલ બેંડ સમૂહ આટલા ભવ્ય મંચ પર પ્રથમ વખત પ્રદર્શન કરશે.

## પહેલા પાનાનું ચાલુ

### મહાકુંભ

મહાકુંભનું સમાપન કરાશે.

પૂર્ણ કુંભમેળો દર બાર વર્ષે પ્રયાગરાજમાં યોજાય છે. આ વખતે બાર પૂર્ણ કુંભ પૂરા થઇ રહ્યા હોવાથી ૧૪૪ વર્ષે ‘મહાકુંભ’ યોજાઇ રહ્યો છે.

પ્રયાગરાજમાં મહાકુંભના પ્રારંભ પહેલાં નાગા બાવાઓ (સાધુઓ)ના વિવિધ અખાડાએ ઊંટ, ઘોડા પર સવારી કરીને નાચતા ગાતા સરઘસ પણ કાઢ્યા હતા. અમુક લોકોએ આગ સાથેના અદ્ભુત કરતબ પણ બતાવ્યા હતા.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના માસિક પ્રવચન ‘મન કી બાત’માં અને પ્રવાસી ભારતીય દિવસના સંમેલનમાં લોકોને ‘મહાકુંભ’ની મુલાકાત લેવા અનુરોધ કર્યો હતો.

ઉત્તર પ્રદેશ સરકારે ‘મહાકુંભ’માં મોટી સંખ્યામાં આવનારા લોકોને ધ્યાનમાં રાખીને સફાઇની ખાસ વ્યવસ્થા કરી છે. સેંકડો મોબાઇલ ટોઇલેટ પણ ગોઠવાયા છે.

નદીના ધસમસતા પ્રવાહમાં ડૂબતા લોકોને બચાવવા માટે ખાસ તરવૈયા તૈયાર રખાયા છે.

રેલવે અને અનેક રાજ્યની એસટી પણ વધારાની ટ્રેનો અને બસો દોડાવી રહ્યા છે.

મેળાના સ્થળે અંદાજે દોઢ લાખ તંબૂ ઊભા કરાયા છે. ૧૪ રોડ ઓવર-બ્રિજ અને ફ્લાયઓવર વિકસાવાયા છે. ૧૨ કિલોમીટરના કામચલાઉ ઘાટ બનાવાયા છે. આઠ કિલોમીટરના રિવરફ્રન્ટ રોડનું નિર્માણ કરાયું છે. ગિરદી પર નજર રાખવા માટે ૨,૭૫૦ કૅમેરા ગોઠવાયા છે. દિવસના ૨૪ કલાક માટેનો નિયંત્રણકક્ષ ઊભો કરાયો છે. પંદર હજાર સફાઇ કર્મચારી સતત સફાઇ કરશે. અઢી હજાર ‘ગંગા દૂત’ને પણ ફરજ પર રખાયા છે.

ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે જણાવ્યું હતું કે અમને મહાકુંભથી રાજ્ય માટે રૂપિયા બે લાખ કરોડનો વેપાર થવાની આશા છે.

પ્રયાગરાજમાં અનેક જાહેરસ્થળે ભીંતચિત્રો દોરાયા છે અને હોર્ડિંગ્સ, એલઇડી સ્ક્રીન મુકાયા છે.

મહાકુંભમાં મોટી સંખ્યામાં આવનારા લોકોને ધ્યાનમાં રાખીને અનેક મોટી કંપનીએ પણ પોતાના ઉત્પાદનો વેચવા અહીં દુકાનો, સ્ટોલ શરૂ કર્યા છે.

### યમનમાં ગેસ

ઓછા ૬૭ જણ ઘાયલ થયા હતા અને આમાંથી ૪૦ની હાલત ગંભીર છે.

મંત્રાલયે કહ્યું હતું કે બચાવ ટીમ ગુમ થયેલાની શોધ ચલાવી રહી છે. એ હજી સ્પષ્ટ થયું નથી કે ધડાકો થવા પાછળનું કારણ શું હતું.

ઓનલાઈનમાં જોવા મળેલા ફૂટેજ પ્રમાણે ભીષણ આગને લીધે આકાશ ધુમાડાથી ઢ કાઈ ગયું હતું અને આગને લીધે વાહનો બળીને ખાખ થઈ ગયાં હતાં

બાયદામાં ઈરાન સમર્થિત હૂથીનો કબજો છે જે એક દાયકાથી આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત સરકારની સાથે લડે છે.

યમનમાં ૨૦૧૪થી આંતરવિગ્રહ ચાલુ છે. ૨૦૧૪માં બળવાખોરોએ રાજધાની સન્ના પર અને ઉત્તરના ભાગમાં કબજો જમાવ્યો હતો. આને લીધે સરકારને દક્ષિણમાં ભાગી જવું પડ્યું હતું. માર્ચ ૨૦૧૫માં સઉદી અરેબિયાના ગઠબંધને અમેરિકના સમર્થનથી યુદ્ધ ચાલુ કર્યું હતું. યુદ્ધમાં દોઢ લાખ નાગરિકો અને લડવૈયાઓ મરણ પામ્યાં છે. (એજન્સી)

### યુવાનો દેશને

સુધીમાં પેટ્રોલમાં ૨૦ ટકા ઇથેલોન ભેળવવાનો લક્ષ્યાંક રાખ્યો છે, પરંતુ તે વહેલો પૂરો થશે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે દેશના વિકાસ માટે સામૂહિક સંયુક્ત પ્રયાસ જરૂરી છે. રાષ્ટ્રની પ્રગતિ માટે દરેક નાગરિકનું યોગદાન આવશ્યક છે. અમેરિકા અને સિંગાપોર જેવાં રાષ્ટ્રોએ ભારે કટોકટીનો સામનો કરીને વિકાસ કર્યો છે. મને વિશ્વાસ છે કે યુવાનો ભારતને ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવશે.

તેમણે જણાવ્યું હતું કે ભારત ભવિષ્યમાં ઑલિમ્પિક્સનું યજમાન બનવાની આશા રાખે છે. સ્વામી વિવેકાનંદને યુવાનોની શક્તિમાં અપાર શ્રદ્ધા હતી. યુવાનો દરેક સમસ્યાનો ઉકેલ શોધવા માટે શક્તિમાન છે.

સ્વામી વિવેકાનંદની જન્મજયંતીને રાષ્ટ્રીય યુવા દિન તરીકે ઊજવવામાં આવે છે.

મોદીએ જણાવ્યું હતું કે અમારી સરકારે છેલ્લાં દસ વર્ષ દરમિયાન આંતરિક માળખાના વિકાસ માટેનો ખર્ચ વધારીને છ ગણો કરી દીધો છે. ભારત વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર ધરાવતું ત્રીજા ક્રમનું રાષ્ટ્ર બનવા આગળ વધી રહ્યું છે. (એજન્સી)

### ભારતીય મહિલા ટીમનો

નવો કીર્તિમાન અપાવ્યો હતો. જેમાઇમાએ વન-ડેમાં ૧,૦૦૦ રન પૂરા કરવાની અનેરી સિદ્ધિ પણ મેળવી છે.

ન્યૂ ઝીલૅન્ડનો આયરલૅન્ડ સામેનો ૪૯૧/૪નો સ્કોર મહિલાઓની વન-ડેમાં સર્વોચ્ચ સ્કોર છે જે તેમણે ૨૦૧૮ની સાલમાં ડબ્લિનમાં નોંધાવ્યો હતો અને આયરિશ ટીમને ૧૪૪ રનમાં આઉટ કરીને મૅચ ૩૪૭ રનથી જીતી લીધી હતી.

જેમાઇમાની સેન્ચુરી ઉપરાંત બીજી ત્રણ બૅટરે હાફ સેન્ચુરી ફટકારી હતી જેને લીધે આયરલૅન્ડની ટીમને ૩૭૧ રનનો તોતિંગ લક્ષ્યાંક આપી શકાયો હતો.

કૅપ્ટન સ્મૃતિ મંધાના (૭૩ રન, ૫૪ બૉલ, બે સિક્સર, દસ ફોર), પ્રતીકા રાવલ (૬૭ રન, ૬૧ બૉલ, એક સિક્સર, આઠ ફોર) અને હર્લીન દેઓલ (૮૯ રન, ૮૪ બૉલ, બાર ફોર)ની ઇનિંગ્સે આયરલૅન્ડની બોલર્સ અને ફીલ્ડર્સને થકવી નાખી હતી.

જેમાઇમા વન-ડેમાં ૧,૦૦૦ રન બનાવનાર ભારતની ૧૧મી બૅટર છે. તેણે ૯૦ બૉલમાં ૧૦૦ રન પૂરા કર્યા હતા અને એ રીતે તે ભારતીય મહિલા ક્રિકેટર્સમાં હરમનપ્રીત કૌર (૨૦૨૪માં સાઉથ આફ્રિકા સામે ૮૯ બૉલમાં સેન્ચુરી) પછીની સેકન્ડ-ફાસ્ટેસ્ટ સેન્ચુરિયન છે.

રવિવારે સ્મૃતિ અને ગયા અઠવાડિયાની પ્રથમ વન-ડેની સ્ટાર ખેલાડી પ્રતીકા રાવલ વચ્ચે ૧૧૪ બૉલમાં ૧૫૬ રનની ભાગીદારી થઈ હતી.

એ જ સ્કોર પર ઉપરાઉપરી સ્મૃતિ અને પ્રતીકાની વિકેટ પડી હતી, પરંતુ ત્યાર બાદ હર્લીન-જેમાઇમા વચ્ચે ત્રીજી વિકેટ માટે ૧૬૮ બૉલમાં ૧૮૩ રનની પાર્ટનરશિપ થઈ હતી.

૨૪ વર્ષની મુંબઈની બૅટર જેમાઇમા રૉડ્રિગ્સે ફેબ્રુઆરી, ૨૦૧૮માં સાઉથ આફ્રિકા સામેની ટી-૨૦ મૅચથી ઇન્ટરનૅશનલ કરીઅર શરૂ કરી હતી. ગઈ કાલ પહેલાં તે કુલ ૧૫૦ આંતરરાષ્ટ્રીય મૅચમાં એક પણ સેન્ચુરી નહોતી ફટકારી શકી. ૮૬ રન તેનો હાઇએસ્ટ સ્કોર હતો, પણ આજે તે પહેલી સેન્ચુરી ફટકારવામાં સફળ થઈ હતી.

### છત્તીસગઢમાં

સુધીમાં વિવિધ અથડામણમાં બાર નક્સલવાદી ઠાર મરાયા હતા.

નારાયણપુર - દાંતેવાડા - બીજાપુર જિલ્લાના સીમાડે આવેલા અબૂઝમાડમાં નક્સલવાદીઓ સામેની ત્રણ દિવસની કાર્યવાહી છઠ્ઠી જાન્યુઆરીએ પૂરી થઇ હતી અને તેમાં બે મહિલા સહિત પાંચ નક્સલવાદી ઠાર મરાયા હતા.

સુકમા જિલ્લામાં સલામતી દળોએ નવ જાન્યુઆરીએ ત્રણ નક્સલવાદી ઠાર મરાયા હતા. છત્તીસગઢમાં ગયા વર્ષે ૨૧૯ નક્સલવાદી ઠાર મરાયા હતા. (એજન્સી)

### કૉંગ્રેસે યુવા મતદારોને

રાજનીતિનો અંત લાવીશું અને રચનાત્મક રાજનીતિ કરીશું. જો કૉંગ્રેસ જીતશે તો અમે ખાસ કરીને યુવાનો પર ધ્યાન કેન્દ્રિત કરીશું. જો અમે સત્તામાં આવીશું તો અમે દિલ્હીમાં શિક્ષિત બેરોજગાર યુવાનોને એક વર્ષની એપ્રેન્ટિસશિપ હેઠળ દર મહિને ૮,૫૦૦ રૂપિયા આપીશું.આ સમય દરમિયાન અમે યુવાનોને તેમના ક્ષેત્રમાં રોજગાર પણ આપીશું. દિલ્હીમાં નામ લેવાની રાજનીતિ જોવા મળી રહી છે અને લોકોને નવા વિકલ્પોની જરૂર છે.

ઇન્ડી ગઠબંધનમાં તિરાડ પર બોલતા, પાયલોટે કહ્યું કે દરેક રાજ્યનું પોતાનું રાજકારણ અને પરિદ્રશ્ય હોય છે. પંજાબમાં, ‘આપ’ અને કૉંગ્રેસ બંને એકબીજા સામે લડ્યા. ઇન્ડી ગઠબંધન મજબૂત છે. દરેક રાજ્ય એકમની પરિસ્થિતિ અલગ હોય છે. લોકસભા ચૂંટણી વચ્ચે લોકશાહી બચાવવા માટે ઇન્ડી ગઠબંધનની રચના કરવામાં આવી હતી.

આ પૂર્વે કૉંગ્રેસે દિલ્હીમાં મહિલા મતદારોને આકર્ષવા માટે પ્યારી દીદી યોજના અને જીવન રક્ષા યોજનાની જાહેરાત કરી છે.

પ્યારી દીદી યોજનામાં કૉંગ્રેસે વચન આપ્યું છે કે જો તે દિલ્હીની ચૂંટણી જીતશે તો દરેક મહિલાને દર મહિને ૨૫૦૦ રૂપિયા આપવામાં આવશે. જ્યારે જીવન રક્ષા યોજના હેઠળ દરેક દિલ્હી નિવાસીને ૨૫ લાખ રૂપિયાનું આરોગ્ય વીમા કવચ આપવામાં આવશે.

દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે કૉંગ્રેસે અત્યાર સુધીમાં ૪૮ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. જ્યારે ૨૨ બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત હજુ બાકી છે. કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી ૧૩ જાન્યુઆરીએ સીલમપુરમાં એક રેલી કરશે અને કૉંગ્રેસના ચૂંટણી પ્રચારની શરૂઆત કરશે.

### લોસ એન્જલસમાં

છે. શહેરમાં ઘણા પ્રીમિયર અને કાર્યક્રમો પણ રદ કરવામાં આવ્યા છે. અધિકારીઓનું કહેવું છે કે પરિસ્થિતિમાં સુધારો જોવા મળે તે પહેલાં આપણે વધુ ભયંકર પરિસ્થિતિઓનો સામનો કરવો પડી શકે છે.

લોસ એન્જલસ કાઉન્ટીના મેડિકલ એક્ઝામિનરની ઑફિસે પુષ્ટિ કરી છે કે જંગલની આગમાં મોતનો આંકડો ૧૬ સુધી પહોંચ્યો છે. એક નિવેદનમાં તેણે કહ્યું હતું કે પાંચ મૃત્યુ પેલિસેડ્સ ફાયરને કારણે થયાં હતાં અને ૧૧ મૃત્યુ ઇટન ફાયરને કારણે થયાં હતાં. ફાયર ફાઇટર્સ ભારે પવનની વચ્ચે આગને કાબૂમાં લેવાનો પ્રયાસ કરી રહ્યાં છે. પેસિફિક કિનારાથી દૂર આર્નોલ્ડ શ્વાર્ઝેનેગર અને અન્ય સેલિબ્રિટીઓનાં ઘર આવેલાં છે તે મેન્ડેવિલે કેન્યનમાં આગને કાબૂમાં લેવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. હેલિકૉપ્ટર વડે પાણી ફેંકવામાં આવી રહ્યું છે.

એક નિવેદનમાં કેલફાયર ઓપરેશન્સ ચીફ ક્રિશ્ચિયન લિટ્ઝે જણાવ્યું હતું કે શનિવારે તેઓનું મુખ્ય ધ્યાન ઘાટી વિસ્તારમાં લાગેલી પેલિસેડ્સ ફાયર પર રહેશે, જે યુસીએલએ કેમ્પસથી દૂર નથી. કાઉન્ટી સુપરવાઇઝર લિન્ડસે હોર્વાથે જણાવ્યું હતું કે લોસ એન્જલસ વિસ્તારમાં ‘અકલ્પનીય આતંક’ની બીજી રાત હતી. અહી પવનના કારણે આગ વધુ વિકરાળ બની રહી છે. હવામાન વિભાગના મતે વધુ ઝડપી પવનો ફાયર ફાઇટર્સ માટે અભિશાપ બની રહ્યા છે. જેના કારણે ઇન્ટરસ્ટેટ ૪૦૫ની પાસ હોલિવૂડ હિલ્સ અને સેન ફર્નાન્ડો વેલીના ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં આગ લાગવાનો ખતરો છે. લોસ એન્જલસના મેયર કરેન બાસે જણાવ્યું હતું કે શહેરમાં અનેક નાની-નાની આગને કાબૂમાં લેવામાં આવી છે.

# સૌરાષ્ટ્ર-કચ્છમાં ૨૪ કલાકમાં તાપમાન છ ડિગ્રી ગગડ્યુંઃ ગાત્રો થીજવતી ઠંડીથી લોકોની હાલત કફોડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ફરી એક વખત ગાત્રો થીજવતી ઠંડી લોકોને ધ્રુજાવી રહી છે. છેલ્લા બેથી ત્રણ દિવસના ઠંડીમાં વિરામ બાદ ફરી એક વખત ઠંડીનું જોર વધ્યું છે. રાજ્યના વિવિધ જિલ્લાઓનું લઘુતમ તાપમાન ૨થી ૬ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટતા ઠંડીના કારણે લોકોની હાલત કફોડી બની છે. હજુ પણ આગામી બેથી ત્રણ દિવસ ઠંડીનું જોર યથાવત્ રહેવાની શક્યતાઓ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત પર આવતા પવનોની દિશા બદલાતા ફરી એક વખત ઠંડીનું જોર વધ્યું છે જે ઉત્તરાયણ સુધી યથાવત્ રહેવાની સંભાવના છે.

હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતમાં લઘુતમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર કચ્છના કેટલાક જિલ્લાઓમાં ફક્ત ૨૪ જ કલાકમાં લઘુતમ તાપમાનમાં પાંચથી છ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો આવ્યો છે જેથી વાતાવરણમાં એકાએક ઠંડક પ્રસરી છે. આ ઉપરાંત ઉત્તર મધ્ય અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં પણ લઘુતમ તાપમાનમાં બેથી ચાર ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો આવ્યો છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરો પૂર્ણ થતા ફરી એક વખત લઘુતમ તાપમાન ગગડ્યું છે. આ ઉપરાંત હાલમાં ગુજરાત ઉપર ઉત્તર તથા ઉત્તર પૂર્વ દિશા તરફથી હિમવર્ષા થયા બાદના ઠંડા બર્ફીલા પવનો ગુજરાત તરફ આવી રહ્યા છે, જેથી તાપમાનમાં ઘટાડો આવી રહ્યો છે.

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી ઓછું ૫.૬ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નલિયામાં નોંધાયું હતું. મહત્ત્વનું છે કે, નલિયામાં ફક્ત ૨૪ જ કલાકમાં લઘુતમ તાપમાનમાં છ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો છે. આ ઉપરાંત રાજકોટમાં પણ ૨૪ કલાકમાં છ ડિગ્રી સેલ્સિયસ તાપમાન ઘટીને ગતરાત્રિએ ૧૦.૪ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત અમરેલી અને પોરબંદરમાં ૧૧ ડિગ્રી સેલ્સિયસ કરતાં ઓછું લઘુતમ તાપમાન નોંધાયું હતું, જ્યારે રાજ્યનાં અન્ય ત્રણ મહાનગરોમાં પણ લઘુતમ તાપમાનમાં ત્રણ ડિગ્રી સેલ્સિયસ સુધીનો ઘટાડો નોંધાયો છે. અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૩.૯ ડિગ્રી સેલ્સિયસ, વડોદરામાં ૧૪.૮ ડિગ્રી સેલ્સિયસ અને સુરતમાં ૧૭.૧ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. ■

# રાજ્ય સરકાર ₹ ૨,૪૨૫ પ્રતિ ક્વિન્ટલના ભાવે ઘઉંની ખરીદી કરશેઃ ખેડૂતો માટે ઓનલાઈન નોંધણી શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ખેડૂતોને તેમની ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. રાજ્ય સરકાર રૂ. ૨,૪૨૫/- પ્રતિ ક્વિન્ટલ ઘઉંની ખરીદી કરશે. રવી માર્કેટિંગ સિઝન ૨૦૨૫-૨૬માં ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ. મારફતે ઘઉંની ખરીદી કરવામાં આવશે. લઘુતમ ટેકાના ભાવે ઘઉંના વેચાણ કરવા ઇચ્છા ધરાવતા ખેડૂતોની ઓનલાઇન નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ વીસીઈ મારફતે ૦૧/૦૧/૨૦૨૫થી કરવામાં આવી છે. તે મુજબ નોંધણી કરાવવા તમામ ખેડૂતોને અપીલ કરવામાં આવી હતી. જેમાં ડોક્યુમેન્ટ્સ નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમૂનો ૭/૧૨, ૮/અ ની નકલ જોડવી જરૂરી છે. ગામ નમૂના ૧૨માં પાક વાવણી અંગે એન્ટ્રી ના થઇ હોય તો પાકની વાવણી અંગેનો તલાટીના સહી સિક્કા સાથેનો દાખલો, ખેડૂતના નામના બેન્ક ખાતાની વિગત જેમ કે બૅન્ક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે.

રાજ્યના ખેડૂતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઇચ્છુક હોય તો તેઓની ઓનલાઇન નોંધણી ફરજિયાત હોવાથી આ માટે સંબંધિત ગ્રામપંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવા ખાસ અનુરોધ કરવામાં આવ્યો હતો. ટેકાના ભાવે ખરીદી માટે રજિસ્ટ્રેશન કરાવેલા ખેડૂતોને એસએમએસ મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ/ ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. ખેડૂત ખાતેદારોના બાયોમેટ્રિક ઑર્થેન્ટિકેશન દ્વારા જ જથ્થો ખરીદી કરવામાં આવશે. ■

# મોંઘવારીથી લોકોની હાલત કફોડી, પતંગ બજારમાં મંદીઃ દોરાના ભાવ ૧૫ ટકા વધ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સૌથી લોકપ્રિય તહેવાર ઉત્તરાયણને માત્ર એક દિવસ બાકી છે, પરંતુ પતંગ બજારમાં અપેક્ષિત ધમધમાટ જોવા મળી રહ્યો નથી. જીવન જરૂરી ચીજોના ભાવ આસમાને પહોંચ્યા છે ત્યારે લોકોએ પતંગ અને દોરીની ખરીદી ઘટાડી છે. વેપારીઓના જણાવ્યા મુજબ, છેલ્લા કેટલાક વર્ષોથી હીરા ઉદ્યોગમાં મંદીની અસર સિઝનલ ધંધા પર પણ જોવા મળી રહી છે. વળી આ વર્ષે માલની અછત અને મજૂરી ખર્ચમાં વધારાને કારણે પતંગોના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. ખાસ કરીને બરેલી, ખંભાત, જયપુર અને નડિયાદના પતંગની માગ વધુ જોવા મળી રહી છે. દોરાના ભાવમાં ૧૦-૧૫ ટકાનો વધારો થયો છે, જેના કારણે ગ્રાહકોનું બજેટ ખોરવાયું છે.

પાંચ વર્ષ પહેલાં જે ઉત્તરાયણ ૫૦૦-૭૦૦ રૂપિયામાં ઉજવાતી હતી, તે આજે ૧૫૦૦-૨૦૦૦ રૂપિયાનો ખર્ચ થાય છે.

પતંગ રસિયાઓને પણ મોંઘવારી નડી છે. અસહ્ય મોંઘવારીના કારણે હવે ૧૦૦૦ રૂપિયાથી ઓછી કિંમતમાં તહેવાર ઉજવવો મુશ્કેલ બન્યો છે.

ચાઇનીઝ દોરી પર સરકારના કડક નિયંત્રણોને કારણે સલામત ઉત્તરાયણની આશા છે. જોકે, માલની ઓછી આવક અને વધતા ભાવોએ સામાન્ય પરિવારોની ખરીદશક્તિ પર અસર કરી છે. ■

# અમદાવાદમાં પતંગની દોરીથી ઘાયલ થતાં પક્ષીઓને બચાવવા ૮૭ એમ્બ્યુલન્સ તહેનાત રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તરાયણના તહેવારમાં પતંગ રસિયાઓની પતંગ ચગાવવાની મજા અબોલ પક્ષીઓ માટે મોતની સજા બની જાય છે. ઉત્તરાયણ દરમિયાન પતંગની દોરીથી અનેક અબોલ જીવો મોતને ભેટે છે. ઉત્તરાયણમાં પતંગની દોરીથી ઘાયલ થતાં પક્ષીઓમાં સૌથી વધુ કબૂતર, સમડી, કાબર, મેના, કોયલ જેવાં પક્ષીઓ હોય છે. ઉત્તરાયણમાં ઘાયલ થતાં પક્ષીઓ રાજ્ય સરકારની કરુણા હેલ્પલાઇન દ્વારા ૧૩ એમ્બ્યુલન્સ દોડાવવામાં આવશે. આ એમ્બ્યુલન્સ પાલડી, વાડજ, સાબરમતી, બાપુનગર સહિત અલગ અલગ જગ્યાએ ગોઠવવામાં આવશે. ઉત્તરાયણમાં કરુણા હેલ્પલાઇન ૧૯૬૨ પર ફોન કરી જે પણ વ્યક્તિ જાણ કરશે તરત દોરીથી ઘાયલ થતાં પક્ષીઓને સારવાર માટે એમ્બ્યુલન્સ પહોંચી જશે.

સામાન્ય દિવસોમાં રાજ્યમાં ૩૭ એમ્બ્યુલન્સ જ હોય છે, પણ ઉત્તરાયણને લઈને વધારાની ૫૦ એમ્બ્યુલન્સ મળી કુલ ૮૭ એમ્બ્યુલન્સ તહેનાત રહેશે. માત્ર રાજ્ય સરકાર દ્વાર જ નહિ આ ઉપરાંત અનેક પક્ષીપ્રેમીઓ અને જીવદયા પ્રેમીઓ ઉત્તરાયણમાં પક્ષી બચાવો અભિયાનમાં જોડાઈ જાય છે. અલગ અલગ જગ્યાએ ૫૦થી વધુ વેટેનરી ડૉક્ટર્સની ટીમ પણ પક્ષીઓની સારવારમાં લાગી જાય છે.

સૌથી મહત્ત્વની વાત એ છે કે, ઉત્તરાયણમાં પક્ષી બચાવો અભિયાનમાં માત્ર અમદાવાદ જ નહિ વિદેશથી આવતા ડૉક્ટર્સ પણ પક્ષીઓની સારવારમાં જોડાય છે. જેમાં અમેરિકા, બેલ્જિયમ, બ્રાઝિલ જેવા દેશોમાંથી પણ ડૉક્ટર્સની ટીમ અમદાવાદમાં આવી પહોંચે છે.

શહેરમાં દોરીથી ઘાયલ થતાં પક્ષીઓને બચાવવા માટે અનેક સેવાભાવી સંસ્થાઓ દ્વારા નાના-મોટા સેન્ટરો ઊભાં કરવામાં આવ્યાં છે. આ સેન્ટર પર ઘાયલ પક્ષીઓને સારવાર માટે રીફર કરવામાં આવશે.

ડૉક્ટર્સના મતે મોટા ભાગે સાંજના સમયે ઘાયલ થયેલાં પક્ષીઓનો આંક વધારે હોય છે તે પાછળનું કારણ એ છે કે, પક્ષીઓ પોતાના માળામાંથી ખોરાકની શોધમાં સાંજના સમયે નીકળે છે.

આકાશમાં ઊડતા સમયે પતંગની દોરી કે તુક્કલ ચગાવતા પતંગરસિકોની દોરીથી પક્ષીઓ ઘાયલ થાય છે. ■

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે અકસ્માતની સંભાવના ધરાવતા માર્ગો પર રોડ સેફ્ટી કામગીરી માટે ૧૮૮ કરોડ ફાળવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં માર્ગ સલામતી રોડ સેફ્ટી માટે જનહિતકારી નિર્ણય કર્યો હતો. તેમણે રાજ્યના માર્ગો પરની રોડ સેફ્ટી સંલગ્ન વિવિધ કામગીરી માટે માર્ગ-મકાન વિભાગને ૧૮૮ કરોડનાં કામો હાથ ધરવા મંજૂરી આપી હતી. તેમણે માર્ગો પર અકસ્માતોની સંખ્યા ઘટે અને વાહનચાલકો માટે માર્ગ સલામતી વધે તેવો અભિગમ અપનાવ્યો હતો.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે એવા હયાત માર્ગો જ્યાં વધુ અકસ્માત થવાની સંભાવના હોય ત્યાં જરૂરી સુધારણાની કામગીરી માટે ૧૦૦.૫૩ કરોડ મંજૂર કર્યા હતા. તદનુસાર વળાંક સુધારણા, ક્રેશ બેરિયર, સ્પોટ વાઇડનિંગ તથા રોડ ફર્નિચર વગેરે કામગીરીનાં કુલ ૮૦ કામો ૩૨૮.૭૩ કિલોમીટર લંબાઈના માર્ગો પર હાથ ધરવા માટે આ રકમ ફાળવવામાં આવી હતી.

રાજ્યના માર્ગ મકાન વિભાગ હસ્તકના ફોર લેન અને સિક્સ લેન રોડ પર એન્ટીગ્લેર સિસ્ટમ લગાવવા કુલ ૭૮૬.૪૧ કિલોમીટરની લંબાઈના માર્ગો પર ૭૬ કામો માટે ૮૭.૫૨ કરોડ રૂપિયા ફાળવ્યા હતા. આ નિર્ણયને પરિણામે રાજ્યમાં માર્ગ અકસ્માતોની સંખ્યા નોંધપાત્ર રીતે ઘટશે તેમ જ યાતાયાત વધુ સુરક્ષિત બનશે. ■

# ભાઈઓ માવો ખાઈને પિચકારી મારે તો બહેનો હાથમાં ધોકા લોઃ ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવીની સલાહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ તેમના મત વિસ્તારમાં મહિલાઓ સાથે સંવાદ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, પુરુષોમાં માવા ખાવાનું વ્યસન વધારે છે. જો કોઈ પુરુષો માવા ખાઈને જાહેરમાં પિચકારી મારે અને સોસાયટી ગંદી કરે તો હાથમાં ધોકા લઈ લો તેઓ પિચકારી મારતાં બંધ થઈ જશે. બહેનો હાથમાં લાકડી લઈને બેસે તો કોણ પિચકારી મારશે? તેઓ બિલ્ડિંગની બહાર જ ચૂપચાપ થૂંકીને આવશે. પિચકારી બંધ થશે તો પુરુષો વહેલા ઘર આવતા થશે. માવાની પિચકારીની ગંદકીના કારણે બીમારી પણ ફેલાય છે.

બાળકોમાં મોબાઇલની વધતી લત અંગે હર્ષ સંઘવીએ કહ્યું, મોબાઇલની લતની સમસ્યા દરેક ઘરમાં હશે. નાનું બાળક પણ મોબાઇલ લઈને બેસવાની આદત ધરાવે છે. તમે પૌત્ર-પૌત્રીને કહેતા હશો કે આખો દિવસ મોબાઇલમાં શું છે, તમારે પણ બદલાવાની જરૂર છે. બાળકોને બિલ્ડિંગમાં નીચે રમતના મેદાનમાં લઈ જશો તો તેમનામાં પણ બદલાવ આવશે. રમતના મેદાનમાં લઈ જવાથી મોબાઇલની લત પણ છૂટશે.

તેમણે ઉમેર્યું હતું કે, કેટલાક યુવકો પોતાનું નામ બદલી દીકરીને પ્રેમજાળમાં ફસાવીને એ દીકરીની જિંદગી નર્ક બનાવવાની કોશિશ કરે છે. એ વખતે દીકરીના પરિવારની ટીકા ન કરતાં પહેલાં દીકરીના સહયોગમાં ઊભા રહેવાની જરૂર છે. જો કોઈ સમાજની દીકરીને ફસાવે તો સમાજની બહેનોએ પરિવાર સાથે ઊભા રહીને દીકરીને ન્યાય આપવો જોઈએ. કોઈ દીકરી સાથે અનિચ્છનીય ઘટના ઘટી તો તે ઘટનાની ચર્ચા કરી-કરીને પરિવારની હિંમત તોડવાને બદલે દીકરીનો હાથ પકડીને નજીકના પોલીસ સ્ટેશનમાં લઈ જઈને ન્યાય આપવાનું કામ કરવું જોઈએ. ■

# નવસારી મનપામાં વેરા વસૂલાતનો દર ૬૦ ટકાઃ ૧.૪૦ લાખ મિલકતધારકો પાસેથી ૧૪.૮૪ કરોડની વસૂલાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવસારી મહાનગરપાલિકાએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે વેરા વસૂલાતમાં મહત્ત્વપૂર્ણ પ્રગતિ નોંધાવી છે. કુલ ૧.૪૦ લાખ મિલકતધારકો પાસેથી રૂ.૨૪.૬૪ કરોડના વેરા માંગણા સામે ૩૧ ડિસેમ્બર સુધીમાં રૂ.૧૪.૮૪ કરોડની વસૂલાત કરવામાં આવી છે, જે કુલ માંગણાના ૬૦ ટકા જેટલી થાય છે. મહાનગરપાલિકાના ૧૩ વોર્ડમાં ૧.૧૩ લાખ રહેણાંક અને ૨૭ હજાર કોમર્શિયલ મિલકતો આવેલી છે. ગત વર્ષ ૨૦૨૩-૨૪માં પાલિકાએ ૭૨ ટકા વેરા વસૂલાત સાથે રૂા.૨૦ કરોડની આવક નોંધાવી હતી. બાકી વેરાની વસૂલાત માટે દરેક વોર્ડમાં એક એમ કુલ ૧૩ ટીમો બનાવવામાં આવી છે, જેમાં ૬૦ કર્મચારીઓને કામે લગાડવામાં આવ્યા છે.

નવસારી-વિજલપોર નગરપાલિકાને મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ હાલ વેરા વસૂલાતની કામગીરી અસ્થાયી રૂપે બંધ છે. નવો લોગો તૈયાર થયા બાદ આગામી સોમવારથી વસૂલાત કામગીરી પુનઃશરૂ થશે. વેરા અધિકારીના જણાવ્યા મુજબ, જૂના દર મુજબ જ વેરો વસૂલવામાં આવશે અને આગામી નાણાકીય વર્ષથી નવા દર લાગુ થશે. બાકીદારો સામે નોટિસ ફટકારવા ઉપરાંત નળ અને ડ્રેનેજ કનેક્શન કાપવા જેવાં કડક પગલાં લેવામાં આવશે. ■

# ચાઈનીઝ દોરી અને કાચવાળો માંજો વેચવા મુદ્દે સુરતમાં ૫૮ અને વડોદરામાં 30 વેપારીઓ સામે ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈકોર્ટે ઉત્તરાયણમાં વપરાતા ચાઈનીઝ દોરી, તુક્કલ સાથે કાચવાળી દોરીનાં ઉત્પાદન, સંગ્રહ, વેચાણ, ખરીદવા અને વાપરવા પર પ્રતિબંધ ફરમાવતો નિર્દેશ આપ્યા બાદ પોલીસ એક્શનમાં આવી હતી. વડોદરામાં કાચથી પતંગનો દોરો માંજતા ૩૦થી વધુ કારીગરો-વેપારીઓ પાસેથી ૧૦૦ કિલોથી વધુ કાચનો પાઉડર અને ૫૦થી વધુ ફિરકીઓ કબજે કરીને ગુનો દાખલ કરાયો હતો. જ્યારે સુરત પોલીસે છેલ્લા ૨૨ દિવસમાં ૫૯ વેપારી સામે કેસો કરી ૫૮ વ્યક્તિની અટકાયત કરી હતી.

સુરત શહેરમાં છેલ્લા ૨૨ દિવસમાં ચાઈનીઝ દોરી, તુક્કલ, સહિત અન્ય પ્રતિબંધિત વસ્તુઓ વેચાણ કે સંગ્રહ કરનાર વ્યક્તિઓ પર વૉચ રાખીને સ્થાનિક અલગ-અલગ પોલીસ સ્ટેશનમાં મળી કુલ ૫૯ કેસો કરીને ૫૮ વ્યક્તિની અટકાયત કરવામાં આવી હતી. પોલીસ દ્વારા કરવામાં આવેલા આ કેસમાં સૌથી વધુ અમરોલી અને વરાછા પોલીસ સ્ટેશનમાં ૮-૮ કેસો કરવામાં આવ્યા હતા. ચોક બજાર પોલીસ સ્ટેશનમાં ૬ કેસ, કાપોદ્રા અને ખટોદરામાં ૫-૫ કેસો, જ્યારે પુણા, પાલ, જહાંગીરપુરા, ઉત્રાણ અને સિંગણપોરમાં ૨-૨ કેસો મળી કુલ ૨૩ પોલીસ સ્ટેશનમાં ૫૯ કેસો કરવામાં આવ્યા હતા.

વડોદરા પોલીસ કમિશનર દ્વારા મકરસંક્રાંતિના જાહેરનામા અનુસાર અમલવારી કરવા માટે શહેર પોલીસને સૂચના આપવામાં આવી છે.

જે અંતર્ગત શહેર પોલીસે પેટ્રોલિંગ કરીને છેલ્લા એક સપ્તાહમાં પતંગ બજારો અને પતંગની દોરી ઘસતા કારીગરોને ત્યાં તપાસ કરીને ૫ હજારથી વધુ તુક્કલ અને ૬૫ કિલોથી વધુ કાચનો પાઉડર કબજે કર્યો હતો. જેમાં પતંગનો દોરો કાચથી રંગતા ૩૦ કારીગર-વેપારીઓ વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. ■

# વડનગરમાં ૭૨ કરોડના ખર્ચે પ્રેરણા સંકુલનું લોકાર્પણ થશે

## અમિત શાહ ૧૬ જાન્યુ.એ વડા પ્રધાન મોદીની જૂની શાળાના નવા પરિસરનું ઉદ્ઘાટન કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વતન વડનગર ખાતે રૂા. ૭૨ કરોડના ખર્ચે નિર્માણ પામેલા પ્રેરણા સંકુલ પરિસરનું લોકાર્પણ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહના હસ્તે ૧૬ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ કરવામાં આવશે. આ સંકુલ વિશેષ મહત્ત્વ ધરાવે છે કારણ કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમનું પ્રાથમિક શિક્ષણ અહીંની શાળામાં મેળવ્યું હતું. ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ દ્વારા વિકસિત કરાયેલું આ સંકુલ વિશ્વનું પ્રથમ અનુભવાત્મક જ્ઞાન-આધારિત શિક્ષણ કેન્દ્ર છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના મૂલ્ય આધારિત શિક્ષણના સિદ્ધાંતને અનુરૂપ, અહીં દર બેચમાં વિવિધ રાજ્યોના ૧૦ જિલ્લાઓમાંથી ૨૦ વિદ્યાર્થીઓ (૧૦ છોકરાઓ અને ૧૦ છોકરીઓ) તથા ૧૦ ગાર્ડિયન શિક્ષકોને તાલીમ આપવામાં આવે છે.

વર્ષ ૧૮૮૮માં સ્થપાયેલી વર્નાક્યુલર સ્કૂલના એ જ વર્ગખંડોમાં વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવે છે. જ્યાં વડા પ્રધાન મોદીએ શિક્ષણ મેળવ્યું હતું. અહીં પ્રાચીન ભારતીય જ્ઞાન પરંપરા અને રમતોની સાથે ૨૧મી સદીનાં કૌશલ્યો જેવાં કે લેસર કટિંગ, ૩ડી પ્રિન્ટિંગ અને વીએફએક્સ જેવી આધુનિક તકનીકોનું શિક્ષણ આપવામાં આવે છે. અત્યાર સુધીમાં દેશના ૪૧૦ જિલ્લાઓના ૮૨૦ વિદ્યાર્થીઓએ અહીં તાલીમ મેળવી છે. વિદ્યાર્થીઓ વડનગરનાં ઐતિહાસિક સ્થળોની મુલાકાત લઈને સાંસ્કૃતિક વારસાનું જ્ઞાન મેળવે છે. લોકાર્પણ સમારોહમાં અમિત શાહ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે સંવાદ કરશે. આ કાર્યક્રમ ''વસુધૈવ કુટુંબકમ''ની ભાવના અને વિવિધતામાં એકતાના સિદ્ધાંતને મજબૂત કરવાના પ્રધાનમંત્રીના વિઝનને સાકાર કરે છે. ■

## બોગસ આયુષ્યમાન કાર્ડ કૌભાંડ

# ખ્યાતિ હૉસ્પિટલના સીઈઓ ડૉ. ચિરાગ રાજપૂતના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખ્યાતિ હૉસ્પિટલ કાંડમાં સીઈઓ ચિરાગ રાજપૂતના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કરાયા હતા. ક્રાઈમ બ્રાંચે બોગસ આયુષ્યમાન કાઢવાના પ્રકરણમાં ટ્રાન્સફર વૉરંટના આધારે તેની ધરપકડ કરી હતી. ક્રાઇમ બ્રાન્ચ તરફથી રિમાન્ડ મેળવવા દાદ માગી હતી. ક્રાઈમ બ્રાંચે ચિરાગ રાજપૂતની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરી ૧૪ દિવસના રિમાન્ડની માગ કરી હતી. ક્રાઈમ બ્રાંચ તરફથી એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ડૉ.ચિરાગ રાજપૂત આસપાસના ગામના ડૉક્ટરોને લોકોને ખ્યાતિ હૉસ્પિટલમાં મોકલવા કમિશન આપતો હતો. દર્દીઓને આયુષ્યમાન કાર્ડ કાઢી આપનાર નિમેષ ડોડિયા સાથે ચિરાગ રાજપૂતની શું લેવડદેવડ હતી તેની પણ વિગતો મેળવવાની બાકી છે. કાર્તિક પટેલની ભૂમિકા મેળવવા ચિરાગ રાજપૂત પાસેથી અનેક વિગતો મળી શકે તેમ છે. પીએમજેવાય યોજના હેઠળ આરોગ્ય વિભાગના અધિકારીની સંડોવણી વિશે ચિરાગ રાજપૂત માહિતી આપી શકે તેમ છે.

ખોટા આયુષ્યમાન કાર્ડ કઢાવવા કોણ-કોણ સંડોવાયેલા છે? તેના માટે ચલાવવામાં આવતા ટેલિગ્રામ અને વૉટસઅપ ગ્રૂપના એડમિન કોણ હતા? તેની વિગતો પણ મેળવવાની છે.

ક્રાઇમ બ્રાન્ચે એવી દલીલ કરી હતી કે ખ્યાતિના તબીબોએ પદ્ધતિસરના ગુના આચર્યા છે તે સિસ્ટમ સુધી પહોંચવા ચિરાગ રાજપૂતના રિમાન્ડની જરૂર છે. ■

# ગુજરાતની પ્રિ-સ્કૂલોમાં રજિસ્ટ્રેશનની છૂટછાટની ખાતરી બાદ સરકારે કોઈ ઠરાવ નહીં કરતા સંચાલકો મૂંઝવણમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તાજેતરમાં ગુજરાતની પ્રિ સ્કૂલના સંચાલકો દ્વારા સરકાર અને શિક્ષણ વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સરકારે પૉલિસીમાં બદલાવ કરવાની ખાતરી આપી હતી, પરંતુ બેઠકના ૧૦ દિવસ બાદ કોઈ ઠરાવ નહીં કરાતાં સંચાલકો મૂંઝવણમાં મુકાયા હતા. સંચાલકોએ વહેલી તકે ઠરાવ પાસ કરવામાં આવે તેવી માગ કરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાત ઇન્ડિપેન્ડન્ટ પ્રિ.સ્કૂલ ઍસોસિયેશન દ્વારા પ્રિ-સ્કૂલ નોંધણી નિયમોમાં રહેલી વિસંગતતા દૂર કરવા રાજ્ય સરકારમાં વારંવાર રજૂઆતો કરાઈ હતી. પ્રિ-સ્કૂલ સંચાલકોના ત્રણ મુખ્ય મુદ્દાને લઈને રજૂઆત કરાઈ હતી. જેમાં રેસિડેન્સિયલ, કૉમર્શિયલ, એજ્યુકેશનલ બી.યુ. પરમિશન માન્ય રાખવામાં આવે અને બી.યુ. પરમિશન ન હોવાના કિસ્સામાં સ્ટ્રકચરલ સ્ટેબિલિટી સર્ટિફિકેટને પણ માન્ય રાખવામાં આવે તેવી માગણી હતી. આ ઉપરાંત ૧૫ વર્ષના રજિસ્ટર્ડ ભાડા કરારને બદલે સાદો નોટરાઈઝ્ડ ભાડા કરારની મંજૂરી આપવામાં આવે તથા ટ્રસ્ટ, નોન પ્રોફિટ કંપની, સહકારી મંડળીની સાથે સાથે પ્રોપરાઇટર કે ભાગીદારીનો ઓપ્શન પણ પ્રિ-સ્કૂલની નોંધણી માટે હોવો જોઈએનો સમાવેશ કરાયો હતો.

રાજ્ય સરકારે પહેલી જાન્યુઆરીએ પ્રિ સ્કૂલોના સંચાલકોની એક બેઠક બોલાવી હતી. જેમાં સરકાર તરફથી શિક્ષણપ્રધાન કુબેરભાઈ ડિંડોર અને શિક્ષણ વિભાગના અધિકારીઓ તથા પ્રિ-સ્કૂલ ઍસોસિયેશનના હોદ્દેદારો હાજર રહ્યા હતા. આ મીટિંગમાં મુખ્ય ૩ મુદ્દાની સાથે બીજા પણ મુદ્દાઓની મૌખિક ચર્ચા થઈ હતી.

મીટિંગમાં ૧૫ વર્ષના રજિસ્ટર્ડ ભાડાં કરારના બદલે ૫ વર્ષનો નોટરાઈઝ્ડ ભાડાં કરાર માન્ય રાખવાનું નક્કી થયું હતું. ઉપરાંત વર્ગદીઠ રૂા. ૫ હજાર નોંધણી ફીના બદલે સ્કૂલ દીઠ રૂા. ૧૦ હજાર નોંધણી ફી રાખવા માટે પણ સંમતિ સધાઈ હતી. જોકે, સરકાર દ્વારા હજુ સુધી ઠરાવ બહાર પાડ્યો ન હોવાથી સંચાલકો ફરી મૂંઝવણ અનુભવી રહ્યા છે. ■

# અમરેલી લેટરકાંડ મુદ્દે જે થયું તે યોગ્ય નથી, પોલીસે ઉતાવળ કરીઃ સાંસદ રૂપાલા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી લેટરકાંડમાં પાટીદાર સમાજની યુવતી પાયલ ગોટીએ પોલીસ સામે કરેલા આક્ષેપો બાદ કૉંગ્રેસના નેતા દ્વારા અમરેલીમાં ધરણાં કરવામાં આવ્યાં હતાં અને અમરેલી બંધનું એલાન કરાયું હતું. જોકે બંધના એલાનને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. બીજી તરફ સોમવારથી ન્યાય માટે સુરતમાં ધરણાં યોજવામાં આવશે તેવી કૉંગ્રેસના નેતા પરેશ ધાનાણીએ જાહેરાત કરી હતી. બીજી તરફ રાજકોટમાં પતંગોત્સવનું ઉદ્‌ઘાટન કરવા આવેલા ભાજપના સાંસદ રૂપાલાએ કહ્યું હતું કે, અમરેલી લેટરકાંડમાં જે થયું તે યોગ્ય નથી પોલીસે ઉતાવળ કરી છે.

રાજકોટમાં પતંગોત્સવના ઉદ્‌ઘાટન બાદ અમરેલી લેટર કાંડ મુદ્દે રાજકોટના સાંસદ પરસોત્તમ રૂપાલાએ કહ્યું હતું કે, પોલીસે સમગ્ર ઘટનામાં ઘણી ઉતાવળ કરી છે. એસપી દ્વારા કમિટી બનાવવામાં આવી છે, તે યોગ્ય કાર્યવાહી કરશે તેવી આશા છે. કૉંગ્રેસ આ સમગ્ર ઘટનાને અલગ જ દિશામાં લઈ જઈ રહી છે. હાલ નનામો લેટર વાઇરલ કરવાનો રોગ ફેલાયો છે.

આ ઉપરાંત રૂપાલાએ કહ્યું, જે થયું તે યોગ્ય નથી અને આવું ન થવું જોઈએ. પોલીસે ઉતાવળ કરી સરઘસ કાઢ્યું તે ન થવું જોઈએ, અમરેલીની પાટીદાર યુવતીના વિવાદ મુદ્દે કૉંગ્રેસ નેતા દ્વારા ધરવામાં આવેલાં ધરણાંને તેમણે વખોડી કાઢ્યાં હતાં. હાલ નનામો લેટર વાઇરલ કરવાનો રોગ ફેલાયો છે જેની જાણ બધાને છે. પોલીસ યોગ્ય કાર્યવાહી કરશે તેવી આશા છે. અમરેલીમાં જૂથવાદ અંગે તેમણે કહ્યું હતું કે મારું કોઈ જૂથ નથી. ■

# અમદાવાદમાં ૬૨ વર્ષની મહિલાના ૮.૭૮ લાખ રૂપિયા ખંખેરી લીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ડિજિટલ એરેસ્ટના બનાવો સતત વધી રહ્યાં છે. સરકાર અને પોલીસની અનેક પહેલો બાદ પણ લોકો સાયબર ઠગોના સકંજામાં આવી રહ્યા છે. અમદાવાદ શહેરના ચાંદખેડામાં ૬૨ વર્ષની સિનિયર સિટિઝન મહિલાને ટેલિકોમ વિભાગના નામે ફોન કરીને તેમના ફોનનો ઉપયોગ મની લોન્ડરિંગમાં થયો છે તેમ કહીને ૮.૭૮ લાખ રૂપિયા ખંખેરી લીધા હતા. આ મહિલાએ ફરિયાદમાં કહ્યું હતું કે, બીજી જાન્યુઆરીએ તેમના પતિ દિલ્હી ગયા હતા અને તેઓ ઘરે એકલાં હતાં. આ દરમિયાન તેમનાં ફોન પર અજાણ્યા નંબરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે તેમને ટેલિકોમ વિભાગમાંથી બોલું છું અને તમારો નંબર થોડા સમયમાં બંધ થઈ જશે એમ કહ્યું હતું. મહિલાએ કયા કારણથી ફોન બંધ થઈ જશે એમ પૂછતાં સામેવાળાએ કહ્યું હતું કે, જો તમારે વધારે વિગતો જોઈતી હોય તો ૯ નંબર ડાયલ કરો. મહિલાએ ૯ નંબર ડાયલ કરતાં સામેથી એક વ્યક્તિ અંગ્રેજીમાં બોલતો હતો. ત્યાર બાદ એક મહિલા હિન્દીમાં વાત કરવા લાગી હતી. તેણે એક નંબર જણાવી પૂછ્યું હતું કે, આ તમારો નંબર છે એમ કહેતાં મહિલાએ ના પાડી હતી. ■

# રત્નાગિરિમાં સરકારી વકીલ દોઢ લાખની લાંચ લેતાં પકડાયો

થાણેઃ રત્નાગિરિ જિલ્લામાં એક કેસમાં કંપનીને નિર્દોષ જાહેર કરવા માટે દોઢ લાખ રૂપિયાની લાંચ માગવાના આરોપસર એન્ટિ કરપ્શન બ્યુરો (એસીબી)એ વિશેષ સરકારી વકીલની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

એસીબીના અધિકારીઓએ મળેલી ફરિયાદને આધારે ચિપલૂણમાં ગુરુવારે સાંજે છટકું ગોઠવ્યું હતું અને વિશેષ સરકારી વકીલ રાજેશ જાધવને લાંચ લેતાં પકડી પાડ્યો હતો.

એસીબીના જણાવ્યા અનુસાર ખેડ મેજિસ્ટ્રેટ કોર્ટમાં એક કેસમાં કંપની વતી હાજર રહેલા એડવોકેટ એવા ફરિયાદી પાસે પાંચ લાખ રૂપિયાની માગણી કરી હતી. સરકારી વકીલ જાધવે ફરિયાદીની તરફેણ કરવા અને કેસમાં નિર્દોષ જાહેર કરવા માટે લાંચ માગી હતી. જાધવને લાંચનો પહેલો હપ્તો સ્વીકારતાં પકડી પાડવામાં આવ્યો હતો. (પીટીઆઇ)

## એમવીએ અખંડ છે, સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીનાં સમીકરણો અલગ છેઃ અંબાદાસ દાનવે

પુણેઃ શિવસેના (યુબીટી)એ આગામી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીમાં એકલા જ ઊતરશે તેવી જાહેરાત સાથે પક્ષના નેતા અંબાદાસ દાનવેએ રવિવારે જણાવ્યું હતું કે મહા વિકાસ આઘાડી હજી એક છે, પરંતુ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીના સમીકરણો અલગ છે.

પુણેમાં પત્રકારો સાથે વાત કરતા, મહારાષ્ટ્ર વિધાન પરિષદમાં વિરોધ પક્ષના નેતા દાનવેએ આરોપ લગાવ્યો કે શાસક મહાયુતિ એમવીએ તોડવા આતુર છે. ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની પાર્ટીએ શનિવારે જાહેરાત કરી હતી કે તે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ એકલા લડશે. આ પગલાથી વિપક્ષી જૂથની એકતા પર સવાલો ઊભા થયા છે.

શિવસેના (ઉદ્ધવ જૂથ)ના નેતા સંજય રાઉતે રાજકીય જોડાણમાં પક્ષોના કાર્યકરો માટે તકોનો અભાવ અને સંગઠનાત્મક વૃદ્ધિના અધિકારને ટાંકીને એકલા ચૂંટણી લડવાની વાત કરી હતી.

દાનવેએ કહ્યું, શાસક પક્ષો અમારું જોડાણ તોડવા માટે ઉત્સુક છે. પરંતુ તેમની ઈચ્છા પૂરી થશે નહીં.મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથે પક્ષના નેતા આદિત્ય ઠાકરેની મુલાકાત વિશે પૂછવામાં આવતા, તેમણે કહ્યું, લોકોના પ્રશ્નોનું સમાધાન તેમના સ્તરે થતું હોય, તો ચર્ચા કરવા માટે મુખ્ય પ્રધાનને મળવામાં કંઈ ખોટું નથી. દાનવેએ બીડના માસજોગ ગામના સરપંચ સંતોષ દેશમુખની હત્યા કેસને લઈને એનસીપી નેતા અને રાજ્યના મંત્રી ધનંજય મુંડે પર પ્રહારો કર્યા હતા. દાનવેએ એવો પણ દાવો કર્યો કે પીએમ કિસાન સન્માન યોજનાના લાભાર્થીઓની સંખ્યામાં ઘટાડો થયો છે. તેમણે દાવો કર્યો હતો કે પહેલાં, ૧.૨૧ કરોડ ખેડૂતોને પીએમ કિસાન સન્માન યોજના હેઠળ સહાય મળતી હતી. હવે આ સંખ્યા ઘટીને ૮૧ લાખ થઈ ગઈ છે. મહિલાઓ માટેની મુખ્ય મંત્રી મારી લડકી બહેન યોજના સાથે પણ આવું થશે એમ તેમણે કહ્યું હતું.

## સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ માટે ઠાકરે જૂથના સ્વબળના વલણ પાછળ શું કારણ છે?

મુંબઈઃ રાજ્યમાં તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં શરમજનક હાર પછી મહા વિકાસ આઘાડી (એમવીએ)નો શું ફાયદો છે? શિવસેના (યુબીટી)ના કાર્યકરો દ્વારા આ પ્રશ્ન પૂછવામાં આવી રહ્યો છે. આ પછી તેના કાર્યકરોના વધતા દબાણ હેઠળ શિવસેના (યુબીટી)એ ગયા અઠવાડિયામાં બે વખત એવી જાહેરાત કરી છે કે તે તમામ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ પોતાના દમ પર લડશે. આમાં શિવસેના (યુબીટી) માટે પ્રતિષ્ઠિત મુંબઈ મનપાની ચૂંટણીઓનો પણ સમાવેશ થાય છે. વિધાનસભા ચૂંટણીમાં હાર બાદ, પાર્ટીના નેતાઓએ ઉદ્ધવ ઠાકરેને મહા વિકાસ આઘાડી સાથેના સંબંધો તોડીને સ્વ બળે ચૂંટણી લડવાનું વિચારવા કહ્યું હતું. વિધાનસભાના પરિણામોના બે દિવસ પછી યોજાયેલી પાર્ટીની બેઠકમાં મોટાભાગના વિધાનસભ્યોએ ઠાકરેને એમવીએથી અલગ થવાની વિનંતી કરી હતી. આ વિધાનસભ્યો અને નેતાઓએ એવી દલીલ કરી હતી કે મહાવિકાસ આઘાડી છોડવાથી પાયાના કાર્યકરો સાથે સંપર્ક ફરીથી સ્થાપિત કરવામાં મદદ મળશે અને તેમને શિંદે સેનામાં જોડાતા રોકી શકાશે.

શિવસેના ત્રીસ વર્ષથી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન પર સત્તામાં છે. આ નેતાઓ માને છે કે જો આ મહત્વપૂર્ણ ચૂંટણી પહેલા કોંગ્રેસ અને એનસીપી (એસપી)થી અલગ થઈ જાય, તો તે ભાજપ અને શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાને રોકવામાં મદદ કરશે. શિવસેના (યુબીટી)ની જાહેરાત બાદ રાજ્ય કોંગ્રેસે સાવધાનીપૂર્વક પ્રતિક્રિયા આપી છે. કોંગ્રેસે કહ્યું છે કે અમારા કાર્યકરોમાં પણ સ્વતંત્ર રીતે લડવાની ભાવના છે.

સંજય રાઉત પાર્ટીના પ્રમુખ નથી. જો ઉદ્ધવ ઠાકરેએ આ જાહેરાત કરી હોત, તો અમે તેનો જવાબ આપ્યો હોત. એમ મુંબઈ કોંગ્રેસના પ્રમુખ અને લોકસભા સાંસદ વર્ષા ગાયકવાડે જણાવ્યું હતું અને ઉમેર્યું હતું કે, 'અમારું માનવું છે કે આવા નિવેદનો જાહેરમાં ન કરવા જોઈએ અને તેના બદલે, પહેલા વરિષ્ઠ નેતાઓ વચ્ચે ચર્ચા થવી જોઈએ.'

દરમિયાન, મહાવિકાસ આઘાડીમાં સામેલ અન્ય એક ઘટક પક્ષ, એનસીપી (એસપી)એ કહ્યું છે કે તેમનું રાજ્ય નેતૃત્વ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ અંગેના નિર્ણયોમાં દખલ કરતું નથી, અને તેમની જિલ્લા સમિતિઓ નિર્ણય લેશે. એનસીપીના પ્રવક્તા મહેશ તાપસેએ જણાવ્યું હતું કે, 'અમે સ્થાનિક સ્તરે શું થઈ રહ્યું છે તેની માહિતી મેળવી રહ્યા છીએ અને સ્થાનિક નેતાઓને નિર્ણયો લેવા માટે સશક્ત બનાવી રહ્યા છીએ. યુપીએ-૧ અને યુપીએ-૨ દરમિયાન, કોંગ્રેસ અને એનસીપીએ મહારાષ્ટ્રના વિવિધ ભાગોમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અલગથી લડી હતી એ વાત પણ તેમણે યાદ અપાવી હતી.

## ફાયરબ્રિગેડના કાફલામાં ૬૮ મીટર ઊંચાઈના ચાર ટર્ન ટેબલનો સમાવેશ થશે

મુંબઈઃ મુંબઈમાં બહુમાળીય ઈમારતોની સંખ્યા વધવાની સાથે જ આગની દુર્ઘટનાનું પ્રમાણ પણ વધી રહ્યું છે ત્યારે મુંબઈ ફાયરબ્રિગેડે પોતાના કાફલામાં ૬૮ મીટરની ઊંચાઈના ચાર ટર્નટેબલ (વાહન સહિતની સીડી)નો સમાવેશ કરવાનો નિર્ણય લીધો છે. તે માટે મુંબઈ મહાનગરપાલિકાએ ટેન્ડર બહાર પાડયા છે. ફાયરબ્રિગેડના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ અત્યાધુનિક સીડીને કારણે જો બહુમાળીય બિલ્ડિંગમાં આગ લાગી તો રહેવાસીઓને હેમખેમ બહાર કાઢવા માટે આ સીડીનો ઉપયોગ કરવામાં આવશે. લેડર દ્વારા એક જ સમયમાં ત્રણથી ચાર નાગરિકોને બહાર કાઢી શકાશે. હાલ તેની સંખ્યા ઓછી છે. દેશના અન્ય ફાયરબ્રિગેડ સેન્ટરની સામે પાલિકાનું ફાયરબ્રિગેડ અત્યાધુનિક સુવિધાથી સજ્જ છે. ફાયરબ્રિગ્રેડના કાફલામાં ડિજિટલ મોબાઈલ રેડિયો સિસ્ટમ, આગ બુઝાવવા માટે રોબો તેમ જ હાઈડ્રોલિક પ્લેટફોર્મન, આરટીક્યુલેટેડ વોટર ટાવર હૅઝમેટ, ક્વિક રિસ્પોન્સ વેહિકલ તેમ જ આગ જલદી બુઝાવવા માટે અત્યાધુનિક ઓટોમેટેડ લેડર વાહનો છે, તેમાં હવે નવા ટર્નટેબલ લૅડરનો સમાવેશ થશે.

# સંસ્થા સમાચાર

## તંદુરસ્તીમાં દાન સોના જેવું, માંદગીમાં ચાંદી જેવું, મૃત્યુ પછી સીસા જેવું માટે હાથે તે સાથેઃ ધીરગુરુદેવ

### વિરાણી બહેરા-મૂંગા શાળા સંકુલ ઉદ્‌ઘાટન પ્રસંગે ૩.૨૫ કરોડના દાનથી ઉમંગોત્સવ



રાજકોટ ખાતે શ્રી છગનલાલ શામજી વિરાણી બહેરા-મૂંગા શાળા સંકુલનો ઉદ્‌ઘાટન સમારોહ અનુગ્રહપ્રદાતા પૂ. શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં ડુંગર દરબારમાં દેશ-વિદેશના મહેમાનો તથા મહાસતીજીઓની ઉપસ્થિતિમાં અનેરા ઉમંગથી ઉજવાયો હતો. સમારોહ મધ્યે દાનની અપીલ કરતાં રોલેક્ષ રિંગ્સ લિ., જયંતભાઈ કામદાર, વીરચંદ મીઠાલાલ મહેતા, અજયભાઈ શેઠ, મહેશ વાઘર, સી. એસ. વિરાણી વગેરે દાતાઓએ ૩.૨૫ કરોડના દાનની સરવણીથી હર્ષનાદ ગુંજી ઊઠ્યો હતો.

ધારાસભ્ય ડૉ. દર્શિતા શાહ, રમેશભાઈ ટીલારા, મેયર, નયનાબેન પેઢડિયા, ડેપ્યૂટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા તેમ જ અનેક ક્ષેત્રના અગ્રણીઓ હાજર રહ્યા હતા. દિવ્યાંગ મૂક-બધિર બાળકોએ નૃત્ય, પિરામિડ અને પોતાની રજૂઆતથી શ્રોતાઓને પ્રસન્ન કર્યા હતા.

અમેરિકામાં પોડકાસ્ટ કરનાર નીતિન બજાજ, અમુભાઈ ભારદીયા, શશીકાંત બદાણી, અજય શેઠ વગેરેએ દિવ્યાંગોની મહત્તા અને રજનીભાઈ બાવીસીએ સ્વાગત પ્રવચન કરેલ. શૈલેષ વિરાણી,પ્રશાંત વોરા વગેરે તથા સ્ટાફે ખૂબ જ સુંદર કાર્યવાહી કરેલ.

પૂ. ગુરુદેવે જણાવેલ કે - તંદુરસ્તીમાં દાન સોના જેવું, માંદગીમાં ચાંદી જેવું, મૃત્યુ પછી સીસા જેવું છે. માટે હાથે તે સાથે કરવું. દિવ્યાંગોની દીનતા પર તરસ ખાવાની જરૂર નથી. પણ તેઓની દિવ્યતાને જોવાની છે. પેટ બગડે તેવું ખાશો નહિ, મન બગડે તેવું વિચારશો નહિ. જીવન બગડે તેવું આચરશો નહિ. મૃત્યુ બગડે તેવું પાપ કરશો નહીં.

## જેજેસી નોર્થ ઈસ્ટ દ્વારા ૭૦૦થી વધુ આયુષ્યમાન ભારત કાર્ડ બનાવાયા

કેન્દ્ર સરકાર દ્વારા ૭૦ વર્ષથી વધુ ઉંમરના નાગરિકો માટે ચાલી રહેલી આયુષ્યમાન ભારત કાર્ડ યોજના અંતર્ગત જેજેસી નોર્થ ઈસ્ટ દ્વારા ૭૦૦થી વધુ આયુષ્યમાન ભારત કાર્ડ બનાવી આપ્યાં છે અને આ અભિયાન હજુ ચાલુ જ છે. સોમવાર અને મંગળવાર શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ મૂર્તિપૂજક તપગચ્છ સંઘ (દિનેશ ભુવન) ખાતે બપોરના ૧૨થી પાંચ વાગ્યા સુધી આયુષ્યમાન ભારત કાર્ડ બનાવી આપવામાં આવશે, એવામાં જેજેસી દ્વારા આહ્‌વાન કરવામાં આવ્યું છે કે કોઈ પણ સંસ્થા જેમ કે દેરાસર, ઉપાશ્રય અથવા તો અન્ય સંસ્થાઓને વડીલો માટે આયુષ્યમાન ભારત કાર્ડ બનાવવાની ઇચ્છા હોય તો એ ૯૩૨૩૯૨૫૪૨૦ ઉપર કોલ કરીને રમેશભાઈ મોરબિયાનો સંપર્ક કરી શકે છે. જેજેસી ખાસ પ્રશિક્ષિત ટીમ ત્યાં મોકલશે જેથી વડીલોને અગવડ ન પડે કે તેમને બહુ રાહ ન જોવી પડે એ રીતે સહાય કરીને આયુષ્યમાન ભારત કાર્ડ બનાવી આપશે.

# પારસી મરણ

અસ્પી એદલજી રાયટર તે મરહુમો હોમાય તથા એદલજી ડોસાભાઇ રાઇટરના દીકરા. તે મરહુમ ગુલ પરવેઝ પંથકીના ભાઇ. તે તનાઝ, ફરીઝ ને આદીલના મામા. (ઉં. વ. ૭૮) રે. ઠે. બી-૩૦૪, અમૃત નગર, ઇશ્વર નગર વીટાવા, થાણે-૪૦૦૬૦૫. ઉઠમણાંની ક્રિયાઃ તા.૧૪-૧-૨૫ના બપોરે ૩.૪૫ વાગે, ભાભા બંગલી નં-૨, ડુંગરવાડી-મુંબઇ.

## પ્રજાસત્તાક દિનની પરેડમાં સામેલ થવા મહારાષ્ટ્રના ૨૩ મહાનુભાવોને આમંત્રણ

મુંબઈઃ ૭૬મા પ્રજાસત્તાક દિવસે નવી દિલ્હીમાં યોજાનારી પરેડના સાક્ષી બનવા માટે મુંબઈના પાંચ સહિત મહારાષ્ટ્રના ૨૩ લોકોને વિશેષ અતિથિ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા છે. આમંત્રિતો દેશભરના ૧૦,૦૦૦ વિશેષ અતિથિઓમાં સામેલ છે, જેઓ કર્તવ્ય પથ પરની પરેડના સાક્ષી બનશે. મુંબઈના પાંચ વિશેષ અતિથિઓમાં એન્ટોપ હિલના અતુલ હનુમંત જાધવ અને મુંબઈના વસઈ (પશ્ચિમ)ના વૈભવ નીતિન પાટીલને પીએમ યશસ્વી યોજના હેઠળ આમંત્રિત કરવામાં આવ્યા છે. બ્રહ્મદેવ પંડિત (શિલ્પગુરુ અને પદ્મશ્રી) અને અભય બ્રહ્મદેવ પંડિત (રાષ્ટ્રીય પુરસ્કાર), બંને કલાકાર નિવાસ, ભાયંદર (પૂર્વ), મહારાષ્ટ્ર ટેક્સટાઈલ (હેન્ડિક્રાફ્ટ) હેઠળ અને ઉજવલા સદાશિવરાવ પાટીલ, સહાયક કમિશનર, બદલાપુર (પશ્ચિમ) ને મહારાષ્ટ્ર ડબલ્યૂસીડી (હસ્તકલા) હેઠળ આમંત્રિત કરવામાં આવ્યા છે. જીવનના વિવિધ ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા અને સરકાર દ્વારા ઓફર કરાયેલી યોજનાઓનો શ્રેષ્ઠ ઉપયોગ કરનારા ખાસ મહેમાનોને ભારતભરમાંથી આમંત્રિત કરવામાં આવ્યા છે.

## દારૂના નશામાં કાર હંકારીને ૧૦ ટૂ-વ્હિલરને અડફેટમાં લીધા

થાણેઃ થાણે જિલ્લાના કલ્યાણમાં દારૂના નશામાં કાર હંકારીને ડ્રાઇવરે રસ્તાને કિનારે પાર્ક કરાયેલા ૧૦ જેટલી ટૂ-વ્હીલરને અડફેટમાં લીધા હતા. કલ્યાણમાં શુક્રવારે રાતે આ અકસ્માત થયો હતો, જેમાં કોઇને ઇજા થઇ નહોતી. પોલીસે જણાવ્યું હતું કે ડ્રાઇવરની ઓળખ અનિલ તિવારી તરીકે થઇ હતી, જે દારૂના નશામાં કાર હંકારી રહ્યો હતો. ડ્રાઇવરને કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો અને બાદમાં તેને તબીબી તપાસ માટે હોસ્પિટલમાં લઇ જવાયો હતો.

# હિન્દુ મરણ

**ઔદિચ્ય સહસ્ત્ર ગઢીયા બ્રાહ્મણ**

અ. સૌ. મૃદુલાબેન (ઉં. વ. ૯૮) તે સ્વ. મંગળાબેન તથા સ્વ. રવિશંકર મહેતાના પુત્રવધૂ. વિનાયક મહેતાના પત્ની. સ્વ. નિલાબેન તથા સ્વ.બળવંતરાય દવેની પુત્રી. અ. સૌ. ધૃતીબેન નિકુંજ ત્રિવેદી, અ. સૌ. કિન્નરી, થીયરી માર્ટિનના માતા. સ્વ. જયોત્સના, સ્વ. નલીની, રાજેન્દ્ર, કનક, સ્વ. પ્રબોધ, હર્ષા, ચારુના ભાભી. જ્યોતિન, કિશોર, રાજેશ, મંદા સુનીલ રાવલના બહેન. ચિ. વિનય નિકુંજ ત્રિવેદીના નાની તા. ૧૦-૧-૨૫ના શુક્રવારે સ્વર્ગવાસ થયા છે. પ્રાર્થના-લૌકિક વ્યવહાર બંધ છે.

**વૈષ્ણવ વિશા લાડ**

સુરત નિવાસી હાલ મુંબઈ સ્થિત પ્રફુલ્લ રતનલાલ દલાલ (ઉં. વ. ૮૭) તે સુનીલ દલાલ તેમજ સોનલ પરીખના પિતાશ્રી. સ્વયમના દાદા તા. ૧૧-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. સર્વે લૌકિક વ્યવહાર બંધ છે.

**ગોહિલવાડ ઘોઘારી દશા શ્રીમાળી વણીક**

ભુંભલી નિવાસી હાલ ગાંધીનગર, સ્વ. ગુણવંતીબેન કાંતિલાલ મહેતાના સુપુત્ર જયેશ કાંતિલાલ મહેતા (ઉં. વ. ૭૦) તે બીનાબેનના પતિ. ચી. પ્રતિક, મનાંકના પિતા. નિકિતાના સસરા. ચી. હયાનના દાદાજી. તે ધનલક્ષ્મીબેન વસંતરાય કુંવરજી સરવૈયાના જમાઇ. તે ભરતભાઇ મહેતા તથા રેખા મફતલાલ શેઠ અને રશ્મી દિપકભાઇ શાહના ભાઇ. તા. ૧૦-૧-૨૫ના સ્વર્ગવાસી થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

શિહોર નિવાસી સ્વ. વિમળાબેન નાનાલાલ રતનશી પંડ્યાના પુત્ર હસમુખભાઇ (ઉં. વ. ૮૨) તે સ્વ. કંચનબેન પ્રતાપરાય દવે, સ્વ. રસિકલાલ નાનાલાલ પંડ્યા, સ્વ. જશુબેન પ્રવીણચંદ્ર કનાડા, સ્વ. સુધાબેન (જીતુબેન) ધનજી ભટ્ટ, હર્ષાબેન ભાસ્કરરાય જોશી, પ્રિતીબેન ભરતકુમાર ત્રિવેદીના ભાઇ. તે મહુવા નિવાસી (હાલ ઘાટકોપર) સ્વ. રેવાશંકર વેલજી ભટ્ટના ભાણેજ. તા. ૧૦-૧-૨૫ના શુક્રવારના કૈલાસવાસી થયા છે. પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. વીરબાલાબેન (બેબીબેન) સ્વ. કાનજી વાલજી કેશરીયા ગામ (કચ્છ નરેડી) હાલ મુલુંડના સુપુત્ર મહેશ (ઉં. વ. ૬૨) તે જયેશભાઇ અતુલભાઇના મોટાભાઇ. તે સ્વ. હંસરાજ વેલજી આઇયા, (મોથારા)ના ભાણેજ. તે સૌ. ભારતીબેન, આરતીબેનના જેઠ. કરણ, મીતલ, પલકના દાદા. તે હનીષાના દાદા-સસરા. તે દામજીભાઇ, સ્વ. લીલાધરભાઇ, ગં.સ્વ. હેમલતાબેનના ભત્રીજા. તા. ૧૧-૧-૨૫ શનિવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

મુળ વતન પોરબંદર હાલ પરેલ નિવાસી ગં. સ્વ. રમાબહેન પ્રતાપરાય પરસોતમ માનતોરાની દિકરી મીનાબહેન (ઉં.વ.૬૮) તે સ્વ. જનક, વિરેન ને દિનેશ ઉર્મિલા સ્વ. વર્ષા ને રીટાના બહેન તે આતિષના માતુશ્રી. તે પ્રિતી આતીશ ઠક્કરના સાસુમાં તે પ્રિયમના દાદીમા શુક્રવાર તા ૧૦-૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે.

**કચ્છી લોહાણા**

સ્વ. કમળાબેન કરસનદાસ ખટાઉ ધારાણી (રૂપારેલ) ગામ કચ્છ ભુજ હાલ મુલુંડના પૌત્ર અતુલ (ઉં. વ. ૩૯) તા. ૧૧-૧-૨૫ના શનિવારે શ્રીરામશરણ પામેલ છે. તે એશાનાં પતિ. શીવાંશના પપ્પા. કીરણના નાનાભાઇ. સસરા પક્ષ વાડોદર નિવાસી ગં. સ્વ. બીના કિશોર છગનલાલ વોરા હાલ ઘાટકોપરવાળાના જમાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૩-૧-૨૫ના સોમવારે પરમેશ્વરી સેન્ટર, ડી-૨, આશા નગર, મદન મોહન માલવીયા રોડ, મુલુંડ (વેસ્ટ), સાંજે ૫.૩૦થી ૭. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે, ચક્ષુદાન કરેલ છે.

**શ્રી પરજીયા સોની**

ગામ છોડવડી હાલ દહિસર સોની પ્રભુદાસભાઈ લક્ષ્મણભાઈ ધાણક ના સુપુત્ર દિલીપભાઈ (ઉં.વ. ૬૭) તા. ૧૧-૧-૨૫ના શનિવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. નટુભાઈ, સ્વ. જસવંતભાઈ, મહેન્દ્રભાઈ, ભાસ્કરભાઈ, ભરતભાઈ, રાજેશભાઈ, અશ્વિનભાઈ અને પદમાબેન ચંદ્રકાંતભાઈ સલ્લાના ભાઈ, તે પ્રજ્ઞાબેનના પતિ. એકતા, ફાલ્ગુની, દર્શના, આસિતા તથા રવિના પિતાશ્રી છે તે મોવાણવાળા સ્વ.દામજીભાઈ ભુરાભાઈ ધકાણ ના જમાઈ. તેમની પ્રાર્થના સભા સોમવાર તા. ૧૩-૧-૨૫ ને દિવસે ૪:૩૦ થી ૬:૦૦. સ્વામિનારાયણ સંસ્કાર કેન્દ્ર,તન્વી ડાઈમોડા ઇન્ડસ્ટ્રીયલ દહિસર પેટ્રોલ પંપની બાજુમાં,ઇ-૩૦૨, એસ.વી. રોડ, દહિસર (પૂર્વ). મા રાખેલ છે.

**સોરઠિયા બ્રહ્મક્ષત્રિય**

અમરેલીવાળા હાલ મુંબઈસ્વ. ધનલક્ષ્મી અમૃતલાલ છાટબારનાં પુત્ર ભરતકુમાર (ઉં. વ. ૭૧) તા. ૧૧/૧/૨૦૨૫નાં શ્રીજી ચરણ પામેલ છે. તે સ્વ. ચંદ્રિકાબેનનાં પતિ, તુષાર, મેહુલ તથા રિધ્ધિનાં પિતાશ્રી. રમણિકલાલ (બેંગલુરુ), ગં. સ્વ. વિજયાબેન રમણિકભાઈ જોગી, ગં.સ્વ.મંજુલાબેન કિશોરભાઈ જગડ, હેમંત તથા જાગૃતિ ઉદયભાઈ શાહનાં ભાઈ. સ્વ. નારણદાસ મોહનલાલ જોગીના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૩/૧/૨૦૨૫ નાં સોમવારે સાંજે ૫ થી ૭ શંકર એન્ક્લેવ શેડ,અશોકનગર, સ્વયંભૂ ગણપતિ મંદિરની બાજુમાં, કાંદીવલી ઈસ્ટ, લૌકિક વ્યવહાર બંધ છે.

**પરજીયા સોની**

ગં.સ્વ. નિર્મળાબેન હરિલાલ દેવરાજભાઈ સાગર (બગદાણાવાળા), (ઉં. વ. ૮૬) તે રામજીભાઈ નારણભાઈ સલ્લા (ડાણવાળા)ની દિકરી, તે સ્વ. મુળજીભાઈ, ગુણવંતભાઈ, મંજુબેન, દમુબેનના ભાભી, તે રાજેશભાઈ, રમેશભાઈ, મુકેશભાઈ, તથા ભાવનાબેન મનોજકુમાર સતીકુંવરના માતુશ્રી, તે પ્રિતી, દેવેન્દ્ર, ચેતન, મેહુલ, જલ્પા, દિશા, એકતા, જુગલના દાદીમા, ચંદ્રિકાબેન, નયનાબેન, જ્યોતીબેનના સાસુ. તા. ૧૧-૦૧-૨૫ના શનિવારે શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા સોમવાર તા. ૧૩-૦૧-૨૫ના સાંજે ૪ થી ૬ દરમ્યાન રાખેલ છે. સ્થળ- શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, બોરીવલી, લોકમાન્ય તિલક રોડ, ડાયમંડ સિનેમાની સામે, બોરીવલી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૯૨.

**મારૂ રાજપૂત સમાજ**

મૂળગામ દીવ નિવાસી હાલ ગોરેગાંવના સવિતાબેન તથા રણજિતભાઈ નાનજીભાઈ નંદવાણાના પુત્ર રીતેશભાઈ (ઉ.વ.૪૪) તે ૧૧/૧/૨૫ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે ખુશ્બુના પતિ. યુવરાજ તથા ભૂમિકાના પિતા, દેવાંગ તથા મેનકા નિમેષ ગોરના ભાઈ, તે સાસરાપક્ષે આશાબેન ભરતભાઈ માળવીના જમાઈ. તેમની પ્રાર્થનાસભા તા. ૧૩/૧/૨૫ ના રોજ ૩ થી ૫ કલાકે જવાહર હોલ, સીટી સેન્ટર ની સામે, ગોરેગાંવ વેસ્ટ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ ઘાંટવડ. હાલ મુંબઈ (પનવેલ)

# જૈન મરણ

**વાગડ બે ચોવીસી સ્થા. ગુર્જર જૈન**

મૂળ ગામ બાલાસર હાલે દાદર શાંતિલાલ ચુનિલાલ દોશીના ધર્મપત્ની લાડકીબેન (ઉં. વ. ૭૮) શનિવાર તા. ૧૧-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે જયસુખના માતુશ્રી. દર્શનાબેનના સાસુ. સુરભી, સ્મીત, નીત્યના દાદી. ખીમજીભાઇ, કિર્તીભાઇ, ભાઇલાલ, મંજુબેન, ભાગ્યવંતીબેન, હેમલતાબેનના ભાભી. ફતેહગઢના સ્વ. સ્વરૂપચંદ ચત્રભુજ ખંડોરના દીકરી. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૩-૧-૨૫ના કચ્છી જૈન ગુર્જરવાડી, લક્ષ્મીનારાયણ લેન, માટુંગા (સે.રે.) મુંબઇ-૧૯. બપોરના ૩.૩૦થી ૫.

**ઝાલાવાડી દશા શ્રીમાળી શ્વે. મૂ. પૂ. જૈન**

વીંછીયા નિવાસી હાલ મુંબઇ સ્વ. તારામતી અનોપચંદ જગજીવનદાસ અજમેરાના સુપુત્ર દિલીપભાઇ (ઉં. વ. ૬૯) તા. ૧૧-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ક્ષમાબેનના પતિ. કેજલ નંદીશ મહેતા તથા હિમાંશી (સ્વીટુ)ના પિતા. રીશી તથા સીયારા નાનાજી. તે જયેશ-ઇલા, ગીરીશ શાહ-બીના સંજય શાહના ભાઇ. સ્વ. મનસુખલાલ રાજપાલ ટોલીયાના જમાઇ. તે નૈતમભાઇ, સ્વ. અજીતભાઇ, સ્વ. પૂલીતભાઇ, સ્વ. કિરણબેન, સ્વ. મીનાબેનના બનેવી. કિંજલ-મીહીર તથા મીતાલી પ્રતીક શાહના મોટા પપ્પા. પ્રાર્થનાસભા તા. ૧૪-૧-૨૫ના મંગળવાર સવારે ૧૦થી ૧૧.૩૦. ઠે. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડીયા નગર, ઘાટકોપર (ઇસ્ટ).

**જામનગર હાલાર વિશા શ્રીમાળી જૈન**

લતીપુર નિવાસી જયશ્રીબેન મુલચંદ લક્ષ્મીચંદ વોરાના પૌત્રી હાલ બોરીવલી અ. સૌ. જીનલ સિદ્ધાર્થ કક્કા (ઉં. વ. ૨૭) તા. ૧૦-૧-૨૫ શુક્રવારના અવસાન પામેલ છે. પૂનમબેન વિરેનભાઇ મુલચંદની પુત્રી. વૈભવની બહેન. જીલના નણંદ. કિઆરા અને વિકાનાની ફૂઇ. દિવ્યાબેન નીલેશ વોરા, ભાવના રાજેશ રાહા, પારૂલ જગદીશ રાહાની ભત્રીજી. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧૪-૧-૨૫ના બપોરે ૪થી ૫.૩૦. ઠે. વ. સ્થા. જૈન. શ્રા. કરસન લધુ નિસર હોલ, કબૂતરખાનાની બાજુમાં, દાદર (વેસ્ટ).

**શ્રી સુડતાલિસ જ્ઞાતિ જૈન**

બોકરવાડા નિવાસી -હાલ દાદર-મુંબઈ, કમળાબેન ભાઈલાલ શાહ (ઉં.વ.૯૦) તેઓ, વીણા, નીતા, વિજય તથા ભરતનાં માતુશ્રી, કિરીટકુમાર, ચેતનકુમાર, દક્ષા તથા કુંજલનાં સાસુ, આશય, અક્ષત, અંશ તથા આર્યનનાં દાદી, અમી તથા કરનનાં નાની, કુણાલ, સિદ્ધી તથા દિશાનાં દાદી-નાની સાસુ, પિયર પક્ષે સ્વ . ચુનીલાલ લલ્લુભાઈ શાહનાં પુત્રી, તા-૧૧/૧/૨૦૨૫ નાં રોજ અવસાન પામેલ છેય તેમની પ્રાર્થનાસભા તા-૧૩/૧/૨૫નાં રોજ સવારે ૧૦થી ૧૨. સ્થળ -રામજી અંદરજી ની વાડી, બિલ્ડિંગ નં ૩૦૯, સેંટ્રલ, ચંદાવરકર રોડ, બેંકઑફ બરોડા ની બાજુમાં , માટુંગા -ઇસ્ટ મુંબઈ પિયર પક્ષ ની પ્રાર્થના સભા સાથે જ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

ભાદા જાલિયા નિવાસી હાલ બોરીવલી ચંદ્રકાંત હરિલાલ શાહ (ઉં.વ.૭૪) તે સ્વ. પ્રફુલાબેન, ઇલાબેન તથા જયનાબેનના ભાઈ, મહેન્દ્રભાઈ શાહ તથા કિરીટભાઈ દોશીના સાળા, તા.૧૧/૧/૨૫ રોજ સ્વર્ગવાસ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા.૧૩/૧/૨૫ ના રોજ સવારે ૧૦ થી ૧૧.૩૦ કલાકે વર્ધમાન સ્થા જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે, એલ ટી રોડ, બોરીવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

સુલતાનપુર નિવાસી હાલ બોરીવલી સ્વ. રમાબેન મનસુખલાલ ઉદાણીના પુત્રવધુ તથા સ્વ હિરેનભાઈના ધર્મપત્ની દીપાબેન (ઉં.વ.૫૮) તે માનવના માતુશ્રી. સ્વ. કનકબેન, દેવેનભાઈ તથા રીટાબેનના ભાભી. ગં. સ્વ કોકિલાબેન પુરુષોત્તમદાસ પારેખના દીકરી, જસ્મીની ગૌરાંગ શાહ, નિમીષા હિતેન શાહ તથા હેતલના બહેન. ૧૧/૧/૨૫ ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**સ્થાનકવાસી દશા શ્રીમાળી જૈન**

મોટા કોટડા નિવાસી હાલ પુના સૌ. દિના (બબુ) ચંપક રૂપાણી, ઉ.વ. ૬૬, તે ચંપક ગુલાબચંદ રૂપાણીના ધર્મપત્ની. ભાવિકના માતુશ્રી તથા સ્વ. મનહરભાઈ-દિલીપભાઈ, પલ્લવીબેન સંઘાણીના ભાભી. પિયરપક્ષે સ્વ. મગનલાલ રાઘવજી ગાઠાણીના સુપુત્રી, પ્રફુલ્લભાઈ, સ્વ. બિપીનભાઈ, સ્વ. રાજુભાઈ, સ્વ. જયશ્રીબેન કામદાર તેમજ સોનલબેન પુંજાણીના બેન તે તા. ૧૨-૦૧-૨૦૨૫ રવિવારના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ક. વિ. ઓ. જૈન**

નાંગલપુરના જ્યોતિ સાવલા (શાહ) (ઉ.વ. ૫૭) તા. ૮-૧-૨૫ના કચ્છમાં અરિહંત શરણ પામેલ છે. વિમળાબેન પાનાચંદ રતનશી સાવલાના પુત્રવધુ. જયેશના પત્ની. રિધ્ધી, હેમલ, હેતલના માતુશ્રી. હીરબાઇ કપુરચંદના દિકરી. હાલાપરના પાનબાઇ શામજી, બાંભડાઇના રતનબેન માવજી, ભોજાયના જયા કાંતીલાલ, વિંઢાના પ્રેમીલાના બહેન. પ્રાર્થના : શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ દાદર (વેસ્ટ) સંચાલિત શ્રી કરસન લધુભાઇ નિસર હોલ, ૧લે માળે. ટા. ૨ થી ૩.૩૦.

નાના ભાડિયાના અ.સૌ. અમૃતબેન કલ્યાણજી રાંભિયા (ઉ.૭૩) તા. ૯-૧-૨૫ ના રોજ અવસાન પામેલ છે. મમીબાઇ હીરજીના પુત્રવધુ. કલ્યાણજીના પત્ની. કાંડાગરાના ભાણબાઈ લાલજીના પુત્રી. પ્રવિણ, વસંતના બેન. પ્રાર્થનાઃ હાલારી વાડી, દાદા સાહેબ ફાળકે રોડ, દાદર (સે.રે.) ટાઈમ : બપોરે ૩.૩૦ થી ૫.૦૦.

પત્રીના કાંતાબેન પ્રેમજી દેઢીયા (ઉ. વ.૮૪) તા. ૧૧-૧ના અરિહંત શરણ પામ્યા છે. પુરબાઇ ભીમશી મોણશીના પુત્રવધુ. સ્વ. પ્રેમજીના ધર્મપત્ની. લલિત, મીના, હર્ષા, કોડાયના ચંદનના માતા. વાંકીના સાકરબેન/ગંગાબેન ઉમરશી સાવલાના પુત્રી. રમેશ, ધીરજ, કારાઘોઘાના ઇંદીરા જયંતીલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : લલીત દેઢીયા, બી-૨૦૫, જયેશ જ્યોત, ગોમાંતક હોટલની ગલી, સેનાપતિ બાપટ માર્ગ, ડોંબીવલી (ઇ.)

માપર હાલે સાંતાક્રુઝના માતુશ્રી બુધ્ધીબેન પુનશી છાડવા (ઉ. ૯૪) ૧૧-૧-૨૫ના અરિહંત શરણ પામેલ છે. સ્વ. પુનશી વેલજી છાડવાના ધર્મપત્ની. લક્ષ્મીબેન, તલકશી, સ્વ. વસનજી, રતીલાલ અને સ્વ. શાંતીલાલના માતુશ્રી. બાડાના વેલબાઇ દેવજી મેઘજીના પુત્રી. બાયઠના જેતબાઇ હંસરાજ, બાડાના મઠ્ઠાબાઇ કરમશી, ભીંસરાના ખેતબાઇ દામજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. મિતેષ છાડવા, ૭૦૨, મનહર વીલા, જૈન દેરાસર માર્ગ, સાંતાક્રુઝ (વે.).

સ્વ.નરેન્દ્રભાઇ છગ, (ઉ. વ. ૬૨) જે સ્વ. ગુણવંતી બેન ગોરધનદાસ છગ ના પુત્ર તેમજ સંગીતાબેન નરેન્દ્રભાઇ છગના પતિ તથા હેમંત તથા અશ્વિની ના પપ્પા તેમજ કલ્પના બેન (મંજુબેન) કારીયા તથા રાજેશભાઇ અને નીમિષ ભાઈ છગના મોટા ભાઈ તેમજ રાકેશ ગંગદેવ (ઉના ગુજરાત)ના સસરા. તેમજ સ્વ. રતિલાલ સુખલાલ શાહના જમાઇ તારીખ ૧૦/૦૧/૨૫ ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર તા.૧૩/૦૧/૨૫ ના સાંજે ૩ થી ૫ માં રાખેલ છે. પનવેલ મહાજન વાડી રવજી ભીમજી રંગપરિયા માર્ગ મિર્ચી ગલ્લી.

નવમા પાનાનું ચાલુ

### ભાજપના વિજયથી

અસ્થિરતાના રાજકારણનો પણ અંત લાવ્યો હતો જેની શરૂઆત ૧૯૭૮માં થઈ હતી.

ભાજપના કાર્યકર્તાઓને રાજ્યમાં પાર્ટીની પ્રચંડ જીતના અસલી શિલ્પકાર ગણાવતા શાહે કહ્યું કે, ''તમે પંચાયતથી લઈને સંસદ સુધી પાર્ટીની જીત માટે નિમિત્ત છો. તમારે ભાજપને અજેય બનાવવું પડશે જેથી કોઈ ફરીથી તેની સાથે દગો કરવાની હિંમત ન કરે.''

અમિત શાહે એમ પણ જણાવ્યું કે શરદ પવાર મુખ્ય પ્રધાન હતા, અનેક સહકારી સંસ્થાઓના વડા હતા અને કેન્દ્રીય કૃષિ પ્રધાન પણ હતા, પરંતુ તેઓ ખેડૂતોની આત્મહત્યાને રોકી શક્યા નહીં. ફક્ત ભાજપ જ તે કરી શકે છે (ખેડૂતોની આત્મહત્યાને અટકાવી શકે છે). વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ખેડૂતોના કલ્યાણ માટે ઘણી યોજનાઓ ઘડી છે.

મહારાષ્ટ્રમાં ભાજપની જીતને કારણે લાંબા ગાળાની અસરો પડશે તેનો ઉલ્લેખ કરતાં અમિત શાહે કહ્યું હતું કે આ ઐતિહાસિક જીતથી 'ઈન્ડિયા' ગઠબંધનનો આત્મવિશ્વાસ તૂટી ગયો છે.' તેમણે વધુમાં કહ્યું કે આવતા મહિને દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપનો વિજય થશે. (પીટીઆઈ)

### ત્રણ-ચાર મહિનામાં

હતું, જેમાં રાજ્યના ભાજપના તમામ દિગ્ગજ નેતા અને રાજ્યના તમામ કાર્યકર્તા હાજર રહ્યા હતા. મુખ્યત્વે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહની હાજરી પણ રહી હતી. ભાજપનું આ અધિવેશન રાજ્યમાં થનારી આગામી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીની પાર્શ્વભૂમિ પર મહત્ત્વનું માનવામાં આવે છે. આ અધિવેશનના માધ્યમથી ભાજપે આગામી મહાગરપાલિકાની ચૂંટણી માટેનું રણશિંગુ ફૂંક્યું હતું. અધિવેશનમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આગામી ત્રણ-ચાર મહિનામાં થનારી મહાનગરપાલિકાની ચૂંટણી માટે કાર્યકર્તાઓને સજ્જ રહેવાનો આદેશ આપતા કહ્યું હતું કે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણી બાબતે સુપ્રીમ કોર્ટનો નિર્ણય આવશે તેના આગામી ત્રણ-ચાર મહિનામાં ચૂંટણી થશે. અધિવેશનમાં દેવેન્દ્ર ફડણવીસે કાર્યકર્તાઓને સંબોધતા કહ્યું હતું કે પક્ષે વિકાસના કામ કરવાના છે. વિધાનસભાની ચૂંટણીમાં મળેલો મહાવિજય નાગરિકોના જીવનમાં પરિવર્તન લાવવા માટે છે. આપણે પારદર્શી અને પ્રમાણિકતાથી સરકાર ચલાવવાની છે. આગામી ત્રણથી ચાર મહિનામાં એટલે કે સુપ્રીમ કોર્ટનો આદેશ આવ્યા બાદ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સંદર્ભે નિર્ણય લેવાશે. ચૂંટણી માટે અત્યારથી તૈયારીઓ ચાલુ કરવી પડશે. વિધાનસભા બાદ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પણ વિજય મેળવવા માટે કામ લાગી જવું પડશે.

### પરવડી શકે તેવા

તેમના સપનાનું ઘર મળી શકે.'

વિદેશી વાહનોનું ઉત્પાદન થાણેથી જ શરૂ કરવામાં આવશે અને તેનાથી નાગરિકોને નોકરી અને રોજગાર મળશે, એમ જણાવતા શિંદેએ કહ્યું હતું કે થાણે સાચા અર્થમાં બદલાઈ રહ્યું છે. મેટ્રો પ્રોજેક્ટ શહેરમાં ટ્રાફિકની ભીડ ઘટાડવામાં મદદ કરશે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે તેમની સરકારે વિકાસની દિશામાં કામ કર્યું છે અને વિકાસ હંમેશા તેમની સરકારનો એજન્ડા રહ્યો છે.

નોંધનીય છે કે વિન્ટેજ કાર અને વિન્ટેજ બાઇકના શોખીનો માટે થાણેમાં રેમન્ડ કંપની અને સુપર કલબ દ્વારા રવિવારે 'ઑટોફેસ્ટ ૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ફેસ્ટિવલનું ઉદઘાટન નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે દ્વારા કરવામાં આવ્યું હતું.

આ સમયે તેમણે સ્પોર્ટ્સ બાઇક અને રિક્ષા ચલાવવાનો આનંદ માણ્યો હતો અને જૂની યાદોને તાજી કરી હતી. (રાજકીય જીવનમાં આવતા પહેલા શિંદે એક સામાન્ય રિક્ષાચાલક હતા) આ સમયે તેમની સાથે રાજ્યના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઇક અને ઉદ્યોગપતિ ગૌતમ સિંઘાનિયા અને વિન્ટેજ કાર-બાઇકના શોખીનો પણ ઉપસ્થિત હતા.

ગૌતમ સિંઘાનિયાની ઉપસ્થિતિમાં તેમની કંપની રેમન્ડની પ્રશંસા કરતા નાયબ મુખ્ય પ્રધાન શિંદેએ જણાવ્યું હતું કે પૈસાથી બધું જ ખરીદી શકાય છે, પરંતુ વિશ્વાસ અને પ્રામાણિકતા પૈસાથી ખરીદી શકાતી નથી, એ વાત રેમન્ડ ગ્રુપે સાબિત કરી બતાવી છે. કાપડના વ્યવસાયમાં આ સંગઠને સમગ્ર દેશને વિશ્વાસની દોરમાં બાંધી દીધો છે.

આ જૂથ આજે દરેક ક્ષેત્રમાં કામ કરી રહ્યું છે. આ જૂથ શિક્ષણ ક્ષેત્રે પણ કાર્યરત છે અને પચાસ હજારથી વધુ બાળકોને શિક્ષણ આપવાનું કામ કરી રહ્યું છે. નાયબ મુખ્ય પ્રધાન શિંદેએ ઉદ્યોગપતિ ગૌતમ સિંઘાનિયાને અપીલ કરી હતી કે તેમના જૂથે સરકારી શાળાઓને દત્તક લેવી જોઈએ અને ત્યાં શિક્ષણની ગુણવત્તા સુધારવાનો પ્રયાસ કરવો જોઈએ.

### ગેરકાયદે દસ્તાવેજો

અમરાવતી અને માલેગાંવ તાલુકામાં આવા લગભગ ૧૦૦ કેસ નોંધાયા છે. લગભગ ૫૦ વર્ષની વયની આસપાસના ઘણા લોકો ગેરકાયદે દસ્તાવેજો મેળવી રહ્યા છે. મહારાષ્ટ્રમાં એક પણ ઘૂસણખોરને રહેવા દેવામાં આવશે નહીં.'

આગામી કેટલાક મહિનાઓમાં રાજ્યભરમાં યોજાનારી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ તરફ ધ્યાન દોરતા તેમણે કહ્યું હતું કે 'આપણે તૈયાર અને સંગઠિત રહેવું જોઈએ. વડા પ્રધાનના 'એક હૈં તો સલામત હૈં' (એકતા સલામતી સુનિશ્ચિત કરે છે)નો મંત્ર આપણને માર્ગદર્શન આપશે. મુંબઈ, થાણે અને નાગપુર સહિત અનેક નાગરિક સંસ્થાઓની ચૂંટણી ૨૦૨૨ની શરૂઆતથી પેન્ડિંગ છે.

તેમણે જણાવ્યું હતું કે તેમની સરકારે સમાજના તમામ વર્ગોના કલ્યાણ માટે અનેક યોજનાઓ તૈયાર કરી છે. ૨૦૩૦ સુધીમાં મહારાષ્ટ્રની ૫૨ ટકા વીજળી નવીનીકરણીય સ્રોતેમાંથી ઉત્પન્ન થાય એના પર જોર મુકવામાં આવશે.. (પીટીઆઈ)

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ધર્મતેજ

## કશું નથી અકારણ અહીં

મનન
હેમંત વાળા
feedback@bombaysamachar.com



બધું જ વ્યવસ્થિત છે. બધું જ કારણસર છે. બધાની પાછળ કોઈક હેતુ છે. કશું જ અર્થહીન નથી. કશું જ આકસ્મિક નથી અને જો આકસ્મિક હોય તો તે અકસ્માત માટેનાં પણ કારણો છે. કશું જ અનિયંત્રિત નથી, બધું જ નિયંત્રણમાં છે. સમગ્ર સૃષ્ટિમાં એકસૂત્રતા પ્રવર્તે છે. માળામાં પરોવાયેલા મણકાની જેમ બધું જ એક સત્તાને આધારે જ છે. આ સત્તા ક્યારેય અકારણ કશું થવા ન દે.

બધું જ પરસ્પર આધારિત છે. પ્રત્યેક અસ્તિત્વ માટેનાં કારણો છે, પ્રત્યેક ઘટના પાછળ પ્રયોજન છે, પ્રત્યેક પ્રક્રિયા સુનિયોજિત છે, પ્રત્યેક પરિસ્થિતિ નિર્ધારિત છે. પ્રત્યેક હેતુ પરસ્પર સંકળાયેલા છે. પ્રત્યેક પરિણામ પરસ્પર આધારિત છે. અહીં કશાનું આગવું અસ્તિત્વ શક્ય નથી. જે કંઈ ઘટિત થાય છે તે શૃંખલાના એક નાના ઘટક સમાન હોય છે. આ શૃંખલાનો દરેક તબક્કો પૂર્વ ઘટનાને આધારિત હોય છે અને આગળ અસ્તિત્વમાં આવનારી ઘટનાને અસર કરે છે. સૂર્યની ગરમીને કારણે વાદળ બંધાય અને વાદળને કારણે વરસાદ થાય. વાદળનું કારણ સૂર્યની ગરમી છે તો વાદળને કારણે વરસાદ શક્ય બને છે. અહીં કશું જ એકલતાવાદી નથી.

અહીં એકને કારણે બીજું છે તો બીજાને કારણે ત્રીજું અસ્તિત્વમાં આવે છે. શરૂઆતના પ્રાથમિક તત્ત્વ માટે, પહેલાના અસ્તિત્વ પાછળ પણ ઘણાં પરિબળો કાર્યરત હોય છે. સૃષ્ટિની રચનામાં કોઈને અહીં સ્વતંત્ર રહેવાની સ્વતંત્રતા નથી. દરેક તત્ત્વ પોતાના ગુણ પ્રમાણે અન્ય તત્ત્વ સાથે ચોક્કસ રીતે સંલગ્ન થાય છે, અને એક પરિણામ ઊભરે છે. બધું જ નિયમબદ્ધ છે. અપવાદના પણ પોતાના નિયમો છે.

પાણીમાં સાકર મૂકવામાં આવે તો પાણી મીઠું થાય અને સાકર ઓગળી જાય. પાણીના ગુણ અને સાકરના ગુણ પરસ્પર કાર્યરત થાય અને આ પરિણામ ઉદ્‌ભવે. આમાં નથી સાકરની પાણીને મીઠું કરવાની ઈચ્છા કે પાણીની સાકરને ઓગાળી દેવાની ઈચ્છા. પાણીમાં સાકર મુકનાર વ્યક્તિ નિમિત્ત બની રહે છે. તેના નિમિત્ત બનવા પાછળ પણ ચોક્કસ પરિબળો કાર્યરત હોય. આમાં કર્તાપણું નથી સાકર સાથે સંકળાતું, નથી પાણી સાથે જોડાતું કે નથી નિમિત્ત સાથે સંલગ્ન થતું. નિયમ અનુસાર કાર્ય થાય છે અને પરિણામ સ્થપાય છે.

દ્રશ્ય છે કારણ કે દ્રષ્ટા છે. દ્રશ્ય અને દ્રષ્ટા છે કારણ કે દર્શન શક્ય છે. દર્શન છે કારણ કે દ્રશ્ય અને દ્રષ્ટા અસ્તિત્વ ધરાવે છે અને બે વચ્ચેનું સંકલન જરૂરી છે. પ્રકાશ છે કારણકે દર્શન શક્ય બની શકે. દ્રશ્ય છે કારણ કે સૃષ્ટિ છે, બાહ્ય જગત છે. દ્રષ્ટા છે કારણ કે એ પરમ એક પોતાની મોજ માટે અનેક તરીકે પ્રતીત થાય છે. દ્રશ્ય દ્રષ્ટા અને દર્શન અસ્તિત્વ ધરાવે છે કારણ કે ત્રણેયે પોત પોતાનો ભાગ ભજવવાનો છે. કશું જ આકસ્મિક નથી.

કર્તા કોઈ એક યોજનાના ભાગરૂપે અસ્તિત્વમાં આવે છે તો તેનું કર્મ તેના નિર્ધારિત થયેલ ઉત્તરદાયિત્વ સમાન હોય છે. તે કર્મનું પરિણામ પણ સુ-નિર્ધારિત હોય છે. આ પરિણામ આગળ જતા અન્ય કારણમાં પરિણમે છે. ક્યાંક એમ જણાય છે કે કર્તા પાસે, કરવા - ન કરવાની સ્વતંત્રતા હોઈ શકે. પણ આવી સ્વતંત્રતા નાના સ્તરની હોય. વ્યક્તિ ઝઘડો અટકાવી શકે, મહાયુદ્ધ નહીં. પરતંત્રતા સર્વત્ર છે તો નાની વાતો માટે સ્વતંત્રતા પણ છે. આ સ્વતંત્રતા-પરતંત્રતાનો ખેલ પણ નિયમ આધારિત છે.

સૃષ્ટિનું સર્જન જ પરસ્પરિક આધારિત ઘટનાનું પરિણામ છે. શરૂઆત મહા ચૈતન્યના નિર્વિકલ્પ સંકલ્પથી થાય છે. પછી હેતુ-કાર્ય-પરિણામની એક શૃંખલા સ્થપાય છે. આ સમગ્ર પ્રક્રિયા નિયમબદ્ધ રીતે અસ્તિત્વમાં આવે છે. અહીં દુનિયાનું દરેક તત્ત્વ પોતાના ગુણધર્મ પ્રમાણે પરિણામ આપે જ. તત્ત્વ પાસે કોઈ વિકલ્પ જ નથી હોતો. પાણીમાં સાકર મૂકવામાં આવે એટલે સાકરે ઓગળવું જ પડે અને પાણીએ સાકરને ઓગાળવી જ પડે. નિયમ એટલે નિયમ. ગુણધર્મ એટલે ગુણધર્મ. કાર્ય-પરિણામનો સિદ્ધાંત એટલે કાર્ય-પરિણામનો સિદ્ધાંત. અહીંયા કશું જ આમ-તેમ સંભવ જ નથી.

તત્ત્વના બંધારણમાં જો ફેર થાય તો પરિણામમાં થોડો બદલાવ આવી શકે. સાકર યોગ્ય પ્રમાણમાં સાકરતા પામી ન હોય તો પાણી ઇચ્છિત માત્રામાં મીઠું ન પણ થાય. સાકર મીઠાશ છોડીને ખારાશ ધારણ કરે તો પાણી ખારું બને. તેવા સંજોગોમાં સાકરને મીઠું - લવણ કહેવામાં આવે. સાકર હોય તો પાણી મીઠું જ થાય અને મીઠું હોય તો પાણી ખારું જ થાય. આ વ્યવસ્થિત છે. આ કાયમી છે. આ સ્થળ-સમયના બંધન વગરની ઘટના છે.

અમુક નિર્ણય ત્યારે જ લઈ શકાય જ્યારે પરિસ્થિતિ નિયમબદ્ધ હોય. સૃષ્ટિમાં પ્રવર્તમાન નિયમબદ્ધતાને કારણે જ વ્યવહાર સંભવ બને. કયું કાર્ય કેવું પરિણામ આપશે એની જાણ હોવાથી જ ઈચ્છિત પરિણામ માટે જે તે પ્રકારનું કાર્ય કરવાની પ્રેરણા થાય. જો કાર્ય-પરિણામ વચ્ચે સંબંધ જ ન હોય તો કોઈ પણ પ્રકારના પુરુષાર્થ માટે કોઈ આધાર જ ન રહે.

સમર્પિત ભક્તિથી ઈશ્વરની પ્રાપ્તિ શક્ય છે. શાસ્ત્રીય રીતે યોગમાં સંલગ્ન થવાથી જે તે સિદ્ધિ મેળવી શકાય. જ્ઞાન વિશાળ પરિપ્રેક્ષ્યમાં સમજ સ્થાપિત કરવામાં મદદરૂપ થાય. નિષ્કામ કર્મથી કર્મ-બંધનથી મુક્તિ મળી શકે. વિવેક અને સંયમ જાળવવાથી સમાજમાં સ્વીકૃતિ મળે. પરિશ્રમ કરવાથી જે તે ફળ પ્રાપ્ત થાય. આંબો ઉગાડવામાં આવે તો કેરી મળી શકે. આ પ્રકારના નિયમો, નિયમબદ્ધતાપ્રવર્તમાન હોવાથી વ્યક્તિ પુરુષાર્થ કરવા પ્રેરાય. મુક્તિ માટેના પણ નિયમો છે અને બંધન માટેના પણ. કાર્ય-પરિણામના સમીકરણની સમજ પ્રાપ્ત થતાં વ્યક્તિ મુક્તિ માટે કાં તો બંધન માટે કાર્યરત થઈ શકે. સૃષ્ટિનું સમગ્ર અસ્તિત્વ અકારણ નથી. ■

## આપણને કોઈ કઠોર શબ્દો કહે તો પણ તમે સ્થિર રહી શકો તો તમે સાધક છો



માનસ મંથન
મોરારિબાપુ
feedback@bombaysamachar.com



*શાંતિ પમાડે તેને સંત કહીએ રે,*
*એના દાસના દાસ થઈને રહીએ રે...*
*તન-મનના તાપ મિટાવે,*
*સંત શરણે જો આવે...*

મારાં શ્રાવક ભાઈ-બહેનો, જેનામાં બધા જ ગુણો સ્વભાવગત હોય તે જ સંત. સ્વભાવગત ગુણને શીલ કહે છે. વહેવું એ ગંગાનો સ્વભાવ, એમ કરુણા કરવી એ સાધુનો સ્વભાવ. શાંતિ જેને પરણી હોય તે સંત. હિમાલય પોતે જો ઠંડો હોય તો જ વાતાવરણને ઠંડું કરી શકે. સૂરજ કેમ નથી કરી શકતો વાતાવરણ ઠંડું? કારણ કે પોતે જ ધગે છે. એમ જેને અંદરથી શાંતિ મળે. એ.સી કમરો હોય તો જ ઠંડક મળે. સંતો શાંતિના મંદિર હોય છે. એની પાસે જવાથી આપણા ઉત્પાતો થોડા સમય માટે કેમ શાંત થઇ જાય છે? કબીર સાહેબનો લોકો ભયંકર વિરોધ કરતા હતા તો પણ વિરોધ કરનારા પણ તેમની પાસે થોડો સમય જતા તો વિરોધ શાંત થઇ જાતો. એને એમ લાગે કે બેસવા જેવું છે! તન-મનના તાપ મિટાવે... શાંતિ જેને વરી હોય બાપ! વરમાળા લઈને શાંતિ નીકળી હોય અને તેમાં પસંદ થયો હોય તે સંત. કોઈનેય પસંદ ન કરે, કેટલાયે રૂપાળા બેઠાં હોય પણ એમાં જ્યારે કોઈ સાધુ મળી જાય એને ઈ વરે. એનું વરણ કરે જે શાંતિનો ધારક છે, શાંતિ જેની કિન્કરી છે, શાંતિ જેની છાયા છે. શાંતિ જેની સાથે ફેરા ફરે એ સંત. એવી જ રીતે શીતલતા પણ સંતનું એક લક્ષણ છે. જેનામાં શીતલતા હોય. શાંતિ અને શીતલતામાં ફર્ક છે. શાંતિ ભીતરી અવસ્થા છે, માણસ અંદરથી શાંત હોય.આપણે બહારથી શાંત બેઠાં રહીએ એ પૂરતું નથી, અંદરથી કેટલા શાંત રહીએ છીએ તે મહત્ત્વનું છે. વર્ષો પહેલાની કથામાં ક્યારેક હું એક વાર્તા કહ્યા કરતો.

વાદળાંઓ જેમ સમુદ્રમાંથી, અહીંથી, ત્યાંથી પાણી ભેગું કરીને નમીને વરસે એમ વિદ્વાન, સજ્જન,પંડિત, ડાહ્યો અને સમજુ માણસ, જ્યારે એને વિદ્યા પ્રાપ્ત થાય ત્યારે નમતો જાય! આ સંતનું લક્ષણ છે, સંત સ્વભાવ છે. વિદ્વાનો, મહાપુરુષો શાસ્ત્રોમાંથી, સંતો પાસેથી, જ્યાં જ્યાંથી સમજણનું નીર મળે ત્યારે ચારે બાજુથી માધુકરી કરીને, ભિક્ષા પ્રાપ્ત કરી સમાજને આપી દે. ગોસ્વામીજી અહીં સાધુનું લક્ષણ ગણાવે છે. સંતનો સ્વભાવ દર્શાવે છે, સમજાવે છે. અઢાર વસ્તુ ગણાવી છે. વર્ષા અને શરદ ઋતુના વર્ણનમાં શાસ્ત્રોનાં શાસ્ત્રો ઠલવી નાખ્યા છે. કયો ધર્મ છોડ્યો છે બાબાજીએ! બધું ભેગું કરીને નમતા, નમતા જ્યારે મોકો આવે ત્યારે વરસીને પછી જતાં રહે, આ જ બુધ છે. નમે એ જ બુધ, ન નમે તે અબુધ. નમી નમીને આપે એ પંડિતોનું ભૂષણ ગણાય. વિનય એમની શોભા છે. કોઈ સાધુ-સંત મેઘ બનીને આવે ત્યારે તૈયારી કરી લો, મોકો ઝડપી લો. જ્યારે પણ નવરાશ મળે તો બીજી કોઈ ચર્ચા ન કરો.

લ્હાસાથી મળેલી એક પુસ્તિકામાં મેં આ કથા વાંચી હતી. ભગવાન બુદ્ધના જીવનનો આ પ્રસંગ. ભગવાન બુદ્ધનો એક પિતરાઈ ભાઈ હતો, દેવદત્ત. ખબર નહીં પણ કોઈ કારણસર દેવદત્ત બુદ્ધના પૂરા વિરોધમાં. જબરો વિરોધી. અને વિરોધ પણ એટલી હદ સુધી કે હત્યા કરવા પણ તૈયાર થઈ જાય. આમ જુઓ તો બધા મહાપુરુષોના કોઈ ને કોઈ એવા અત્યંત વેરી નીકળ્યા છે. એક વખત ભગવાન બુદ્ધ કોઈ જગ્યાએ બેઠા હતા. એમના પિતરાઈ દેવદત્તને તો બુદ્ધ જરા પણ ન ગમે, એથી ભગવાનને હેરાન કરવાનો કે ઈજા પહોંચાડવાનો પ્રયાસ કરતો રહે. તે દિવસે દેવદત્તે એક પહાડ પરથી, જ્યાં બુદ્ધ બેઠા હતા, તે તરફ એક બહુ મોટો પથ્થર ગબડાવ્યો. ગણતરી એ હતી કે પથ્થર બુદ્ધ પર પડે ને બુદ્ધ મરે. કોઈ કંઈ સમજે એ પહેલાં તેને એક મોટો પથ્થર ભગવાન તરફ ગબડાવ્યો.

બુદ્ધની સાથે આનંદ વગેરે બધા શિષ્યો બેઠા હતા. આટલો મોટો પથ્થર વેગથી નીચે તરફ આવતો જોઈ એ બધા ભાગ્યા, ડરીને ખસી ગયા. પરંતુ આ શું? લૂઢકતી લૂઢકતી એ શીલા આવી, બુદ્ધને જરા સ્પર્શ કરી નીચે પડી. સાધુ એટલે જેના સાનિધ્યમાં વેર ખલાસ થઈ જાય છે. બુદ્ધની કરુણા જોઈ ચટ્ટાનમાં કરુણા આવી ગઈ. બધું બરાબર થઈ ગયું. જેવી શિલા ગબડતી અટકીને એક તરફ થઈ કે તરત આનંદ ને બધા દોડી આવ્યા. બુદ્ધને કહેવા લાગ્યા કે બાબા, તમને કંઈ થઈ જતે તો? તમે થોડા હટી ગયા હોત તો?

ભગવાન બુદ્ધનો ઉત્તર ખૂબ સુંદર હતો. એમણે કહ્યું કે હું દોડું? તો, તો ભોમકા લાજે. કહ્યું છે ને કે મેરુ સરખા ડોલવા લાગે, મહેરામણ તો માઝા મૂકે, પણ ચૈલેયો એનું સત ન ચુકે. બુદ્ધ જો ભાગે, તો પછી કોણ બેસી રહેશે? આનંદ કહે, સમાધાન કરો. તમે ભાગ્યા નહિ. તમને સ્પર્શીને પથ્થર જતો રહ્યો, આપ રોકી પણ શકતા હતા, બતાવો. બહુ આગ્રહ કર્યો ત્યારે બુદ્ધે કહ્યું કે કોઈ હિસાબ બાકી હશે. કોઈ જન્મમાં મેં દેવદત્તનું કંઈ બગાડ્યું હશે અને એ હિસાબ મારે પૂરો કરવાનો હતો અને હવે મારે જલ્દી જવાનું છે. મારું ખાતું જેટલું જલ્દી પૂરું થાય તેટલું પૂરું થઈ જાય. તમે ભાગી ગયા એ સારું થયું, કારણ તમારે હજી વધારે જીવવાનું છે. ગોસ્વામીજી 'માનસ' માં કહે છે-

बूंद अघात सहहिं गिरि कैसे।
खल के बचत संत सह जैसे।।

મારાં ભાઈ-બહેનો, ક્યારેક તમને તમારી સમજ અનુસાર લાગે કે તમે બિલકુલ બેગુનાહ હો છતાં તમને કોઈનો આક્ષેપ સહન કરવો પડે છે, તો સમજજો કે તમારી સમજ પ્રમાણે હજી તમે બેગુનાહ છો, પણ જન્મજન્માંતરનો હિસાબ બાકી હશે. આધ્યાત્મિક વ્યક્તિઓએ એવું વિચારવું જોઈએ. બાપ! શીલવાન સાધુ કોણ? જે બધાનું સહન કરી લે. તમે ભજન કરો, સાધના કરો, પાઠ કરો, પારાયણ કરો, પ્રવચન કરો, સાંભળો, જે કંઈ પણ કરો, તમારી સાધનાની કસોટી ત્યારે જ થાય કે જ્યારે કોઈ તમને કઠણ વચન કહે ને તમે પહાડની જેમ સ્થિર રહી શકો! દુર્જનો ગમે તેવા શબ્દો બોલી લે છતાં સહન કરી લે. પહાડ પર નાનાં-મોટાં વૃક્ષો હોય એ વરસાદના આઘાતને ઝીલી લે છે, પહાડને બહુ રાહત થઈ જાય. એમ સાધુ ઈશ્વર આશ્રિત રહે છે, પરમાત્માની કૃપાની છાયામાં જીવે છે, પરમાત્માના શરણાગત હોય છે એથી એને દુર્જનો વ્યથિત નથી કરતાં. વરસાદ જ્યારે પડે છે ત્યારે એનો પહેલો માર હંમેશાં પહાડને પડે! પહાડ ઊંચા છે એટલે પહેલો પ્રહાર એને પડે. સમાજમાં જેણે મોટા થવું હોય, ઊંચા થવું હોય એણે પ્રહારો પહેલાં સહન કરવાની તૈયારીઓ રાખવી જોઈએ.

સંકલનઃ જયદેવ માંકડ ■

## આંખ ખોલીને કથાઓના પડદા પાછળ જે ગહન રહસ્યો સંતાયેલાં હોય છે તેમનાં દર્શન કરીએ

અલૌકિક દર્શન
ભાણદેવ
bhandev@bombaysamachar.com



(ગતાંકથી ચાલુ)

કાવ્યાત્મક અભિવ્યક્તિ પણ આપણા કથાસાહિત્યના સ્વરૂપનિર્ધારણમાં મહત્ત્વપૂર્ણ પરિબળરૂપે ભાગ ભજવે છે.

વેદાર્થમીમાંસકોએ વેદના અર્થઘટન માટે એક સોનેરી નિયમ આપ્યો છેઃ

'त्रयार्थाः सर्ववेदेषु'

'સર્વ વેદમંત્રોના ત્રણ અર્થો છે.'

આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક - એમ ત્રણ દ્રષ્ટિથી વેદમંત્રોનું અર્થઘટન થાય છે. અને આ દ્રષ્ટિથી વેદમંત્રોના ત્રણ અર્થો નિષ્પન્ન થાય છે.

'રામાયણ'ના રચયિતા કવિ શ્રી વાલ્મીકિજી પણ ઋષિ છે, આર્ષદ્રષ્ટા છે. 'મહાભારત'ના રચયિતા ભગવાન વ્યાસજી તો વેદવ્યાસ છે, અરે! ભગવદ્‌તાર છે. તેમની આષદષ્ટિ વિશે તો કહેવું જ શું! આપણાં પુરાણોના રચયિતાઓ પણ આર્ષદ્રષ્ટા જ હતા, તેથી આપણા કથાસાહિત્યમાં પણ ત્રણ અર્થો રહેલા જ છે. કથાસાહિત્યમાં ત્રણ અર્થો આ પ્રકારના છેઃ

૧. બાહ્ય અર્થ અર્થાત સ્થૂળ અર્થ,

૨. સૂક્ષ્મ અર્થ અર્થાત આધ્યાત્મિક અર્થ,

૩. પારલૌકિક અર્થ.

દૃષ્ટાંતતઃ 'વાલ્મીકિ રામાયણ'ની કથામાં આ ત્રણ અર્થો કેવી રીતે નિષ્પન્ન થાય છે તે જોઈએ.

૧. બાહ્ય અર્થાત સ્થૂળ અર્થ પ્રમાણે 'રામાયણ' દશરથનંદન શ્રી રામની જીવનકથા છે.

૨. સૂક્ષ્મ અર્થાત આધ્યાત્મિક અર્થ પ્રમાણે 'રામાયણ' આતમરામની અધ્યાત્મ યાત્રાની કથા છે.

૩. પારલૌકિક અર્થ પ્રમાણે 'રામાયણ' રામાવતારની જીવનલીલાની કથા છે.

આ ત્રણે અર્થો એકસાથે સાચા છે અને તેમની વચ્ચે કોઈ વિરોધ નથી. પ્રતિભાવંત મનીષીઓની રચનાઓની એ જ તો ગરિમા છે કે તેમની રચનાઓમાં એકસાથે અનેક અર્થો સમાયેલા હોય છે. તે બધા એકસાથે સાચા હોય છે અને તેમની વચ્ચે કોઈ વિરોધ પણ નથી હોતો.

આપણું કથાસાહિત્ય આવા અનેકવિધ અર્થોથી યુક્ત મહિમાવંતું અને ગરિમાયુક્ત સાહિત્ય છે. આંખ ખોલીને કથાઓના પડદા પાછળ જે ગહન રહસ્યો સંતાયેલા હોય છે તેમનાં દર્શન કરીએ અને આપણાં જીવનને સમૃદ્ધ અને કૃતાર્થ બનાવીએ.

સૂત્ર, મંત્ર, શ્લોક, ભાષ્ય, પ્રબંધ, કથા આદિ અભિવ્યક્તિઓની અનેક પદ્ધતિઓ છે. દરેક પદ્ધતિની વિશેષતા હોય છે. આપણે અહીં કથાસાહિત્યની વિચારણા કરીએ છીએ, તેથી એ સમજવું આવશ્યક છે કે કથાસાહિત્યની વિશેષતાઓ કઈ-કઈ છે. તત્ત્વને કથાના માધ્યમથી વ્યક્ત કરવામાં આવે તો તેના પરિમામે શું વિશેષ નિષ્પન્ન થાય છે તે જોવું આવસ્યક છે. કથાસાહિત્યની વિશેષતાઓ આ પ્રમાણે છેઃ

૧. લોકભોગ્યતાઃ

મંત્ર, સૂત્ર આદિ સ્વરૂપે રહેલી આધ્યાત્મવિદ્યા વિદ્વદ્‌ભોગ્ય રહે છે. કથાસ્વરૂપ લોકભોગ્ય સ્વરૂપ છે. કથાસ્વરૂપે આધ્યાત્મવિદ્યા સામાન્ય જનસમાજ સુધી પહોંચે છે.

વેદમાં જે કહ્યું છે તે જ કથારૂપે 'મહાભારત'માં કહ્યું છે. વેદ સર્વજનસુલભ નથી. 'મહાભારત' સર્વજનસુલભ છે. ઉપનિષદમાં જે કહ્યું છે તેની જ મીમાંસા 'બ્રહ્મસૂત્ર'માં છે. પરંતુ 'બ્રહ્મસૂત્ર', 'શાંકરભાષ્ય', 'ભામતીટીકા'નો અભ્યાસ વિદ્વાનો કરી શકે છે, તેથી ઉપનિષદોનું સારદોહન કરીને તે જ તત્ત્વ 'ગીતા'રૂપે ભગવાન વ્યાસે 'મહાભારત'માં ગૂંથ્યું છે અને એ સ્વરૂપે તે જનસમાજ સુધી પહોંચ્યું છે.

૨. મર્મિકતાઃ

કથા દ્વારા અભિવ્યક્તિ માર્મિક બને છે. આપણે જોઈ ગયા કે 'કેનોપનિષદ'માં અંતે આવેલી નાની કથા દ્વારા તે જ સત્ય વધુ સ્પષ્ટ, વધુ માર્મિક, વધુ ચોટદાર બને છે. સરળ વિધાનરૂપે રજૂ થયેલો સિદ્ધાંત વાચકનાં હૃદય સુધી ન પહોંચે તેમ બની શકે છે, પરંતુ જ્યારે તે જ સિદ્ધાંત કથાના માધ્યમ દ્વારા વ્યક્ત થાય ત્યારે તેની અસરકારકતા અનેકગણી વધી જાય છે, તે વાચકના હૃદય સુધી પહોંચી જાય છે.

૩. રસસભરતાઃ

કથા દ્વારા અભિવ્યક્તિ રસપૂર્ણ બને છે. કથાનું માધ્યમ જ રસપૂર્ણ માધ્યમ છે. કથારસ વાચકને કે શ્રોતાને પકડી રાખે છે. વાચક કે શ્રોતા કથારસમાં તરબોળ થઈ જાય છે. તેનું હૃદય દ્રવી જાય છે અને તે અવસ્થામાં તેના ચિત્તમાં અધ્યાત્મનાં તત્ત્વો પ્રવેશે છે.

'રામાયણ' અને 'ભાગવત'ની કથાઓએ રસપૂર્ણ કથાઓના માધ્યમ દ્વારા આપણા જનસમાજના હૃદયમાં આદરપૂર્ણ સ્થાન પ્રાપ્ત કર્યું છે અને તે રીતે ધર્મ અને અધ્યાત્મતત્ત્વો પ્રજાના ચિત્તમાં અને જીવનમાં પહોંચતાં રહ્યાં છે. વેદગાન અને વેદશ્રવણમાં કેટલાને રસ પડે? પરંતુ 'ભાગવત' અને 'રામાયણ'ની કથામાં લગભગ સૌને રસ પડે છે. આમ કથાનું માધ્યમ એક રસસભર માધ્યમ છે.

૪. અભિવ્યક્તિની સરળતાઃ

કેટલાક સિદ્ધાંતો કે સત્યો એવાં હોય છે કે તેમને વિધાનરૂપે રજૂ કરી શકતાં નથી. તેમનું સ્વરૂપ જ એવું પારલૌકિક હોય છે કે આપણે સરળ વિધાનો દ્વારા તેમને રજૂ જ ન કરી શકીએ. કેટલાંક સત્યો શબ્દાતીત હોય છે, તર્કાતીત હોય છે. આવાં અગમ્ય સિદ્ધાંતો, શબ્દાતીત સત્યોને ભાષા દ્વારા વ્યક્ત કેવી રીતે કરવા?

શબ્દાતીતને શબ્દ દ્વારા રજૂ કરવાની પદ્ધતિ છેઃ સંકેતપદ્ધતિ કથાનું માધ્યમ આવું સાંકેતિક માધ્યમ છે. જે સત્ય સરળ વિધાન દ્વારા અભિવ્યક્ત ન કરી શકાય તે સત્યને સાંકેતિક કથા દ્વારા અભિવ્યક્ત કરી શકાય છે. કથાના માધ્યમ દ્વારા કઠિન અભિવ્યક્તિ સરળ બને છે.

દૃષ્ટાંતતઃ સૃષ્ટિની ઉત્પત્તિની પ્રક્રિયા બુદ્ધિગમ્ય નથી, શબ્દગમ્ય પણ નથી, છતાં આપણાં પુરાણોએ આ પ્રક્રિયા કથાના માધ્યમ દ્વારા સાંકેતિક પદ્ધતિથી સફળતાપૂર્વક રજૂ કરી છે. આ છે કથા દ્વારા ઊભી થતી અભિવ્યક્તિની સરળતા.

પ્રસંગવશાત આપણે કથાસાહિત્યની બીજી એક લાક્ષણિકતાનો વિચાર પણ કરી લઈએ. આપણા કથાસાહિત્યમાં અતિશયોક્તિ અલંકારનો ઉપયોગ વ્યાપક પ્રમાણમાં અને પ્રચુર માત્રામાં થયો છે. કેટલીક ન માની શકાય તેવી વાતો પણ કથાઓમાં રજૂ થાય છે.

આમ હોવાનું એક મહત્ત્વપૂર્ણ અને વાજબી કારણ છે. આવી અતિશયોક્તિઓ માત્ર કથાની રોચકતા વધારવા માટે જ કરવામાં આવી નથી, પરંતુ તેમ કરવાનું કારણ બીજું જ છે. કથાકાર આવી અતિશયોક્તિઓ દ્વારા એમ સૂચવે છે કે આ કથાઓને તેમના બાહ્ય શાબ્દિક અર્થમાં લેવાની જરૂર નથી, પરંતુ સાંકેતિક અર્થમાં સમજવાની છે. અશક્ય લાગે તેવી અતિશયોક્તિઓ દ્વારા કથાકાર એમ સૂચવે છે કે આ કથાઓનો સાંકેતિક અર્થ પ્રધાન તત્ત્વ છે. અશક્ય લાગે તેવી અતિશયોક્તિ દ્વારા તેઓ કથાના શબ્દાર્થને વળગી રહેવાનું અશક્ય બનાવે છે, જેથી વાચક સંકેતાર્થ તરફ વળે. હનુમાનજીની સો યોજનની છલાંગ નરી અતિશયોક્તિ છે, પરંતુ આ અતિશયોક્તિ દ્વારા વાલ્મીકિજી આપણને સૌને આ કથાઓનો સંકેતાર્થ સમજવાનો સંકેત કરે છે.

નવી પેઢી આપણા કથાસાહિત્ય વિશે સાંભળીને મોં મચકોડે છે. કેટલાક વિરોધીઓ આપણા કથાસાહિત્યને હાસ્યાસ્પદ પણ ગણાવે છે. ગેરસમજનો ભોગ બનેલા સૌને આ કથાસાહિત્યના આંતરગર્ભમાં જવાનો અહીં સંકેત છે. જો કથાસાહિત્યની અંદર જોઇને જોઇશું તો જણાશે કે આપણું કથાસાહિત્ય હાસ્યાસ્પદ નથી, પરંતુ ચિંતનીય અને ધ્યાનપાત્ર છે. આપણું કથાસાહિત્ય આપણી મહામૂલી મૂડી છે. આપણા કથાસાહિત્યમાં આપણી સંસ્કૃતિનું કેન્દ્રસ્થ તત્ત્વ અધ્યાત્મવિદ્યા પ્રગટે છે. આપણે કથાસાહિત્યની અવગણના ન કરીએ, તેને હાસ્યાસ્પદ ન ગણીએ, પરંતુ તેના રહસ્યાર્થને સમજવાનો પ્રયત્ન કરીએ તે જ ઈષ્ટ છે. (ક્રમશઃ)■

પ્રકરણ: ૧૧

# ચહેરા મ્હોરા



**મારે ભગવાનના આ ફોટાનું કોઈ કામ નથી... તેના ભરોસે તો હું માને મૂકીને ગયો હતો, પણ તેણે મને દગો આપ્યો... એવા ભગવાનનું કાંઈ કામ નથી જે મારી માની રક્ષા ન કરી શક્યો !**





**પ્રફુલ્લ કાનાબાર**

શિવાનીએ આપેલા આઘાતના આંચકામાંથી સોહમ હજુ તો બહાર આવે તે પહેલાં તેના દિલને વધુ એક ધક્કો લાગે તેવા આઘાતજનક સમાચાર તેને મળ્યા હતા....

જીવનમાં કેટલીક વાર માણસ પર વેદના વાવાઝોડાની જેમ ત્રાટકતી હોય છે. માણસ ધારે તો પણ બેઠો થઇ શકતો નથી. સોહમની પણ જેલમાં ગયા બાદ એ જ દશા હતી. એક વાર સોહમ જમીન પર બંને ઘૂંટણ પર માથું ટેકવીને વિચારશૂન્ય અવસ્થામાં બેઠો હતો ત્યાં અચાનક સંત્રીએ સોહમના બેરેક પાસે આવીને કહ્યું હતું :

‘તને કોઈક મળવા આવ્યું છે.’

સોહમને નવાઈ લાગી હતી... કોણ મળવા આવ્યું હશે? મા હશે? સોહમે આશ્ચર્યથી સંત્રી સામે જોયું હતું. સોહમ ઊભો થઈને ધીમા પગલે સળિયા સુધી આવ્યો હતો. સોહમે જોયું કે સામેથી પરિસરમાં પડોશમાં રહેતાં સરિતાબહેન અને તેના પતિ કરસનભાઈ બેરેક તરફ આવી રહ્યા હતા. સોહમ તેમને જોઇને ગળગળો થઇ ગયો હતો.

સોહમ જાણતો હતો કે આખી ચાલીમાં સરિતાબહેન સાથે માને ખૂબ જ બનતું. ચાલીસ

આસપાસના કરસનભાઈ ખાસ ભણેલા ન્હોતા. એક કોલેજમાં પટાવાળા તરીકે નોકરી કરતા હતા.

‘સોહમ, કંચનબહેનને ગઈકાલે સાંજે સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યા છે. તેમની તબિયત અત્યંત ગંભીર છે. કોઈને ઓળખતા પણ નથી. માત્ર તારા નામનું રટણ કર્યા કરે છે.’



સરિતાબહેને ધીમા અવાજે સોહમને સમાચાર આપ્યા હતા. સોહમના પગ નીચેથી ધરતી ખસી ગઈ હતી. તેણે બંને હાથ વડે જેલના સળિયાનો સહારો લીધો હતો.

‘સોહમ, આ સમય ઢીલા પડવાનો નથી. તારે હિંમત રાખવી પડશે.’

સોહમને આશ્વસ્ત કરતાં કરસનભાઈએ કહ્યું હતું.

‘આ તે મારું કેવું નસીબ કે અત્યારે માને મારી સૌથી વધારે જરૂર છે ત્યારે જ હું જેલમાં છું.’

સોહમ સળિયા પર માથું ટેકવીને ચોધાર આંસુએ રડી પડ્યો હતો. ત્રણેય વચ્ચે ભારેખમ મૌન પથરાઈ ગયું હતું.

સોહમને સ્વસ્થ થતાં ખાસ્સો સમય નીકળી ગયો હતો. ત્યાં જ અચાનક સંત્રીની બૂમ સંભળાઈ : મુલાકાતનો સમય પૂરો થઇ ગયો છે.

‘સોહમ, આપણે જામીન માટે પ્રયત્ન કરીએ..’ જતાં જતાં કરસનભાઈ બોલ્યા હતા.

‘મને જામીન મળશે?’ સોહમે આશ્ચર્યથી પૂછ્યું હતું.

‘અમે જેલર સાહેબને વાત કરી જોઈએ. કદાચ તેમની પાસેથી કંઇક રસ્તો જાણવા મળે.’ કરસનભાઈએ કહ્યું હતું.

એ સમયના જેલર ગામીત સાહેબ ખૂબ કડક હતા, પણ કરસનભાઈની અને સરિતાબહેનની વિવેકપૂર્વકની રજૂઆત સાંભળીને પીગળ્યા હતા. તેમણે સોહમને બોલાવ્યો હતો :

‘સોહમ, તારી માની તબિયત ગંભીર છે તે જાણ્યું. તને જામીન પર છોડવાનું મારું કામ નથી. એ માટે તો કોર્ટમાંથી ઓર્ડર લાવવો પડે. એના માટે પહેલાં કોઈ વકીલ મારફતે તારે કોર્ટમાં અરજી કરવી પડે.

‘સાહેબ, મને મદદ કરો હું તમારો ઉપકાર જિંદગીભર નહી ભૂલું.’ સોહમ રડી પડ્યો હતો. આખરે ગામીત સાહેબે તેમના એક પરિચિત વકીલનું એડ્રેસ કરસનભાઈને આપ્યું હતું. કરસનભાઈએ સોહમને જામીન મળે તે હેતુથી વકીલ અને કોર્ટ સુધી દોડાદોડી કરી હતી. સોહમ દરરોજ જામીન ઓર્ડરની કાગડોળે રાહ જોતો હતો. ચારેક દિવસ બાદ સોહમને ત્રણ દિવસના જામીન મંજૂર થયાનો હુકુમ આવ્યો હતો.

વધેલી દાઢી સાથે સોહમ સીધો સિવિલ હોસ્પિટલ પર પહોંચ્યો હતો. જનરલ વોર્ડમાં સોહમ બેબાકળો બનીને દરેક ખાટલે માને શોધી રહ્યો હતો. અચાનક તેનું ધ્યાન છેલ્લા ખાટલા પર પડયું. તેના પર સૂતેલી એક સ્ત્રીના ચહેરા પર ડોક્ટરની હાજરીમાં નર્સ સફેદ ચાદર ઓઢાડી રહી હતી. સોહમે એ તરફ દોડયો હતો. સોહમે એ સફેદ ચાદર પકડી લીધી હતી. ડોક્ટરને તરત ખ્યાલ આવી ગયો કે આ જ યુવાન આ પ્રૌઢ સ્ત્રીનો દીકરો છે, જેની તે અર્ધબેભાન અવસ્થામાં રાહ જોઈ રહી હતી. ડોકટરે સોહમના ખભે હાથ મૂકીને કહ્યું હતું : ‘ભાઈ, તું થોડોક મોડો પડયો.’ સોહમ માના મૃતદેહને વળગીને ધ્રુસકે ધ્રુસકે રડી પડયો હતો.

બે કલાક બાદ હોસ્પિટલની તમામ વિધિ પૂરી કરીને શબવાહિનીમાં માના મૃતદેહ સાથે સોહમ સ્મશાને પહોંચ્યો હતો. થોડી વાર બાદ ઇલેક્ટ્રિક ભઠ્ઠી તરફ ગરગડી પર સરકતા જતા માના મૃતદેહને સોહમ બંને હાથ જોડીને સજળ નેત્રે તાકી રહ્યો...મા જાણે કે ચિત્કાર કરી રહી હતી :

‘સોહમ દીકરા આવવામાં તેં મોડું કરી દીધું...આપણા આ જનમના અંજળ-પાણી ખૂટી ગયાં..’

તે દિવસે સોહમ અનાથ થઇ ગયો હતો.

હવે સોહમ પાસે મા નહોતી. તેની પાસે હતી માત્ર અને માત્ર ઉદાસી, એકલતા, પીડા, દર્દ, યાતના અને વેદના!

અંતિમ વિધિ પતાવી પછી સોહમ ઉદાસ અને ગમગીન ચહેરે ઘરે પરત આવ્યો. ઘરની ચાવી સરિતાબહેન પાસે જ હતી. સોહમ ચાવી લેવા ગયો એટલે સરિતાબહેન અને કરસનભાઈએ સોહમને તેમના ઘરમાં બેસાડીને આશ્વાસન આપ્યું.

‘કેટલા દિવસના જામીન મળ્યા છે ?’ કરસનભાઈએ પૂછ્યું :

‘કાકા, ત્રણ દિવસના મળ્યા છે.. પણ હું તો હમણા જ જેલમાં હાજર થઇ જવાનો છું. હવે મારે મા વગરના આ ઘરમાં ક્ષણભર પણ નથી રહેવું.’ સોહમે નિસાસો નાખતાં કહ્યું હતું.

સરિતાબહેનના હાથમાંથી પોતાના ઘરની ચાવી પણ લીધી નહીં.

સરિતાબહેને ફ્રેમવાળો શ્રીનાથજીનો એક ફોટો આપતા કહ્યું :

‘સોહમ, હોસ્પિટલે જતી વખતે કંચનબહેને આ ફોટો તને આપવાનું કહ્યું હતું.’ સોહમ ફિક્કું હસ્યો :

‘મારે ભગવાનના આ ફોટાનું કોઈ કામ નથી તેના ભરોસે તો હું માને મૂકીને ગયો હતો પણ તેણે મને દગો આપ્યો.’

‘સોહમ, એમ ન બોલાય ગમે તેમ તો પણ એ ભગવાન છે.’ સરિતાબહેન બોલી ઉઠયાં હતાં.

‘મારે એવા ભગવાનનું કાંઈ કામ નથી જે મારી માની રક્ષા ન કરી શક્યો.’ સોહમનો અવાજ રૂંધાઇ થઇ ગયો હતો.

‘ભલે સોહમ, આ ફોટો અમે જ રાખીએ છીએ તને જયારે ઠીક લાગે ત્યારે લઇ જજે.’ કરસનભાઈએ કહ્યું હતું. સરિતાબહેને પરાણે સોહમને ખીચડી ખવડાવીને જ તેમના ઘરેથી જવા દીધો હતો.

મોડી સાંજે સોહમ જેલમાં હાજર થયો ત્યારે જેલર ગામીત સાહેબને ભારે આશ્ચર્ય થયું હતું : ‘સોહમ, હજુ તો તારી પાસે બે દિવસ હતા.’

‘સાહેબ, હું હોસ્પિટલે પહોંચ્યો ત્યારે મારી મા કાયમ માટે મને છોડીને જતી રહી હતી. મારા નસીબમાં મરેલી માનું મોઢું જોવાનું જ લખ્યું હતું. મારે બહાર બીજું કોઈ જ કામ નહોતું.’ સોહમની આંખમાં આંસુ ઉમટયા.

ગામીત સાહેબે તેમની લાંબી કરિયરમાં જામીન પર છૂટેલો પહેલો કેદી એવો જોયો હતો જે જેલમાં મુદત પૂરી થયા પહેલાં હાજર થઇ ગયો હતો!

ગામીત સાહેબ સોહમની પ્રમાણિકતાથી પ્રભાવિત થયા હતા. તેમણે જેલના કાયમી રેકોર્ડમાં પણ સોહમની આજની પ્રમાણિકતાની નોંધ લીધી હતી.

જે માણસ જાત સાથે પ્રમાણિક હોય તે જ દુનિયા સાથે પ્રમાણિક રહી શકતો હોય છે. અન્યને છેતરવા માટે પણ પહેલાં પોતાની જાતને છેતરવી પડતી હોય છે. સોહમ એવો બંદો હતો જે પોતાની જાત સાથે પ્રમાણિક હતો!

સોહમના મનમાં માની વસમી વિદાયનું દુ:ખ તો હતું જ સાથે સાથે પોતાના ખરા પિતાનું નામ ન જાણી શકાયાનો પારાવાર અફસોસ પણ હતો. કાશ, તે થોડીક ક્ષણો હોસ્પિટલે વહેલો પહોંચી શક્યો હોત! કાશ, તે માના અંતિમ સમયે હાજર રહી શક્યો હોત! કાશ, તે પોતાના પિતાનું નામ જાણી શક્યો હોત! સોહમના મનમાં અફસોસનો દરિયો ઉછાળા મારી રહ્યો હતો.

વિધિની કેવી ક્રૂરતા હતી કે જયારે સોહમને ખબર પડી કે બાપુ તેનો સગો બાપ નથી એ પછીના બે દિવસમાં એક પછી એક એવી ઘટનાઓ બનતી રહી કે મા પાસેથી બાપનું નામ જાણવાનો સમય જ ન રહ્યો. સોહમના જીવનનું સૌથી મહત્ત્વનું રહસ્ય મા તેની સાથે લઈને જતી રહી હતી. સોહમના જીવનમાં એવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું કે તેનો ખરો બાપ તેને રસ્તામાં સામે મળે તો પણ તે તેને ઓળખી ન શકે. કોઈ પણ દીકરા માટે આનાથી મોટી કરુણતા બીજી કઈ હોઈ શકે ?

(ક્રમશઃ) ■



‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| Aid | કુહાડી |
| Aim | મદદ |
| Ail | તાકવું |
| Ace | બીમાર |
| Axe | એક્કો |

## ઓળખાણ પડી?



અછૂતો અને પછાતોના દુખની મુક્તિ માટે જીવન સમર્પિત કરનારા રાજસ્થાનમાં જન્મેલા મહાપુરુષ ઓળખ્યા?

અ) બજરંગ દાસ બ) રામદેવપીર ક) ભક્ત બોડાણા ડ) અવધૂત મહારાજ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ બાં | ૨ ય | ૩ ધ | રી | | ૪ સં | ૫ ચા | લ | ૬ ન | |
| ૭ ધ | મ | ણ | | ૮ બ | ગ | લ | | ૯ ક | ૧૦ ટિ |
| ૧૧ વ | ન | | ૧૨ ચા | હે | | | ૧૩ અ | લ | ખ |
| | ૧૪ ક | બૂ | લા | ત | ૧૫ ના | ૧૬ મું | | ૧૭ કા | ળ |
| ૧૮ અ | લ્યા | | ૧૯ ક | ર | ત | બ | | ર | |
| ૨૦ મ | ણ | ૨૧ કો | | | ૨૨ બ | ઈ | ૨૩ રુ | | ૨૪ હે |
| રા | | ૨૫ ત | સુ | | હા | | ૨૬ પ | ર | વા |
| વ | | ર | | ૨૭ મા | ર | | સ્વા | | |
| ૨૮ તી | ૨૯ ર | કા | ૩૦ મ | ઠું | | ૩૧ ભૂ | મિ | ગ | ત |
| | ૩૩ જ | મ | ણ | | ૩૪ વ | ત | ની | | ૫ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | | ૫ | ૬ | | ૭ |
| ૮ | | | | | ૯ | | | | |
| ૧૦ | | | ૧૧ | ૧૨ | | | | ૧૩ | |
| | ૧૪ | ૧૫ | | ૧૬ | | | ૧૭ | | |
| ૧૮ | | ૧૯ | ૨૦ | | | | | | |
| ૨૧ | | | | | | | ૨૨ | | |
| | | ૨૩ | | | | ૨૪ | | | ૨૫ |
| ૨૬ | ૨૭ | | | | ૨૮ | | | ૨૯ | |
| | | | | ૩૦ | | | ૩૧ | | |
| ૩૨ | | | | | ૩૩ | | | | |

**આડી ચાવી**

૧. જાહેર પ્રજાનું જીવન (૫)
૫. મડદું, શબ (૪)
૮. ઉજળિયાત (૩)
૯. જેનું તળિયું નથી તે (૩)
૧૦. --- ગરમી-ચામડીનો એક રોગ (૨)
૧૧. પાપ કરો તો --- માં જાવ (૩)
૧૩. હેત, મા-બાપનો પ્રેમ (૨)
૧૪. પરવા (૨)
૧૬. અંગચેષ્ટા, નખરાં હાવભાવ (૨)
૧૯. જ્યાં હવાઈજહાજ ઉતરે (૬)
૨૧. ઉતાવળ (૪)
૨૨. ડાબું (૨)
૨૩. સંખ્યા (૩)
૨૪. સરળ, સીધી (૨)
૨૬. નક્કર, સઘન (૨)
૨૮. --- મારવી એટલે પરાક્રમ કરવું (૨)
૨૯. અમારું, અમે (૨)
૩૦. ચપ્પુ, નાની છરી (૨)
૩૧. બેગમ (ઉર્દૂ) (૩)
૩૨. વ્યવસ્થા કરવી તે (૪)
૩૩. ડર, બીક, આશંકા (૪)

**ઊભી ચાવી**

૧. એક ધાતુ (૩)
૨. તરતનું જન્મેલું (બાળક) (૪)
૩. ઘસાઈ કે ખવાઈ ગયેલું (૨)
૫. મરેલું, ચેતનવિહીન (૨)
૬. તળિયું, તળેટી, મૂળ (૨)
૭. પોલીસ (૫)
૯. અપૂઝણ, કંટાળો, ચીડ (૫)
૧૨. રચના થઈ (૩)
૧૫. મહિના પ્રમાણે (૪)
૧૭. તકવાદમાં માનનારા (૪)
૧૮. જથ્થો, સંગ્રહ (૪)
૨૦. નાની વાટકી (૪)
૨૪. સંગાથ (૨)
૨૫. બગીચો (૩)
૨૭. બાપ કરતાં બેટો --- (૩)
૨૮. મુલતવી (૩)
૨૯. તૂટે નહીં તેવું (૩)
૩૧. મુંબઈના રસ્તા પર જોવા મળે (૨)

## ગુજરાત મોરી મોરી રે

સહસ્રલિંગ તળાવ એટલે સો શિવલિંગનું તળાવ. રાજા દુર્લભરાયે બંધાવેલું તળાવ (દુર્લભ સરોવર) કયા શહેરમાં સ્થિત છે?

અ) હિંમતનગર બ) પાલનપુર
ક) ખેરાળુ ડ) પાટણ

## માતૃભાષાની મહેક

૬) વાણિયો બોલ્યો કે ‘હે ભોળાનાથ! હું અત્યારે માગુ છું કે મારા દીકરાના દીકરા અને વહુને સાત માળની હવેલી પર સોનાની ગોળીમાંથી માખણ ઉતારતો જોઉં. વાણિયાએ ચતુરાઈથી એક જ વાક્યમાં આંખો, દ્રવ્ય, સ્ત્રી માંગી લીધા. મહાદેવે કહ્યું ‘તથાસ્તુ’. કોઈ ખોડ ન કાઢી શકે એવું આ વાક્ય ડહાપણની મિસાલ બની ગયું.

## સુડોકુ-૭૦૮૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | | | ૫ | | | | |
| ૮ | ૬ | | | | ૧ | | | ૭ |
| | ૧ | | ૬ | ૪ | | | | ૯ |
| | | ૨ | | | | ૧ | | |
| ૧ | ૪ | | | | | | ૭ | ૫ |
| | | ૭ | | | | ૯ | | |
| ૪ | | | | ૭ | ૨ | | ૧ | |
| ૬ | | | ૮ | | | | ૯ | ૪ |
| | | | | ૩ | | | | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૭૦૮૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૮ | ૯ | ૫ | ૧ | ૩ | ૪ | ૭ |
| ૩ | ૪ | ૧ | ૭ | ૮ | ૬ | ૫ | ૯ | ૨ |
| ૫ | ૯ | ૭ | ૩ | ૪ | ૨ | ૧ | ૮ | ૬ |
| ૯ | ૨ | ૫ | ૪ | ૩ | ૭ | ૬ | ૧ | ૮ |
| ૪ | ૧ | ૩ | ૨ | ૬ | ૮ | ૭ | ૫ | ૯ |
| ૮ | ૭ | ૬ | ૧ | ૯ | ૫ | ૨ | ૩ | ૪ |
| ૧ | ૩ | ૯ | ૬ | ૭ | ૪ | ૮ | ૨ | ૫ |
| ૬ | ૫ | ૪ | ૮ | ૨ | ૩ | ૯ | ૭ | ૧ |
| ૭ | ૮ | ૨ | ૫ | ૧ | ૯ | ૪ | ૬ | ૩ |

## ઈર્શાદ

હૈયા ભીતર દવ બળે, કોઈ ન જાણે સાર,
કાં મન જાણે આપણું, કાં જાણે કરતાર.
--- લોક રચના

## ચતુર આપો જવાબ

અર્થ જણાવો

બહુ જ જાણીતી કહેવત ‘ધણી - ધણિયાણી દે રાડ ને જવાસા તો વાડ’માં જવાસાનો અર્થ જણાવો.

અ) જુવાર બ) જવાળા ક) ઘાસ ડ) બિયારણ

## માઈન્ડ ગેમ

હસ્તિનાપુરના બ્રાહ્મણ અને અશ્વત્થામાના મામાનું નામ કહી શકશો? ચિરંજીવીનું વરદાન હોવાથી યુદ્ધમાં મૃત્યુ નહોતા પામ્યા.

અ) વિદુર બ) જયદ્રથ
ક) શિશુપાલ ડ) કૃપાચાર્ય

## ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| Obnoxious | પીડાદાયક |
| Vivacious | ઉત્સાહી |
| Gregarious | મિલનસાર |
| Rebellious | વિદ્રોહી |
| Meticulous | ચોકસાઈ |

ઓળખાણ પડી?
મધ્ય પ્રદેશ

માઈન્ડ ગેમ
અધિરથ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
મોતી

ગુજરાત મોરી મોરી રે
બનાસકાંઠા

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) સુરેખા દેસાઈ (૩) ધીરેન્દ્ર ઉદેશી (૪) ગીતા ઉદેશી (૫) પ્રતિમા પમાણી (૬) ડો. પ્રકાશ કટકિયા (૭) ભારતી પ્રકાશ કટકિયા (૮) વિભા મહેશ્વરી (૯) શ્રદ્ધા આશર (૧૦) પુષ્પા પટેલ (૧૧) લજિતા ખોના (૧૨) મુલરાજ કપૂર (૧૩) જ્યોતિ ખાંડવાલા (૧૪) નીતા મુલરાજ કપૂર (૧૫) તાહેર ઔરંગાબાદવાલા (૧૬) શીરીન ઔરંગાબાદવાલા (૧૭) મહેન્દ્ર લોઢાવિયા (૧૮) નૂતન વિપીન (૧૯) મીનળ કાપડિયા (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) ભાવના કર્વે (૨૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨૫) કલ્પના આશર (૨૬) અરવિંદ કામદાર (૨૭) મહેશ દોશી (૨૮) પ્રવીણ વોરા (૨૯) અંજુ ટોલિયા (૩૦) વિણા સંપટ (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) ભારતી બુચ (૩૩) જ્યોત્સના ગાંધી (૩૪) રમેશ દલાલ (૩૫) ઈનાક્ષી દલાલ (૩૬) હિના દલાલ (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) નયના ગિરીશ મિસ્ત્રી (૩૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૦) અમીશી બંગાળી (૪૧) નિખિલ બંગાળી (૪૨) જયવંત પદમશી ચિખલ (૪૩) મહેશ સંઘવી (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) રસિક જુથાણી - કેનેડા (૪૬) હેમા હરીશ ભટ્ટ (૪૭) નિતીન જે. બજરીયા

વિશેષ

રાજેશ યાજ્ઞિક
mahendra.punatar@bombaysamachar.com

# વાણી કેવી બોલવી? સત્યં વદ પ્રિયં વદ



આપણે ત્યાં બે કહેવત બહુ બોલાય છે, ‘બોલે તેના બોર વેચાય’ અને ‘ન બોલવામાં નવ ગુણ.’ બંને કહેવતને સાથે વિચારીએ તો સમજી શકાય કે કહેવાનો ભાવાર્થ એવો છે કે જરૂર હોય ત્યાં બોલવું જોઈએ અને ન જરૂર હોય ત્યાં ચૂપ રહેવું જોઈએ. એક વિદ્વાને બહુ સરસ વાત કરી છે કે, ‘બોલતાં તો વ્યક્તિ પોતાની જાતે શીખી જાય છે, પણ ક્યાં ચૂપ રહેવું તે શીખવવું પડે છે.’ આપણે ત્યાં સાધુ-સંતો, શાસ્ત્રો, લોકસાહિત્ય એમ દરેક ઠેકાણે વાણીની મર્યાદા અને વાણીની મીઠાશ ઉપર ઘણું કહેવાયું છે. સ્કંદ પુરાણમાં વાણીના ૧૮ દોષ બતાવાયા છે. શાસ્ત્રોમાં આવી વાણી બોલનારનું બોલવું દોષયુક્ત કહેવાયું છે.

૧) અપેતાર્થઃ એવી વાણી જે બોલાય પછી કહેવાયાનો અર્થ ન સમજાય. મતલબ કે, અર્થ વગરની વાણીને અપેતાર્થ કહેવાય.

૨) અભિન્નર્થઃ જે વાણી બોલ્યા પછી તેમાં અર્થભેદ ન સમજાય તેવી વાણી બોલવાને અભિન્નર્થ કહ્યું છે.

૩) અપ્રવૃત્તઃ જે કહેવાય પણ આચરણમાં, અર્થાત્ કે પ્રવૃત્તિમાં ન મુકાય તેવી વાણીને અપ્રવૃત્ત કહ્યું છે. (ક્યાંક શાસ્ત્રકારોએ આજના રાજકારણીઓની ભવિષ્યવાણી પહેલાં જ ભાખી લીધી છે નહીં?!!)

૪) અધિકઃ જે કહેવાયું હોય તેના કરતાં પણ વધુ અર્થ ધરાવતી વાણીને અધિક દોષ વાળી વાણી કહી છે.

૫) અશ્લક્ષણઃ અસ્પષ્ટ અથવા અપરિમાર્જિત વાણીને અશ્લક્ષણ કહેવાય છે. લોકો ઘણી વાર અજાણતાં તો ક્યારેક જાણીબૂઝીને સંદિગ્ધ ભાષાપ્રયોગ કરે છે.

૬) પદાંતે ગુરુ અક્ષર : જ્યારે કોઈ પદના અંતે ગુરુ અક્ષરનો પ્રયોગ થાય તે.

૭) પરાંગમુખ-મુખઃ વક્તા જે કહેવા માગતા હોય તેનાથી વિપરીત અર્થવાળી વાત કહેવી.

૮) સંદિગ્ધઃ વ્યક્તિ જ્યારે એવી વાણી બોલે કે જેના પછી શ્રોતાના મનમાં કથનના સાચા અર્થ વિશે સંદેહ ઉત્પન્ન થાય, તેને સંદિગ્ધ વાણીદોષ કહ્યો છે.

૯) અને ૧૦) અનૃત અને અસંસ્કૃતઃ અસત્ય અને અસંસ્કારી તેમ જ વ્યાકરણની દૃષ્ટિએ અયોગ્ય હોય તેવી વાક્યરચનાયુક્ત વાણીને પણ દોષપૂર્ણ કહી છે.

૧૧) ત્રિવર્ગ વિરુદ્ધઃ ધર્મ, અર્થ અને કામથી વિરુદ્ધ હોય તેવી વાતને પણ દોષપૂર્ણ વાણી ગણવામાં આવી છે.

૧૨) ન્યૂનઃ કથનનો પૂર્ણ અને સ્પષ્ટ અર્થ સમજવા માટે પર્યાપ્ત શબ્દોનો અભાવ હોય ત્યારે તે ન્યૂન દોષયુક્ત વાણી કહેવાય છે.

૧૩) કષ્ટશબ્દઃ જેના ઉચ્ચારણમાં કષ્ટ પડે તેવા શબ્દોવાળું કઠણ કષ્ટશબ્દ દોષ છે.

૧૪) અતિશબ્દઃ કહેવાયેલી વાતને વધારી-ચઢાવીને કહેવાય ત્યારે અતિશબ્દ દોષ બને છે.

૧૫) વ્યુત્ક્રમાભિહતઃ જેમાં ક્રમનો ભંગ કરીને બોલાયું હોય ત્યારે આ વાણીદોષ કહેવાયો છે.

૧૬) સશેષઃ જેમાં બોલાઈ ગયા પછી પણ અર્થ બાકી રહી જાય, કશુંક ખૂટે ત્યારે સશેષ દોષયુક્ત વાણી કહેવાય છે.

૧૭) અહેતુકઃ જે કહેવાયું છે તેનો હેતુ સિદ્ધ ન થતો હોય, એટલે કે વ્યર્થ લાગે તેવી વાણી.

૧૮) નિષ્કારણઃ વાક્યમાં એવા શબ્દપ્રયોગો હોય જે વાપરવા માટે કોઈ કારણ ન હોય તેવી વાણી આ દોષયુક્ત ગણાય છે. ઉદાહરણ તરીકે દરેક વાક્યમાં અપશબ્દ બોલતા હોય.

આપણા શાસ્ત્રકારોએ શું બોલવા યોગ્ય છે અને શું અયોગ્ય તેના વિશે કેટલું ચિંતન કર્યું હશે તે આ વાણીના દોષ ઉપરથી જણાઈ આવે છે. આપણા સંત કવિઓએ આ વાતનો મર્મ બે લીટીમાં કહી દીધો છે.

‘ઐસી જગહ બૈઠીયે કોઈ ન બોલે ઊઠ,
ઐસી વાણી બોલીએ કોઈ ન બોલે જૂઠ’

પણ આપણો સિદ્ધાંત તેનાથી તદ્દન ઊલટો છે! આપણે તો આપણા સ્વાર્થ માટે અસત્ય, સંદિગ્ધ, અતિશયોક્તિયુક્ત, અસંસ્કૃત પણ બોલીએ છીએ. એટલું જ નહિ, કારણ વિના અને હેતુ વિનાનું પણ બોલતાં જ રહીએ છીએ. એટલે તો હાસ્યકવિએ કટાક્ષ કરતાં કહ્યું છે કે,

‘ઐસી વાણી બોલીએ કી જમકર ઝઘડા હોય, પર ઉસસે ન બોલીએ જો આપસે તગડા હોય!’


આપણા ઋષિમુનિઓ આ વાણીના દોષોને સમજાવતાં કહે છે, જ્યારે વક્તા, શ્રોતા અને વાક્ય, એમ ત્રણેય અવિકલ રહીને (વધતું-ઓછું કર્યા વિના) સમાન સ્તર પર હોય ત્યારે જ વાણીનો અભિપ્રાય યથાવત્ રૂપે પ્રગટ થઈ શકે છે. વાતચીત કરતી વખતે જો વક્તા શ્રોતાની અવહેલના કરે, અથવા તો શ્રોતા વક્તાની ઉપેક્ષા કરવા લાગે ત્યારે કહેવાયેલી વાત બુદ્ધિમાં આવતી નથી. ઉપરાંત જ્યારે સત્યનો પરિત્યાગ કરીને ખુદને અથવા શ્રોતાને પ્રિય લાગે તેવું જ બોલે તો તેનાથી સંદેહ ઉત્પન્ન થાય છે. તેથી, તેવું વાક્ય પણ સદાય સદોષ જ હોય છે. તેથી પોતાને અથવા શ્રોતાને પ્રિય લાગે તેવું નહીં, પણ કેવળ સત્ય હોય તે બોલે તેને જ આ પૃથ્વી પર યથાર્થ વાણી કહી છે, બીજી કોઈ નહીં. એટલે જ તો માત્ર એક વાક્યમાં શાસ્ત્રો કહે છે.

સત્યં વદ પ્રિયં વદ, અર્થાત્ જે સત્ય હોય તે અને પ્રિય હોય તે બોલજે. કહેવાનો અર્થ એ કે પ્રિય હોય, પણ અસત્ય હોય તો ન બોલવું અને સત્ય પણ અપ્રિય થઈ પડે, કષ્ટદાયક હોય તો ચૂપ રહેવું, પણ અસત્ય ન બોલવું. શાસ્ત્રોના અર્થગંભીર જ્ઞાનમાં જેટલા ઊંડા ઊતરીએ તેટલા જ્ઞાનના આવા મોતીઓ આપણને મળતાં જ રહે છે. ■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# બોલણહારો ક્યાંથી આવ્યો?



સુણો રે નર જ્ઞાની રે, કહી સમજાવો રે,
બોલણહારો ક્યાંથી આવ્યો રે..
ધરણી ગગન આકાશ નોતા રે,
નોતા ચંદાને સૂરા,
ઈ રે ભજનકી રે કરી લેવી ખોજના,
જેને સતગુરુ મળ્યા હોય પૂરા..
સુણો રે નર જ્ઞાની રે, કહી સમજાવો રે,
બોલણહારો ક્યાંથી આવ્યો રે..
જળ ને થળ રે કોઈ રંગ નોતા,
નોતા આકાશે શેષ મહેશા,
રામ લખનના જેદિ જલમ ભી નોતા,
તે દિ સેવા કોની કરતા રે..
સુણો રે નર જ્ઞાની રે, કહી સમજાવો રે,
બોલણહારો ક્યાંથી આવ્યો રે..
ધરથી અધર કરી રાખો રે,
રાખો અધરથી ઓરા,
સાહેબ કબીર કહે એને અમર કરી થાપો,
જે કોઈ હોયે હમેરા..
સુણો રે નર જ્ઞાની રે, કહી સમજાવો રે,
બોલણહારો ક્યાંથી આવ્યો રે..

કબીરસાહેબ કઠિન તપશ્ચર્યા ને બાહ્ય ક્રિયાકાંડોમાં બદ્ધ, પંથ-સંપ્રદાયોનાં બંધનોમાં બંધાઈને પરંપરિત વિધિવિધાનોનું આંધળું અનુસરણ કરનારા, અનુસરણ કરાવનારા સાધુ-સંન્યાસીઓને શીખ આપે છે કે સંસારનો, માયાનો ને બ્રહ્મનો ભેદ-ભરમ જાણવો હશે તો બધું જ છોડીને માત્ર ને માત્ર ભજનનો આશરો લેવો પડશે. ભજન એટલે જીવનસાધના, ભજન એટલે જીવતરનો મરમ, ભજન એટલે અક્ષરાતીતમાં ઓગળી જવું તે.

ગુજરાતમાં કબીર સંપ્રદાય-પંથની અનેકાનેક શાખાઓએ પોતપોતાની સાધના પરંપરાઓ વિકસાવી છે. એમાં ‘શબ્દ સૂરતયોગ’ હોય કે ‘નામ-વચનની સાધના’, ‘નૂરત-સૂરતની સાધના’ કહેતા હોય કે ‘સહજ યોગ’, પણ મુખ્ય સાધના વાણી કે શબ્દ-શબદ, શુક્ર, મન અને પવન સાથે સંબંધ ધરાવે છે. ગુજરાતનાં ગામડાંઓમાં કંઠસ્થ પરંપરાથી લોકભજનિકોના કંઠે સચવાતી અને પેઢી દર પેઢી ગવાતી રહેલી કબીર સાહેબની કેટલીય રચનાઓ જુદા જુદા સાધનામાર્ગોની ઓળખ કરાવે છે.

અલખની ઓળખાણનો પોતાનો અનુભવ લગભગ તમામ સંત-કવિઓએ પોતાની વાણીમાં વર્ણવ્યો છે. અષ્ટાંગ યોગ દ્વારા મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ અને આજ્ઞાચક્ર સુધીનાં ષટચક્રો ભેદીને કુંડલિની શક્તિ સહસ્રારમાં આવે અને પરમાત્મ-સાક્ષાત્કાર થાય ત્યાં સુધીમાં સાધકને જુદાજુદા અનેક અલૌકિક અનુભવો થતા હોય છે, આ સ્વાનુભવ શબ્દ દ્વારા વ્યક્ત કરવો હોય તો પરંપરિત રૂઢ પરિભાષા દ્વારા જ થઈ શકે અને એનો અર્થ સંતવાણીની પરંપરા કે પદાવલિના જાણકાર-મરમી પાસેથી જ સાંપડે.

અલખને લખવા આપણી સામાન્ય બોલી કે ભાષા કામ નથી આવતી, એ માટે તો આશરો લેવો પડે અવળવાણીનો. ગૂઢ રહસ્યાત્મક ઉક્તિઓની આ પરંપરાનાં મૂળ છેક વેદો સુધી પહોંચે છે, પણ સંતવાણી પ્રવાહમાં કબીર એના વિશિષ્ટ ને વિરલ પુરસ્કર્તા છે. કબીર-ગોરખની અવળવાણી શબ્દફેરે-ભાષાફેરે આજ સુધીના તમામ ભજનિક કવિઓ સુધી વિસ્તરતી રહી છે.

જેના ઉપર સદ્‌ગુરુની કૃપા થઈ હોય એ, ગુરુ સામે બાળક થઈને, નિર્દોષ-નિષ્પાપ થઈને જો જિજ્ઞાસાથી પ્રશ્ન કરે તો ગુરુ સાચો ઉકેલ જરૂર આપે, પણ આ માર્ગ સત્યનો છે, પ્રેમનો છે, દયા અને કરુણાનો છે. સંતની સેવા અને સાધનાનો છે. સંત મળી જાય પછી નિત્ય ઓચ્છવ, નિત્ય લીલા ને કાયમના મેળા. મરજીવા જેમ દરિયામાંથી તળિયે જઈને અમુલખ મોતી ગોતીને લઈ આવે એમ સાચું જ્ઞાન તો અંતરમાંથી જ પ્રાપ્ત થાય, પછી એને ક્યારેય ખોટ ન આવે, તૂટો ન આવે...

મન લાગો મેરો યાર ફકીરીમેં...
જો સુખ પાવો રામ ભજનમેં,
સો સુખ નાહીં અમીરીમેં..
ભલા બુરા સબકા સુનિ લીજૈ,
કર ગુજરાન ગરીબીમેં..
મન લાગો મેરો યાર ફકીરીમેં...૦
પ્રેમ નગરમેં રહની હમારી,
ભલી બન આઈ સબૂરીમેં..
હાથમેં કૂંડી, બગલમેં સોટા,
ચારોં દિસિ જાગીરીમેં..
મન લાગો મેરો યાર ફકીરીમેં...૦
આખિર યહ તન ખાક મિલેગા,
કહાં ફિરત મગરૂરીમેં..
કહા કબીર સુનો ભઈ સાધુ,
સાહિબ મિલૈ સબૂરીમેં...
મન લાગો મેરો યાર ફકીરીમેં...૦


***

ઊઠ, જાગ મુસાફિર ભોર ભઈ,
અબ રૈન કહાં જો સોવત હૈ,
જો સોવત હૈ સો ખોવત હૈ,
જો જાગત હૈ સો પાવત હૈ..
ઊઠ, જાગ મુસાફિર ભોર ભઈ,
અબ રૈન કહાં જો સોવત હૈ....૦
નીંદસે અખિયાં ખોલ જરા,
ઓ ગાફિલ રબ સે ધ્યાન લગા,
યહ પ્રીત કરનકી રીત નહીં,
રબ જાગત હૈ તૂ સોવત હૈ..
ઊઠ, જાગ મુસાફિર ભોર ભઈ,
અબ રૈન કહાં જો સોવત હૈ....૦
અય જાન, ભુગત કરની અપની,
ઓ પાપી પાપમેં ચૈન કહાં?
જબ પાપકી ગઠરી સીસ ધરી,
ફિર સીસ પકડ ક્યોં રોવત હૈ?.
ઊઠ, જાગ મુસાફિર ભોર ભઈ,
અબ રૈન કહાં જો સોવત હૈ....૦
જો કાલ કરે સો આજ કર લે,
જો આજ કરે સો અબ કર લે,
જબ ચિડિયન ખેતી ચુગિ ડાલી,
ફિર પછતાયે ક્યા હોવત હૈ?..
ઊઠ, જાગ મુસાફિર ભોર ભઈ,
અબ રૈન કહાં જો સોવત હૈ....૦

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

# ઈશ્વર-અલ્લાહ તેરો નામ, સબ કો સન્મતિ દે ભગવાન



‘જે જ્ઞાન મનને ચોખ્ખું કરે છે એ જ જ્ઞાન છે, બાકી તો અજ્ઞાન છે.

- હૃદયની સચ્ચાઈથી આંસુ સારે એને જ ઈશ્વર, અલ્લાહ, પ્રભુની પ્રાપ્તિ થાય છે, એવું દૃઢપણે માનનારા સંત રામકૃષ્ણ પરમહંસ દરેક ધર્મના લોકો માટે આદર્શરૂપ છે.

ભારતના યશસ્વી સંત રામકૃષ્ણ પરમહંસનો જન્મ ૧૮૩૬માં બંગાળના હુબલી જિલ્લાના કામારપુકુર ગામમાં થયો હતો.

- સંત તોતાપુરી પાસે એમણે સંન્યાસની દીક્ષા લઈ વેદ-પુરાણોનો અભ્યાસ કર્યો હતો. સ્વામી વિવેકાનંદ તેમના પ્રિય શિષ્ય હતા.

- તેઓ પૂજારી હતા અને મહાકાળી માતાના ભક્ત હતા.

- પૂજારી રામકૃષ્ણને લોકો ઠાકુર કહીને પણ બોલાવતા.

- તેમનું બાળપણનું નામ ગદાધર હતું. સૌ તેમને ગદાઈ કહી બોલાવતા હતા.

- તેમના પિતાનું નામ ખુદીરામ તથા માતાનું નામ ચંદ્રામણિદેવી હતું.

- ગદાઈ પરિવારમાં સૌને શાસ્ત્ર, કર્મકાંડને જ્યોતિષનું જ્ઞાન હતું, પણ ગદાઈને આ શિક્ષણમાં રસ ન પડ્યો. તેમના ભાઈ રામકુમાર એમને કલકત્તા લઈ ગયા ત્યારે એમની વય ૧૭ વર્ષની હતી.

રામકૃષ્ણ પરમહંસે નિશાળના ગણિતના બદલે પ્રકૃતિના પ્રેમાળ મનુષ્યોના સંગે આત્મપાન પ્રાપ્ત કર્યું. ગામના કુંભારો, શિલ્પીઓને ત્યાં જઈ એમનું કામ જોતા. એમાંથી જ તેમને કલાસર્જનની પ્રેરણા મળી. નૈસર્ગિક સૌંદર્ય જોઈને દિવ્ય અનુભૂતિ થતી. વેણુ વગાડતા શ્રીકૃષ્ણની ભૂમિકા હોય કે વ્યાકુળ રાધાની, કિશોર વયે તેઓ પૂરી તન્મયતાથી એ ભજવતા. તેઓ એક ધર્મ ને બીજા ધર્મ વચ્ચે ભેદ ન કરતા. તેમણે જગતના બધા ધર્મોની સાધના કરી હતી.

પરમ પૂજ્ય રામકૃષ્ણ પરમહંસના જીવનકાળમાં કલકતાને પૂર્વ ભારતનું નવું શિક્ષણ મળવા લાગ્યું. તેમને મન જીવનનું સર્વોચ્ચ લક્ષ્ય ઈશ્વર પ્રાપ્તિ હતું. તેઓ કહેતા કે, બધાં ધર્મના નામે લડે છે પણ વિચારતા નથી કે જે કૃષ્ણ કહેવાય છે એ જ શિવ છે. ઈશ્વર ને અલ્લાહ પણ તેજ છે. એક રામના હજાર નામ. સરોવરના એક ઘાટ પર હિંદુ ઘડો ભરે, બીજા પર મુસ્લિમ મશક ભરે. એક જેને જળ કહે બીજો તેને પાની, ત્રીજા ઘાટ પર ક્રિશ્ચિયન ‘વોટર’ કહે છે. કેટલા ઉચ્ચ આદર્શો.

આપ સ્વામી વિવેકાનંદના ગુરુ હતા. એક દિવસ નરેન્દ્રે (સ્વામી વિવેકાનંદ)એ તેમને પૂછ્યું- ‘આપે ઈશ્વરને જોયા છે?’ ઠાકુરે તરત કહ્યું - ‘હા, તને જોઉં છું તેવી જ રીતે હું ઈશ્વરને પણ જોઈ શકું છું. દોરામાં જો ગાંઠ પડી ગઈ હોય તો તે સોયનાં નાકામાં આવતો નથી અને તેનાથી સીવી શકાતું નથી. મનમાં પણ જો સંકીર્ણતાની ગાંઠી પડી જાય તો તે ઈશ્વર સાથે જોડી શકાતું નથી અને જીવન લક્ષ્ય પણ મેળવી શકાતું નથી.’

તેઓ નરેન્દ્રને કહેતાં - ‘ચુંબક અને પથ્થર પાણીમાં પડ્યાં રહે તો પણ તેનો લોખંડ પકડવાનો અને ઘસવાથી આગ ઉત્પન્ન થવાનો ગુણ નષ્ટ થતો નથી. વિષમ પરિસ્થિતિઓ છતાંય સજ્જન પોતાનો આદર્શવાદ છોડતો નથી. તેમ જ ઝેર સાપના પગમાં નહીં, મોંમાં હોય છે. વાહ! કેટલો સરસ બોધ.

સુજ્ઞ વાચક મિત્રો! સંત રામકૃષ્ણ પરમહંસનું પવિત્ર જીવન હિંદુ, મુસ્લિમ, ક્રિશ્ચિયન સૌ સમુદાયો અને જગત આખા માટે આદર્શ દૃષ્ટાંત પૂરું પાડે છે. વર્તમાન સમયનો તકાજો બની રહે છે કે સંત રામકૃષ્ણ પરમહંસના પવિત્ર જીવનને પોતાની વાણી-વિચારોમાં અવિરત વહેતા રાખે. સમયનો આ તકાજો છે.

**બોધઃ-**
ઈશ્વર-અલ્લાહ તેરો નામ,
સબ કો સન્મતિ દે ભગવાન. ■

ગીતા મહિમા

સારંગપ્રીત
bhandev@bombaysamachar.com

# સંગ કોનો કરવો?



ભગવાન કૃષ્ણ આત્મા અને ઇન્દ્રિયોના સંબંધોની છણાવટ કરે છે.

જ્યારે કોઈ શરીરનો જન્મ થાય છે તે ભેગો જ આત્માનો પ્રવેશ થાય છે કે તે પહેલાં ગર્ભમાં જ તેનો પ્રવેશ થઈ ગયો છે? વળી શરીરમાં રહેનાર ઇન્દ્રિયો અને અંતઃકરણને કોણ લઈ આવે છે? આ પ્રશ્નના ઉત્તરમાં ગીતા સમજાવે છે કે ‘ગૃહીત્વા એતાનિ’(૧૫/૮) એટલે કે શરીરના જન્મના પૂર્વ ઉદ્દેશ્ય અને મૂળમાં જ આત્મા છે. વળી ઇન્દ્રિયો અને અંતઃકરણ પણ આત્મા પોતાની સાથે લાવે છે. આમ ઇન્દ્રિયો અને અંતઃકરણને આત્માનો સંગ છે.

હા, ઇન્દ્રિયો અને આત્માને જૂનો સંબંધ છે. જ્યાં સુધી આત્મા મુક્ત નથી થતો ત્યાં સુધી તેની સાથે સૂક્ષ્મ શરીર જોડાયેલું છે. તે જ આગળ સ્થૂળ શરીરમાં પરિણમે છે. જોકે આત્મા શુદ્ધ, પ્રબુદ્ધ અને જ્ઞાનમય છે. જો ઇન્દ્રિયો પણ આત્માના સંગથી શુદ્ધ અને પવિત્ર આચરણ કરે તો આ સંગ સાચો! પરંતુ આ સંસારના મલીન પંચવિષયોનો સંગ જો ઇન્દ્રિયોને થાય તો તે અપવિત્ર અને અશુદ્ધ આચરણ તરફ ગતિ કરે છે. આના પરિણામે જીવને પણ બંધન થાય.

હા, આ લોકમાં પણ સંગ મહત્ત્વનો છે. ન્યૂરોસર્જરી ક્ષેત્રનું એક પ્રખ્યાત નામ છે ડૉ. બેન કાર્સન. તેઓ પોતાના પુસ્તક ‘ગિફ્ટેડ હેન્ડસ’માં જણાવે છે કે, ‘જ્યારે હું નાનો હતો ત્યારે ખૂબ જ હિંસક સ્વભાવનો હતો. કિશોર વયમાં તો હું લોકોને પથ્થરો, ઈંટો, બેસબોલના બેટથી મારતો. એક વખત કપડાંની બાબતે થયેલ સાવ સાધારણ ઝઘડામાં મેં મારી માતાને માથામાં હથોડો મારી દીધો.

૯મા ધોરણમાં મારા એક મિત્ર સાથે રેડિયો સાંભળતો હતો અને એક મિત્રે મને હેરાન કરવા ચેનલ બદલી નાખી તો મેં તેને ચપ્પુ મારી દીધું. મને સ્કૂલમાંથી બરતરફ કરવામાં આવ્યો.’ કાર્સનના પિતા હતા નહીં. તેની મા ૨-૩ જૉબ કરીને ઘરનું ગુજરાન ચલાવતી હતી, પરંતુ કાર્સનની જવાબદારી તેની માતાએ લીધી અને તેના જીવનમાં એવો રંગ ભર્યો કે જે કાર્સન લોકોને મારવામાં કે મારી નાખવા સુધી ખચકાતો ન હતો, તે લોકોને નવું જીવન આપવા માંડ્યો. માથાથી જોડાયેલા બે ટ્વિન્સને અલગ કરનાર તે પ્રથમ ન્યૂરોસર્જન બન્યો. ૧૯૮૪ની સાલમાં અમેરિકાની વિખ્યાત જોન્સ હોપકિન્સ ચિલ્ડ્રન સેન્ટરમાં પીડિયાટ્રિક્સ ન્યૂરોસર્જરીના સૌથી યુવા ડિરેક્ટર બન્યા, માત્ર ૩૩ વર્ષની ઉંમરે. તો એવું તો શું કર્યું તેની અભણ માતાએ કે જેને કારણે હિંસક રંગે રંગાયેલો કાર્સન માનવતાનો અને મહાનતાનો રંગ પામી શક્યો? શાળાએથી બરતરફ થયેલ કાર્સનને તેની માતાએ કહ્યું કે તારે દર અઠવાડિયે બે પુસ્તકો વાંચીને તેનો રિપોર્ટ લખીને મને બતાવવાનો.

બસ આ એક ટેવથી કાર્સનના જીવને પલટો માર્યો, પણ આશ્ચર્ય તો એ હતું કે તે જે રિપોર્ટ બતાવતો હતો તે તેની માતા વાંચી પણ શકતી ન હતી કારણ તે અભણ હતી, પણ પુસ્તકોના સંગે કાર્સનના વિચાર, આચાર અને વ્યવહાર બદલાઈ ગયા. આ છે સંગનો રંગ. અને સામે ખરાબ સંગની અસર પણ એટલી જ તીવ્ર અને ઘાતક હોઈ શકે છે.

૨૪ માર્ચ,૧૯૮૯ બ્રિટિશ સમાચાર ધ ડેલી એક્સપ્રેસમાં એક ચોંકાવી દેનાર ઘટના છપાઈ, બ્રાયન બ્રિટન, ૧૬ વર્ષનો છોકરો. ‘રેમ્બો’ નામની ફિલ્મથી પ્રભાવિત આ બાળકે પોતાના બેડરૂમને જાણે રેમ્બોનું મંદિર બનાવી દીધું હતું. તે પથારીમાં બંદૂક, બારૂદ-ગોળા અને સ્મોક ગ્રેનેડ રાખતો અને ફિલ્મનું ઝનૂન ત્યાં સુધી ચઢી ગયું કે એક દિવસ સવારમાં માતા-પિતા સાથેના ઝઘડામાં બ્રાયને તેના મા-બાપ અને ભાઈ જેસન ત્રણેયની ગોળી મારી હત્યા કરી નાખી.

આ છે સંગતનો પ્રભાવ. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ગુરુ યોગીજી મહારાજ એક સુંદર દૃષ્ટાંત આપતા કે આપણું જીવન પાણી જેવુ નહીં, પણ અગ્નિ જેવું હોવું જોઈએ. પાણીમાં જે રંગ નાખો તે રંગ તે ધારણ કરી લે અને અગ્નિમાં જે પણ કંઈ નાખો તેને અગ્નિ પોતાનો રંગ આપી દે.

સિદ્ધાંતોની બાબતમાં આપણું જીવન અગ્નિ જેવું હોવું જોઈએ. જેથી કોઈ અભદ્ર રંગ આપણા જીવનને કલંકિત ના કરી શકે. સાથે સાથે આપણી ભીતરનો ચારિત્ર્યનો, નૈતિક્તાનો, પવિત્રતાનો રંગ એવો ઘેરો હોય કે આપણી સાથે જીવનારને તે રંગ લાગે તો તેનું જીવન પણ ઊર્ધ્વગામી બને. જીવનની રંગોળીમાં એવા રંગો પૂરીએ જેની શોભા જીવનને વધુ જીવવાલાયક બનાવે.

હા, સાચા સંગી એ છે જે આપણને ભગવાન, સંત અને સાચાં મૂલ્યો તરફ લઈ જાય. આ સંગ જ જીવનનું સાચું લક્ષ્ય સિદ્ધ કરાવે છે. ■

ચિંતન

# જિંદગીનું ધ્યેય: પ્રત્યેક ધ્યેયથી મુક્તિ

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com



માનવીની એ પ્રકૃતિ છે કે એ ક્યારેય પણ હેતુ વિના કાર્ય નથી કરતો. તેના મનમાં કંઈક રમતું જ હોય જેને કારણે તે કાર્યરત થાય. આરામ કરવાની વૃત્તિ પણ એક રીતે કાર્ય છે, જેમાં કંઈ નથી કરવું તે વૃત્તિ પ્રબળ હોય. કાર્ય તો કાર્ય છે જ પણ કાર્યનો અભાવ પણ કાર્ય છે. કાર્ય પાછળનો હેતુ તો હેતુ છે પણ હેતુનો અભાવ પણ હેતુ છે. ધ્યેય નક્કી ન કરવું એ પણ ધ્યેય છે. પ્રશ્ન એ છે કે શું આ પ્રકારના હેતુ માટે, ધ્યેય માટે વ્યક્તિ સભાન હોય છે? અથવા વાસ્તવમાં જિંદગીનો હેતુ કયો, જિંદગીનું ધ્યેય શું.

જિંદગીમાં દરેક મિનિટ માટે એક ધ્યેય હોય છે. દરેક કલાક માટેનું પણ એક ધ્યેય નિર્ધારિત હોય છે. અત્યારે આ કામ પતાવી દેવું છે, આટલું તો થઈ જ જવું જોઈએ. આ થઈ જવું જોઈએ, આવી રીતે થઈ જવું જોઈએ, આ સમયગાળામાં થઈ જવું જોઈએ, આ સાધનો તથા ઉપકરણોના ઉપયોગથી જે તે નિર્ધારિત કાર્ય સિદ્ધ થવું જોઈએ, તે પૂર્ણ કરવા માટે આટલી સાધન સામગ્રી ખર્ચ થાય તે માન્ય રહેશે – આવી બાબતો દરેક કાલખંડ માટે પણ નક્કી થતી હોય છે. પ્રત્યેક દિવસ માટે એક ધ્યેય નક્કી કરાતું હોય છે, અથવા થઈ જતું હોય છે. પ્રત્યેક અઠવાડિયા માટે, પ્રત્યેક મહિના માટે પણ એક કાર્ય સૂચિ હોય છે અને તે કાર્ય સૂચિ તે સમયગાળા માટે નક્કી કરેલા ધ્યેય મુજબની હોય છે. દરેક જન્મદિવસે એક સંકલ્પ કરવામાં આવે છે જે તે વર્ષ માટેના ધ્યેય સમાન હોય છે.

આ પ્રકારની પ્રક્રિયામાં કાર્યસૂચિ મહત્વની હોય છે તેમ નથી, અકાર્યતા પણ મહત્ત્વની હોય છે. હમણાં આ નથી કરવું એ પણ એક પ્રકારનું ધ્યેય છે. આ કલાકે માત્ર આરામ કરવો છે, હમણાં નિષ્ક્રિય રહેવું છે, માત્ર બેસી રહેવું છે – આ પણ ધ્યેયનો જ પ્રકાર છે. ધ્યેય તો હોય જ, જીવનના પ્રત્યેક કાલ ખંડમાં.

પ્રત્યેક કાલખંડના ઉપયોગ માટે એક ચોક્કસ પ્રકારનો ધ્યેય મનમાં સ્થાપિત હોય. પ્રત્યેક સમયનો ઉપયોગ કરવાની માનવીની તમન્ના હોય. તે કોઈક ભૌતિક સુખ-સંપત્તિ પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખે, અથવા માનસિક શાંતિ કે આનંદ માટે પ્રયત્ન કરે, અથવા વ્યક્તિગત સિદ્ધિ માટે કાર્યરત થાય, અથવા પોતાની જવાબદારી – પોતાનું ઉત્તરદાયિત્વ નિભાવવા પ્રયત્નશીલ બને, અથવા આસુરી શક્તિની અસર હેઠળ અનૈતિક કાર્યમાં જોતરાય – કે તેનાથી વિપરીત દૈવી શક્તિની અસર હેઠળ હકારાત્મક કાર્યમાં સમુહલગ્ન થાય. કારણ ગમે તે હોય, વ્યક્તિના મનમાં ધ્યેય નક્કી હોય છે અને તે અનુસાર તે જે તે કાર્યમાં સંલગ્ન થાય છે.

આ ધ્યેય સભાનતાપૂર્વકનું હોઈ શકે કે અજાણતામાં સ્થાપિત થયેલું, લાંબાગાળાનું હોઈ શકે કે ટૂંકાગાળાનું, સામાજિક હોઈ શકે કે વ્યક્તિગત, સર્જનાત્મક હોઈ શકે કે ખંડનાત્મક, વિવેક આધારિત હોઈ શકે કે સ્વાર્થ આધારિત – વિકલ્પો ઘણા છે અને દરેકના અમલીકરણ માટે જુદા પ્રકારની માનસિકતા, જુદા પ્રકારની તૈયારી, જુદા પ્રકારની કાર્યશૈલી તથા જુદા પ્રકારની ક્ષમતા જરૂરી બની રહે.

ઉપભોક્તાવાદી સમાજમાં દરેક કાર્ય પાછળનો મુખ્ય હેતુ સુખ-સગવડતા તથા આનંદ પ્રાપ્ત કરવાનો હોય છે. ઇચ્છિત પામી જીવનને સ્વર્ગ જેવું બનાવી દેવાની કામના અહીં મુખ્ય જણાય છે. ક્યારેક વ્યક્તિ અપાર અપેક્ષા સાથે કાર્યરત થાય છે તો ક્યારેક કશું પણ કર્યા વગર નિષ્ક્રિય રહી ને આરામની અનુભૂતિ પામવા પ્રયત્ન કરે છે. તે ક્યારેક વર્તમાન માટે ઇચ્છિત – જરૂરી બાબતની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ રહે છે તો ક્યારેક ભવિષ્યના આયોજન માટે તે કાર્યશીલ રહે છે. એમ કહી શકાય કે કાર્ય પાછળ ક્યારેક ઇનામની આશા હોય તો ક્યારેક શિક્ષાથી બચવાનો પ્રયત્ન હોય, પણ ઉપભોક્તાવાદી ધ્યેય નક્કી હોય છે. સનાતની પરંપરાના અનુસંધાનમાં કહીએ તો પ્રત્યેક પુરુષાર્થ પાછળ ચાર કારણો હોય છેઃ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આ ચારમાંથી એક ધ્યેય માટે, આ ચારમાંથી એક હેતુને સિદ્ધ કરવા વ્યક્તિ કાર્યરત થાય.

કોઈપણ પ્રકારના ધ્યેય વગર માનવી એક ક્ષણ પણ પસાર ન કરી શકે. સમજવાની વાત એ છે કે જીવનનો પ્રત્યેક કાલખંડ ધ્યેય યુક્ત હોય. તો પ્રશ્ન એ થાય કે સમગ્ર જીવનનું ધ્યેય કયું. જવાબ બે શ્રેણીમાં આવે. જેની માટે જિંદગી મજા છે તે એક પ્રકારનો જવાબ આપે અને જેની માટે જિંદગી સજા છે તેનો જવાબ જુદો હોય. ઊંડાણપૂર્વક વિચારતાં જણાશે કે જિંદગી એટલે જ દુઃખ અને બંધન. આ વાત યથાર્થ છે, સત્ય છે, વાસ્તવિક છે, અંતિમ છે.

બુદ્ધને જિંદગી કષ્ટદાયક જણાઈ હતી. કોઈ રોગી, વૃદ્ધ અને નનામી જોઈને તેને જિંદગીની તકલીફોની પ્રતીતિ થઈ હતી. બુદ્ધની શ્રેણીમાં આવનાર વ્યક્તિ ફરીથી જિંદગીની અપેક્ષા ન રાખે. તે જિંદગીથી મુક્તિ ઈચ્છે. મજાની વાત એ છે કે કોઈપણ પ્રકારની ઈચ્છા એ બંધનનું કારણ છે. અર્થાત્ ભલે તે મુક્તિ માટેની હોય, પણ ઈચ્છા તો તે પણ ન હોવી જોઈએ. શાસ્ત્રોમાં અને ખાસ કરીને અષ્ટાવક્ર ગીતામાં જણાવવામાં આવ્યું છે કે તું મુક્ત જ છે, તને બંધન છે એ માન્યતા જ તારું બંધન છે. આ એક મોટી ઘોષણા છે, એક વિશાળ સત્ય છે, એક અકલ્પનીય વાસ્તવિકતા છે, આ મુક્તિની પ્રતીતિ માટેનું પહેલું તેમજ અંતિમ ચરણ છે.

આ એ સ્થિતિ છે કે જેમાં નથી પ્રવૃત્તિની કે નથી નિવૃત્તિ ઈચ્છા. અહીં સુખ અને દુઃખ, મુક્તિ અને બંધન, કર્મ અને અકર્મ, ધ્યેય-યુક્તતા અને ધ્યેય-મુક્તતા, શૂન્ય અને અનંત, સીમિત અને પૂર્ણ, અખંડ અને ખંડિત, વિશ્વ અને અણુ – બધું જ એક સમાન બની રહે છે. અહીં કોઈપણ ભેદ નથી, કોઈપણ પ્રકારનું વર્ગીકરણ નથી, કોઈપણ સ્વરૂપે વિભાજન નથી, કોઈપણ પ્રકારનો દ્વંદ્વ અસ્તિત્વમાં નથી. અહીં માત્ર એક છે, એકમાત્ર સર્વત્ર છે, તે એકમાત્ર શાશ્વત છે. અહીં ક્યાંક સત્ય અને અસત્ય, ધર્મ અને અધર્મ, પુણ્ય અને પાપ, નૈતિકતા અને અનૈતિકતા, નિરાકાર અને સાકાર પણ એકાકાર થઈ જાય છે.

આ તટસ્થ, સાક્ષી ભાવ યુક્ત સ્થિતિ એટલે જીવનનું અંતિમ ધ્યેય. જિંદગીનું અંતિમ ધ્યેય એટલે પ્રત્યેક ધ્યેયથી મુક્તતા. પ્રત્યેક ધ્યેયથી મુક્તતા મળે તે પ્રમાણેનું ધ્યેય પણ અહીં અસ્વીકૃત છે. ■

ભજનનો પ્રસાદ

# નિષ્કુળાનંદસ્વામી : વૈરાગ્યભાવ ને ભક્તિતત્ત્વના તર્કપૂત ઉદ્‍ગાતા

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

નિષ્કુળાનંદ એમના વૈરાગ્યભાવનાં પદોથી એ સમયે સવિશેષ ખ્યાત હતા. એક વખત ધોલેરામાં હતા ત્યારે એક અમલદાર ગામમાં પધારેલા. એમને ખબર પડી કે 'જનની જીવો રે ગોપીચંદની' પદના રચયિતા અહીં મંદિરમાં છે. એટલે એક હરિભક્તને લઈને મંદિરમાં ગયા. નિષ્કુળાનંદ એ સમયે નામ-જાપ કરતાં-કરતાં મંદિરની કમાન ઘડતા હતા. આખું શરીર ધૂળથી રજોટાઈ ગયેલું. આ દૃશ્ય જોઈને અમલદારે કહ્યું કે કીર્તન રચયિતા આ ન હોય. નિષ્કુળાનંદે શ્રીજી મહારાજની જય કહીને કહ્યું કે 'મણિ તો સાચો છે પણ રજે ભીંજાણો છે' સ્વામીના આવા સહજ ત્યાગમય સરળ વ્યક્તિત્વનો અમલદાર પર ભારે પ્રભાવ પડેલો અને તે જ વખતે સ્વામીના હાથથી વ્રતમાન ભરાવેલો' એમને ધોલેરા વિશેષ પસંદ હતું. તેઓ અંતર્મુખી હતા. બહુ જમેલો, ભીડ એમને પસંદ ન હતી. ખરા અર્થમાં એકાન્તિક હતા. એમના 'પુરુષોત્તમપ્રકાશ'ના એક પદમાં એ ભાવને એમણે વાચા આપી છે, એ અંશ અવલોકીએ.

*'નાનો દેશ નિરસ અતિ, દેહાભિમાનીને દુઃખરૂપ,*
*તિર્યા ત્યાગી હોય તે ટકે, બીજાને સંકટરૂપ.*
*માટે એ મંદિર પર, ઘણું-ઘણું રહે છે હેત,*
*ધન્ય ધન્ય એ સંતને, જે ઇંયા રહે કરી પ્રીત.'*

તપોમય જીવન અને સાધનાને અનુકૂળ વાતાવરણમાં તેઓએ ધોલાર મંદિરનું મહંતપદ સ્વીકાર્યું. મંદિરના નિર્માણમાં, નકશીકામમાં અને નરવા પરિવેશમાં જ તેમણે આજીવન સાધના કરીને અહીંથી અક્ષરધામ પ્રયાણ કરેલું. મંદિરમાંનો એ ઓટલે ક્યારેક દર્શને જજો, ત્યાં આસન વાળજો, ધ્યાનસ્થ અવસ્થામાં પહોંચાશે. મેં સન્મિત્ર હરિભક્ત હરેન્દ્ર ભટ્ટ સાથે એક વખત ત્યાં યાત્રા કરેલી. હેતથી ઠાકોરજી જમાડેલા.

* * *

સંત અને કવિ નિષ્કુળાનંદનું એક કટાક્ષમૂલક અભિવ્યક્તિકળા કૌશલ્યને પ્રગટાવતું પદ 'પાછી આપો, તમારો પાડ રે, મારી ધોરાજીની ધાબળી' ખરા વૈરાગ્યભાવમાં આસક્તિ ક્યારેય ન પ્રગટે, સંતોમાં બધુ છોડીને ભક્તિભાવને વરેલા થોડા સાધુઓમાં તે સમયે વખણાતી ધોરાજીની ધાબળી સાધુઓ ખાસ ધારણ કરતા, એને



છોડતા કે છેટી રાખતા નહીં. સાધુ-સંતોનું આવું વલણ અવલોકીને શ્રીજી મહારાજે સંતોને એમની પાસેની ધાબળી ત્યજી દેવાની આજ્ઞા કરેલી. નિષ્કુળાનંદજીએ તો ધાબળીને સ્પર્શ પણ નહીં કરેલો. પણ આ ધાબળી ત્યજવાથી કેટલાક સંતોનું દિલ દુભાયેલું. આથી ભારે વ્યંગમાં કટાક્ષથી સંતોના હૃદયની મમત્વભાવની વૃત્તિને પદમાં ઢાળીને સંતોને ખરા અર્થમાં ધાબળીના મોહમાંથી સહજ રીતે મુક્ત કરેલા. શ્રીહરિને નિષ્કુળાનંદનો આ અર્થપૂર્ણ ઉપક્રમ હૃદયસ્પર્શી જણાયેલો. વૈરાગ્યભાવનું તંતોતંત પાલન અને અન્યને પણ સહજ રીતે એ તરફ વાળવા પ્રવૃત્ત નિષ્કુળાનંદ મને એ રીતે અનન્ય અને અનોખા સંતકવિ જણાયા છે.

વૈરાગ્યભાવ નિષ્કુળાનંદજીના જીવનમાં વણાઈ ગયો પણ સૌંદર્યભાવ પરત્વે અનુરાગ આજીવન રહ્યો. ગૃહસ્થી સુથાર કાર્ય વખતનું તેમનું પ્રદાન ગામમાં અને હાલાર પંથકમાં વખણાતું. શેખપાટ ગામ જ્યાં શ્રીહરિની આજ્ઞાથી પ્રારંભનું જીવન વ્યતિત કર્યું અને 'યમદંડ'નું સર્જન આરંભેલ એ શેખાપાટ ગામનો ચોરો પોતાની દેખરેખ હેઠળ ચણાવીને તેમાં કોતરણીકામ વાળી થાંભલીઓ તથા એના બારસાખ અને કમાડોમાં પોતે દાખવેલી કારીગરી આજે પણ અવશેષ રૂપે અવલોકવા મળે છે.

વડતાલ ધામે સામૈયામાં પોતાના ઇષ્ટદેવ શ્રીહરિને ઝૂલાવવા માટે સુંદર કોતરણીની જાણકારી અને કારીગરીના કૌશલ્યના પરિપાક રૂપે, જાતે બાર બારણાવાળો હિંડોળો ઘડીને-સર્જીને જ્ઞાનબાગમાં બે આંબા વચ્ચે બાંધેલો. ત્યાં ભગવાન સ્વામીનારાયણ મસ્તકે મુકુટ ધારણ કરીને તે હિંડોળા પર સ્થાન ગ્રહણ કરીને ઝૂલેલા. બાર બારણેથી જાણે કે બાર સ્વરૂપ ધારણ કરીને સહુ હરિભક્તોને બધી બાજુએથી દર્શનલાભ આપેલો. એ કલાત્મક હિંડોળો પછીથી સહજાનંદ સ્વામીના બંધુ રામપ્રતાપભાઈના મહાલયે વડતાલમાં સચવાયેલ. મેં એની પ્રતિકૃતિના દર્શન જ્ઞાનબાગે પૂજ્યપાદ પાર્ષદ કાનજી ભગતના અપાર પ્રેમને કારણે સન્મિત્ર હરેન્દ્ર ભટ્ટ સાથે કરેલા આદરણીય પાર્ષદશ્રી લાલજી ભગત ઉપસ્થિત હતા. હિંડોળાનો પ્રભાવ અને પ્રખ્યાતી ખૂબ થયેલી. 'ભક્તચિંતામણિ' ગ્રંથમાં નિષ્કુળાનંદ સ્વામીએ સ્વયં એનું યથાતથઃ વિગતે વર્ણન કરેલું.

**'પછી લખે કર્યો તો હિંડોળો,**
**સારો સુંદર શોભિત પ્હોળો**
**બાર બારણે ઓપે અનુપ**
**જોયા જેવું છે જાળીનું રૂપ**
**પાંચ શિખરે શોભે નિદાન**
**જાણિયે વૈકુંઠનું વિમાન**
**કાજુ કનકના કોટિના લેખે**
**બહુ ફૂલ ને હાર તે લેકે'**

(ક્રમશઃ)■

શિવ રહસ્ય

# હું દેવરાજ નહુશ તમને મારી પત્ની બનાવવા ઉત્સુક છું, શું મારી દરખાસ્ત તમે સ્વીકારશો?

ભરત પટેલ
feedback@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

વૃત્રાસુર અને દેવરાજ ઇન્દ્ર સંયુક્ત રીતે સ્વર્ગલોકના સિંહાસન પર આરૂઢ હતા. જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ દેવગણો વૃત્રાસુરનો જયજયકાર કરીને થાકી ગયા હતા. દેવરાજ ઇન્દ્ર પણ મિત્રતાનો ઢોંગ કરતાં થાકી ગયા હતા. દેવગુરુ બૃહસ્પતિ જણાવે છે કે, વૃત્રાસુરને વરદાન મળેલું છે કે તેનો વધ પૃથ્વી કે અન્ય કોઈ પણ લોકના પુરુષ કે શસ્ત્રથી નહીં થઈ શકે. વૃત્રાસુરનો વધ એવા કોઈ શસ્ત્રથી થવો જોઈએ જે સર્વશક્તિશાળી હોય. સર્વશક્તિશાળી શસ્ત્ર એટલે સર્વશક્તિમાન અસ્થિનું વજ્ર અને સર્વશક્તિમાન અસ્થિ જો કોઈનાં હોય તો તે દેવાધિદેવના મહાન ભક્ત મહર્ષિ દધીચિનાં. દેવગણોએ મહર્ષિ દધીચિ પાસે તેમનાં અસ્થિનું દાન માગતાં મહર્ષિ દધીચિ યોગશક્તિથી દેહત્યાગ કરે છે. મહર્ષિ દધીચિનાં અસ્થિ નવાં વજ્રનો આકાર ધારણ કરે છે. નવા વજ્રને મેળવી દેવરાજ ઇન્દ્ર પ્રસન્ન થઈ અટ્ટહાસ્ય કરવા લાગે છે. દેવરાજ ઇન્દ્રના અટ્ટહાસ્યને જોઈ મહર્ષિ દધીચિનાં પત્ની માતા સુયશા ક્રોધિત થાય છે અને દેવરાજ ઇન્દ્રને શ્રાપ આપતાં કહે છે, 'હે મૂર્ખ દેવરાજ ઇન્દ્ર મારા પતિના ત્યાગને તમે અટ્ટહાસ્યથી વધાવતાં હોય તો હું તમને શ્રાપ આપું છું કે નવા વજ્રથી વૃત્રાસુરના વધ બાદ પણ તમે સ્વર્ગલોકના સિંહાસન પર બેસી નહીં શકશો. તમે કુષ્ઠરોગ નામના એક ભયંકર રોગથી પીડાશો અને કુરૂપ બની જશો. નવા વજ્રથી ઉત્સાહિત દેવરાજ ઇન્દ્ર અને દેવગણો સ્વર્ગલોક પર આક્રમણ કરી વૃત્રાસુરનો વધ કરે છે. વૃત્રાસુરના વધ બાદ દેવરાજ ઇન્દ્રનું મુકુટ અને વજ્ર કૈલાસ ખાતે જતાં રહે છે અને માતા સુયશાના શ્રાપથી દેવરાજ ઇન્દ્રને કુષ્ઠરોગ થતાં તેઓ કુરૂપ થઈ જાય છે. દેવગણો તેમને ઓળખી શકતા નથી અને તેમને સ્વર્ગલોકથી પ્રતાડિત કરે છે. કંટાળેલા દેવરાજ ઇન્દ્ર કૈલાસ પહોંચે છે અને ભગવાન શિવના શરણે જાય છે અને કહે છે, 'હું મારી ભૂલોનો સ્વીકાર કરું છું, શું મારાં કષ્ટો દૂર નહીં થાય.' ભગવાન શિવ તેમને સલાહ આપે છે કે, નીચે આવેલા માનસરોવરમાં એક મોટા કમળની નાળમાં સમાઈ શકો તેટલું શરીર કૃષ કરી નાળમાં બેસી આરાધના કરો, તમારી મનોકામના પૂર્ણ થશે.

***

ભગવાન શિવની આજ્ઞાથી દેવરાજ ઇન્દ્ર માનસરોવરમાં એક મોટા કમળની નાળમાં સમાઈ શકે તેટલું શરીર કૃષ કરી નાળમાં બેસી આરાધના કરે છે. તો સામે સ્વર્ગલોકમાં દેવરાજ ઇન્દ્રની ગેરહાજરીથી દેવગણો પર સંચાલન છૂટી જતાં પૃથ્વીલોકમાં દુકાળ પડે છે. અગ્નિ અને વાયુ પર પણ કોઈ સંચાલન ન હોવાથી પૃથ્વીલોક પર અરાજકતા ફેલાય છે. પૃથ્વીલોકની અરાજકતા જોઈ દેવગુરુ બૃહસ્પતિ કૈલાસ પહોંચે છે.

***

દેવગુરુ બૃહસ્પતિઃ 'હે ભોલેનાથ, દુકાળ અને અનાવૃષ્ટિથી પૃથ્વીવાસીઓ ત્રસ્ત છે, એમના પર કૃપાદૃષ્ટિ નાખો શિવશંકર.'

ભગવાન શિવઃ 'હે દેવગુરુ બૃહસ્પતિ, તમે એ સત્યને જાણો જ છો કે, સ્વર્ગલોક પર ઇન્દ્રનું સિંહાસન ખાલી હોવાથી ત્યાંની વ્યવસ્થા તૂટી પડી છે, હવે દેવગણને પ્રશ્ન છે કે તેઓ કોના આદેશથી કામ કરે.'

દેવગુરુ બૃહસ્પતિઃ 'હે ભોલેનાથ હું તમને વિનંતી કરું છું કે દેવરાજ



ઇન્દ્રને દોષમાફી આપી મુક્ત કરો જેથી સ્વર્ગનું સંચાલન વ્યવસ્થિત પાર પાડી શકાય.'

ભગવાન શિવઃ 'ઇન્દ્રદેવ પ્રાયશ્ચિત અને તપસ્યા પૂર્ણ કર્યા વગર દોષમુક્ત નહીં થઈ શકે, તમારે સ્વર્ગના સિંહાસન પર એવા પુણ્યાત્માને બેસાડવા પડશે જે સદેહે સ્વર્ગ જઈ શકે તેટલો પુણ્યશાળી હોવો જોઇએ.'

દેવગુરુ બૃહસ્પતિઃ 'હે દેવાધિદેવ, શું આ પગલું સૃષ્ટિના નિયમોથી વિરુદ્ધ નહીં હોય.'

ભગવાન શિવઃ 'નિયમોમાં અપવાદ પણ હોઈ શકે છે.'

દેવગુરુ બૃહસ્પતિઃ 'હે પ્રભુ દેવરાજ ઇન્દ્રના સ્થાને આરૂઢ થઈ શકે તેવો પુણ્યાત્મા પૃથ્વી પર ઉપલબ્ધ છે? અને હા તો અમને જણાવવાની કૃપા કરશોજી.'

ભગવાન શિવઃ 'કુરુવંશી મહારાજા નહુશ, તેમની પાસે જઈ તેમને સ્વર્ગાધિપતિ બનવા વિનંતી કરશો તો તેઓ તૈયાર થશે.'

દેવગુરુ બૃહસ્પતિની વિનંતીને માન આપી કુરુવંશી રાજા નહુશ સ્વર્ગલોક આવી રાજગાદી સંભાળી લે છે.

***

પ્રખર શિવભક્ત અને કુરુવંશી રાજા નહુશ દેવરાજ ઇન્દ્રની ગાદી સંભાળ્યા બાદ ઋષિ ત્વષ્ટા દ્વારા બનાવવામાં આવેલ માતા શક્તિના મંદિરમાં નિત્ય જવા લાગ્યા. કોઈ કોઈવખત દેવી સચિ સાથે પણ તેમનો માતા શક્તિના મંદિરમાં ભેટો થવા લાગ્યો. દેવી સચિ દેવરાજ નહુશને જોઈ સંકોચ અનુભવી ત્યાંથી વિદાય લેતાં હતાં અને અંતે પુણ્યાત્મા કુરુવંશી રાજા નહુશ દેવી સચિના આકર્ષણમાં બંધાઈ ગયા. સ્વર્ગલોક ખાતે દેવર્ષિ નારદ પુણ્યાત્મા રાજા નહુશની આંખોમાં એ આકર્ષણ જોઈ ગયા. તેઓ તુરંત કૈલાસ પહોંચ્યા

દેવર્ષિ નારદઃ 'દેવાધિ દેવ મહાદેવની જય હો, પ્રભુ હું સ્વર્ગાધિપતિ રાજા નહુશની આંખોમાં કંઈક જોઈ રહ્યો છું.'

ભગવાન શિવઃ 'નહુશે અનિચ્છાએ સ્વર્ગનું સિંહાસન લીધું હતું, તેમને આશંકા હતી કે તેઓ સ્વર્ગ જશે તો ધર્મના માર્ગથી વિમુખ થઈ જશે, અને હવે આ આ શંકા સત્યનું રૂપ લઈ સાકાર થઈ રહી છે. તેઓ ધર્મથી વિમુખ થઈ રહ્યા છે. સ્વર્ગલોક કોઈ પણ ધર્માત્માને ધર્મના માર્ગ પર ચાલતાં ભટકાવી શકે છે.'

***

બીજી તરફ સ્વર્ગલોક ખાતે દેવરાજ નહુશ દેવગુરુ બૃહસ્પતિને મળે છે.

દેવરાજ નહુશઃ 'દેવગુરુ હું એ જાણવા માગું છું કે, દેવરાજ તરીકે સ્વર્ગલોકના સિંહાસન પર બેસ્યા બાદ દેવી સચિ પર મારો અધિકાર કેટલો?'

દેવગુરુ બૃહસ્પતિઃ 'મારા અનુભવે હું એટલું અવશ્ય જાણું છું કે દેવી સચિ પોતાના પતિ દેવરાજ ઇન્દ્રને જ વરેલી છે, તે અન્ય કોઈ પુરુષની પત્ની બનવાનો સ્વીકાર નહીં કરે.'

દેવરાજ નહુશઃ 'જો હું બળપ્રયોગ કરું તો?'

દેવગુરુ બૃહસ્પતિઃ 'આપ જેવા પ્રખર શિવભક્ત, ન્યાયપ્રિય અને નીતિવાન પુરુષ અસુરોની જેમ બળપ્રયોગ કરી શકે જ નહીં, એની મને ખાતરી છે.'

એ જ સમયે દેવી સચિ ત્યાંથી જઈ રહ્યાં હતાં.

દેવરાજ નહુશઃ 'દેવી સચિ, દેવી સચિ.'

દેવી સચિઃ 'બોલો, હુકુમ કરો દેવરાજ નહુશ.'

દેવરાજ નહુશઃ 'હું દેવરાજ નહુશ તમને મારી પત્ની બનાવવા ઉત્સુક છું. શું મારી દરખાસ્ત તમે સ્વીકારશો?'

દેવી સચિઃ 'અવશ્ય, પણ મારી એક શરત છે કે, તમે પાલખીમાં આવો અને એ પાલખી સપ્તઋષિઓએ ઊંચકવી જોઈએ.'

દેવરાજ નહુશઃ 'હું દેવરાજ નહુશ તમને વચન આપું છું કે થોડા જ સમયમાં સપ્તઋષિઓએ ઊંચકેલી પાલખીમાં તમારી વરણી કરવા આવીશ.'

***

દેવી સચિની વિદાય બાદ દેવરાજ નહુશ સપ્તઋષિઓનું આહ્‌વાન કરે છે અને તેમને આદેશ આપે છે કે 'એક પાલખી લઈ આવો તેમને દેવી સચિના નિવાસે લઈ જવામાં આવે.'

દેવરાજ નહુશના આદેશ પર સપ્તઋષિ પાલખીની વ્યવસ્થા કરે છે અને દેવરાજ નહુશને બેસાડી તેમને દેવી સચિના નિવાસસ્થાને લઈ જવા પ્રસ્થાન કરે છે.

દેવરાજ નહુશઃ 'હું દેવી સચિની વરણી કરવા ઉત્સુક છું, તમે બહુ ધીમે ધીમે ચાલો છો, હે સપ્તઋષિઓ હું તમને આદેશ આપું છું કે સર્પગતિથી ચાલો, નહીં તો હું તમને દંડિત કરીશ.'

ક્રોધિત ઋષિ વશિષ્ઠઃ 'હે મૂર્ખ, જા હું તને શ્રાપ આપું છું કે તું સર્પ બની જા અને પાતાળલોકમાં નિવાસ કર.'


ઋષિ વશિષ્ઠના શ્રાપથી તુરંત દેવરાજ નહુશ સર્પ બની જાય છે અને પાતાળલોકમાં નિવાસ કરે છે. (ક્રમશઃ)■

ફોકસ

# સનાતન સંસ્કૃતિનું મહાપર્વ એટલે મકરસંક્રાંતિ

આર.સી.શર્મા
mahendra.punatar@bombaysamachar.com

મકરસંક્રાંતિ આપણા દેશનું સૌથી અગત્યનું અને સાંસ્કૃતિક પર્વોમાંનું એક છે. એની પાછળ અનેક ધાર્મિક, સાંસ્કૃતિક અને વૈજ્ઞાનિક કારણો પણ છે. સૌથી મોટી વાત તો એ છે કે આ કોઈ ક્ષેત્રનો વિશેષ તહેવાર નથી, પરંતુ ભારતભરમાં અલગ-અલગ નામ અને રીતભાતથી મનાવવામાં આવે છે. એ પર્વે સમગ્ર સનાતન સંસ્કૃતિનાં દર્શન થાય છે. કદાચ આ જ કારણ છે કે પંજાબ-હરિયાણામાં લોહરી, ગુજરાત અને મહારાષ્ટ્રમાં ઉત્તરાયણ, ઉત્તર પ્રદેશ અને બિહારમાં ખીચડી, દક્ષિણ ભારતના તામિલનાડુમાં અને આંધ્રપ્રદેશમાં પોંગલ, પશ્ચિમ બંગાળમાં ગંગા સાગર મેલા અને આસામ તથા પૂર્વોત્તર રાજ્યોમાં બિહુના નામે જાણીતો છે. આ બધા ઉત્સવ એક જ દિવસે



ઊજવવામાં આવે છે, પરંતુ એમાં આપણી મહાન પરંપરાનાં દર્શન થાય છે. આ બધા તહેવારો મનાવવા પાછળ લોકોની અસીમ શ્રદ્ધા છે. આવતીકાલે એટલે ૧૪ જાન્યુઆરીએ દેશભરમાં આપણે ઉત્તરાણનો ઉત્સવ મનાવીશું. ભારતની સાથે આપણા પાડોશી દેશ નેપાળમાં પણ મકર સંક્રાંતિનો પર્વ પૂરી આસ્થા અને હર્ષોલ્લાસથી મનાવવામાં આવે છે. આ દિવસે સૂર્ય ધનુ રાશિમાંથી નીકળીને મકર રાશિમાં પ્રવેશ કરે છે. સૂર્ય ઉત્તર દિશા તરફ જાય છે. એથી એને મકર સંક્રાંતિ કહેવામાં આવે છે. શૂભ મુહૂર્તોની વાત કરીએ તો વૈદિક પંચાંગ મુજબ ૧૪ જાન્યુઆરીએ સવારે ૯ વાગીને ૩ મિનિટે સૂર્ય ધનું રાશીમાંથી નીકળીને મકર રાશિમાં પ્રવેશ કરશે. આજના દિવસે લોકો પવિત્ર નદીમાં સ્નાન કરીને ભગવાન સૂર્યને અર્ધ્ય દે છે. સાથે જ યથાશક્તિ દાન-પુણ્ય કરે છે. તો કેટલાક લોકો ગંગા, યમુના, ગોદાવરી, કાવેરી, નર્મદા નદીઓમાં સ્નાન કરે છે. આ સિવાય ભગવાન વિષ્ણુ અને અન્ય દેવતાઓની પણ પૂજા-અર્ચના કરવામાં આવે છે. ગુજરાત, રાજસ્થાનમાં આ દિવસે પતંગ ચગાવવાનું, મોજ-મસ્તી કરવાનું પર્વ હોય છે. તો ક્યાંક મેળાની સાથે લોકનૃત્યોનું પણ આયોજન કરવામાં આવે છે. આવી રીતે આ ઉત્સવ સામાજિક એકતા, આધ્યાત્મિક શાંતિ અને કુદરત સાથે તાલમેલ જોડવાનો સંદેશ આપે છે. ■

# ભાજપના વિજયથી શરદ પવારની વિશ્વાસઘાતની રાજનીતિનો અંતઃ અમિત શાહ

શિરડીઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે રવિવારે જણાવ્યું હતું કે, પીઢ રાજકારણી શરદ પવારે ૧૯૭૮થી મહારાષ્ટ્રમાં વિશ્વાસઘાત અને વિશ્વાસઘાતની રાજનીતિ રમી હતી. વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના જ્વલંત વિજય સાથે એનો અંત આવ્યો હતો.

શિરડીમાં રાજ્ય ભાજપના સંમેલનને સંબોધતા શાહે કહ્યું હતું કે મહારાષ્ટ્રના લોકોએ એનસીપી (એસપી)ના અધ્યક્ષ પવાર અને શિવસેના (યુબીટી)ના નેતા ઉદ્ધવ ઠાકરેને ગયા વર્ષે યોજાયેલી ચૂંટણીમાં વંશવાદ અને વિશ્વાસઘાતની રાજનીતિને નકારીને પોતાનું સ્થાન દેખાડી દીધું હતું.

૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ, એનસીપી અને શિવસેનાના મહાયુતિ ગઠબંધને રાજ્યની ૨૮૮માંથી ૨૩૦ બેઠકો જીતી હતી. ભાજપ ૧૩૨ બેઠકો સાથે આ આગળ હતો. વિપક્ષી મહા વિકાસ આઘાડી (એમવીએ) ૪૬ બેઠકો પર સમેટાઈ ગઈ હતી, જેમાં એનસીપી (એસપી) અને સેના (યુબીટી)ને અનુક્રમે ૧૦ અને ૨૦ બેઠકો મળી હતી.

અમિત શાહે વધુમાં જણાવ્યું હતું કે 'શરદ પવારે ૧૯૭૮માં મહારાષ્ટ્રમાં 'દગાબાજીની રાજનીતિ શરૂ કરી હતી. લોકોએ ૨૦૨૪માં એને જાકારો આપ્યો હતો. એ જ રીતે વંશવાદની રાજનીતિ અને ઉદ્ધવ ઠાકરેના વિશ્વાસઘાતને પણ દરવાજો દેખાડી દેવામાં આવ્યો હતો. આ ચૂંટણી સાથે મહારાષ્ટ્રમાં

(જુઓ પાનું ૪) ▶▶



**મેગા બ્લોકની અસરઃ** મુંબઈની ત્રણેય લોકલ લાઈનો પર રવિવારે મેગા-બ્લોક લેવામાં આવ્યો હોવાથી ટ્રેનો અડધોથી પોણો કલાક મોડી દોડી રહી હતી અને તેને કારણે લગભગ દરેક સ્ટેશન પર પ્રવાસીઓની ભારે ભીડ જોવા મળી હતી. (અમય ખરાડે)

# પરવડી શકે તેવા ઘર ઉપલબ્ધ કરાવવાનો સરકારનો નિર્ધારઃ એકનાથ શિંદે



**સુપર બાઈકની મજાઃ** મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ રવિવારે થાણેમાં આયોજિત 'રેમન્ડ ૧૦૦ ઓટોફેસ્ટ'ની મુલાકાત લીધી હતી, જ્યાં સુપર બાઈક, વિન્ટેજ બાઈક, સ્પોર્ટ્સ કાર અને વિન્ટેજ કાર પ્રદર્શનમાં મૂકવામાં આવી હતી. અહીં એક સુપર બાઈકથી તેઓ એટલા પ્રભાવિત થયા હતા કે તેને ચલાવવા લાગ્યા હતા, શોના આયોજક ગૌતમ સિંઘાણિયા પણ તેમની સાથે બાઈક પર બેઠા હતા. (અમય ખરાડે)

થાણેઃ થાણે ખાતે એક કાર્યક્રમના ઉદ્ઘાટનમાં પહોંચેલા નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ઉપસ્થિત લોકોને સરકારના વિકાસ કાર્યોની રૂપરેખા આપી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત લોકો સામે વક્તવ્ય આપતા તેમણે જણાવ્યું હતું કે, 'મારી પાસે શહેરી વિકાસ અને હાઉસિંગ બંને ખાતા છે. તેથી, મારી પાસે સામાન્ય નાગરિકો, કામ કરતી મહિલાઓ, શિક્ષણ માટે આવતા વિદ્યાર્થીઓ અને વરિષ્ઠ નાગરિકોને પરવડે તેવા આવાસ આપવા માટે કાયદો ઘડવા અને અમલમાં મૂકવાની જવાબદારી છે. 'અમે થાણે, મુંબઈ, મુંબઈ મેટ્રોપોલીટન અને સમગ્ર રાજ્યમાં પોસાય તેવા મકાનો બાંધવા માગીએ છીએ. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું હતું કે તેમની સરકારનો એજન્ડા સસ્તા ભાડાના આવાસ બનાવવાનો છે, જેથી દરેક લોકોને

(જુઓ પાનું ૪) ▶▶

# સેના (યુબીટી) એ ક્યારેય ઈન્ડિયા બ્લોક અથવા એમવીએને તોડવાની હાકલ કરી નથીઃ સંજય રાઉત

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે રવિવારે જણાવ્યું હતું કે તેમનો પક્ષ પોતાનો આધાર મજબૂત કરવા માટે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીમાં એકલા હાથે લડશે અને તેણે ક્યારેય વિપક્ષી ઇન્ડિયા બ્લોક અથવા મહા વિકાસ આઘાડીને વિખેરી નાખવાની હાકલ કરી નથી.

રાઉતની ટીપ્પણી તેના એક દિવસ પછી આવી છે જ્યારે તેમણે રાજકીય જોડાણમાં પક્ષોના કાર્યકરો માટે તકોની અછત અને સંગઠનના વિસ્તારના અધિકારથી એકલા ચૂંટણી લડવાનો ઉલ્લેખ કર્યો હતો, તેમના વિધાનને કારણે વિપક્ષી જૂથની એકતા પર પ્રશ્નાર્થ ચિહ્ન ઊભું થયું હતું.

રવિવારના રોજ પત્રકારો સાથે વાત કરતા, રાઉતે જણાવ્યું હતું કે, એમવીએની રચના વિધાનસભા અને મહાયુતિની લોકસભા ચૂંટણી માટે કરવામાં આવી હતી. સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓનો હેતુ પક્ષના કાર્યકરોને સશક્ત બનાવવા અને પાયાના સ્તરે સંગઠનને મજબૂત કરવા માટે છે. રાઉતે એમ પણ ઉમેર્યું કે મેં અથવા મારી પાર્ટીએ ક્યારેય કહ્યું નથી કે ઈન્ડિયા બ્લોક અથવા એમવીએનું વિસર્જન કરવું જોઈએ.

ચૂંટણીમાં એકલા જવાની યોજનાઓ અંગેની ટિપ્પણીઓ અંગે કોંગ્રેસના નેતાઓએ તેમની ટીકા કરી તે વિશે પૂછવામાં આવતા, રાઉતે કહ્યું કે સૌથી જૂની અને મોટી પાર્ટીના સભ્યોએ પ્રતિક્રિયા આપતા પહેલા તેમની સંપૂર્ણ ટિપ્પણીઓ સાંભળવી જોઈએ. તેમણે કહ્યું કે, કોંગ્રેસના નેતાઓને બીજાની વાત સાંભળવાની તૈયારી હોવી જોઈએ.

રાઉતે કહ્યું કે શિવસેના (ઉદ્ધવ જૂથ) તેનું ચૂંટણી પ્રતીક 'મશાલ' પાયાના સ્તરના મતદારો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા માંગે છે. એમવીએના સાથીઓએ હવે તેના પક્ષો અને તેમના કાર્યકરોને મજબૂત કરવા માટે બૂથ સ્તરે કામ કરવું જોઈએ, એમ તેમણે જણાવ્યું હતું.(પીટીઆઈ) ■

# ગેરકાયદે દસ્તાવેજો મેળવનાર બાંગ્લાદેશીઓ 'વોટ જેહાદ ભાગ-૨': ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે કહ્યું હતું કે મતદાનનો અધિકાર મેળવવા માટે રાજ્યમાં ગેરકાયદેસર રીતે જન્મનું પ્રમાણપત્ર માગતા બાંગ્લાદેશીઓ 'વોટ જેહાદ ભાગ ૨' છે.

ફડણવીસે નવેમ્બર વિધાનસભા ચૂંટણી પ્રચાર દરમિયાન ૨૦૨૪ની શરૂઆતમાં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં ભાજપ વિરુદ્ધ સામૂહિક મતદાન કરનારા સમુદાયના દાખલા ટાંકી એને 'વોટ જેહાદ' ગણાવ્યું હતું.

અહિલ્યાનગરના શિરડીમાં પ્રદેશ ભાજપના સંમેલનમાં બોલતા ફડણવીસે વધુમાં જણાવ્યું હતું કે 'બાંગ્લાદેશી ઘૂસણખોરો વોટ જેહાદના ભાગ ૨ના ભાગરૂપે મહારાષ્ટ્રમાં જન્મ પ્રમાણપત્ર માંગી રહ્યા છે. નાશિકના

(જુઓ પાનું ૪) ▶▶

## ત્રણ-ચાર મહિનામાં મહાપાલિકાઓની ચૂંટણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યમાં શિરડીમાં ભાજપના ચાલી રહેલા મહાઅધિવેશન દરમિયાન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રાજ્યના કાર્યકર્તાઓને આગામી ત્રણથી ચાર મહિનામાં મહાનગરપાલિકાની ચૂંટણી થવાની શક્યતાને ધ્યાનમાં રાખીને સજ્જ રહેવાનો નિર્દેશ આપ્યો હતો.

મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને મળેલી સફળતા બાદ રવિવારે શિરડીમાં પક્ષનું મહાઅધિવેશન પાર પડ્યું

(જુઓ પાનું ૪) ▶▶

# ગડકરીએ કંગનાની 'ઈમરજન્સી'ને વખાણી

મુંબઈઃ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ રવિવારે શિરડીમાં મહારાષ્ટ્ર ભાજપ સંમેલનમાં અભિનેત્રી કંગના રનૌટની આગામી ફિલ્મ 'ઈમરજન્સી'ની પ્રશંસા કરી હતી. કંગનાએ શનિવારે નાગપુરમાં ગડકરી માટે ફિલ્મનો સ્પેશિયલ શો રાખ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે સરસ ફિલ્મ બનાવી છે. કેવી રીતે અને ક્યારે કટોકટી લાદવામાં આવી હતી અને ભાજપના કાર્યકર્તાઓએ કેવો સંઘર્ષ કર્યો હતો એનું એમાં નિરૂપણ કરવામાં આવ્યું છે.

મીસા હેઠળ ઘણાને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા અને તેમને પરિવારની મુશ્કેલીઓ સહન કરવી પડી હતી.

જનસંઘ સમાપ્ત થઈ ગયો હોવાનું માનવામાં આવતું હતું, પણ અમે એ માન્યતા ખોટી પાડી.' ■

# ઉદ્ધવ ઠાકરેની શિવસેનાનો પ્રભાવ ઘટ્યો છેઃ નારાયણ રાણે

મુંબઈઃ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી એકલા હાથે લડવાની પક્ષ દ્વારા કરવામાં આવેલી જાહેરાત અંગે ભારતીય જનતા પક્ષના સંસદસભ્ય નારાયણ રાણેએ રવિવારે શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેની ઝાટકણી કાઢી હતી અને શિવસેનાની તાકાત ઘટી ગઈ હોવાનો આક્ષેપ કર્યો હતો.

શિવસેના (યુબીટી)એ શનિવારે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી એકલા હાથે લડવાની જાહેરાત કરી હતી, જેના કારણે વિરોધ પક્ષ મહા વિકાસ આઘાડીની એકતા સામે પ્રશ્નાર્થ ચિહ્ન ઊભું થયું છે.

ચૂંટણી એકલપંડે લડવા માટે પક્ષના નેતા સંજય રાઉતે ગઠબંધનમાં સંબંધિત પક્ષોના કાર્યકરો માટે પૂરતી તકનો અભાવ અને સંગઠનાત્મક વિકાસના અધિકારને કારણ ગણાવ્યા હતા.

'ઈન્ડિયા' ગઠબંધન અને એમવીએ ગઠબંધન - જેમાં સેના (યુબીટી), કોંગ્રેસ અને એનસીપી (એસપી) નો સમાવેશ થાય છે - લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણી પૂરતું હતું એવી દલીલ રાઉતે કરી હતી. ■

# બીડ, પરભણીની સ્થિતિ વિશે શરદ પવાર - ફડણવીસની ચર્ચા

પુણેઃ સરપંચની હત્યા અને ન્યાયિક કસ્ટડીમાં દલિત યુવકની હત્યા બાદ બીડ અને પરભણીને સતાવી રહેલા સામાજિક તણાવને સામાન્ય બનાવવાના પ્રયાસો વિશે પોતે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથે ચર્ચા કરી હોવાનું એનસીપી (એસપી)ના અધ્યક્ષ શરદ પવારે જણાવ્યું છે.પવારે શનિવારે જણાવ્યું હતું કે બીડ અને પરભણીમાં પૂર્વવત્ સામાન્ય સ્થિતિ લાવવા અને સમસ્યાઓના નિરાકરણ માટે સંયુક્ત પ્રયાસોની જરૂર છે. બીડ જિલ્લાના મસ્સાજોગ ગામના સરપંચ સંતોષ દેશમુખની ૯ ડિસેમ્બરે થયેલી ઘાતકી હત્યાના પગલે શાસક અને વિરોધ પક્ષો વચ્ચે હુંસાતુંસી શરૂ થઈ છે, કારણ કે સંબંધિત ખંડણી કેસમાં પકડાયેલી વ્યક્તિમાંથી એક રાજ્યના પ્રધાન ધનંજય મુંડેનો નજીકનો સાથી છે.આ ઘટનાને પગલે રાજ્યમાં વ્યાપક વિરોધ પ્રદર્શિત થયો છે, દેશમુખ મરાઠા હોવાથી જાતિગત સંઘર્ષની આશંકાને પણ જન્મ આપ્યો છે અને અટકાયત થઈ છે તેમાંના કેટલાક વણઝારી સમુદાયના છે. પરભણીમાં ૧૦ ડિસેમ્બરે બંધારણની પ્રતિકૃતિમાં તોડફોડ થયા બાદ થયેલી હિંસા બાદ ધરપકડ કરાયેલા સોમનાથ સૂર્યવંશીનું ૧૫ ડિસેમ્બરે માંદગીના પછી જેલમાંથી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા બાદ અચાનક મૃત્યુ થયું હતું. (પીટીઆઈ) ■





મુંબઈમાં ઉતરાણની જોરદાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. બજારમાં ભાતભાતના પતંગો અને ફિરકીઓ આવી ગઈ છે. સાથે સાથે ઉતરાણમાં સૌથી વધારે ખવાતાં અને ઉતરાણની ઓળખ સમાન બોર મળતા થઈ ગયા છે. (અમય ખરાડે)

# પાંચ હજાર યુવાનો નક્સલવાદથી મુક્ત થયા, ઘણાને નોકરી મળીઃ ગડકરી

મુંબઈઃ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ રવિવારે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રના ગઢચિરોલીમાં નક્સલવાદમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. લગભગ પાંચ હજાર યુવાનો ગેરકાનૂની પ્રવૃત્તિ સાથે કાનૂની છેડો ફાડી મુખ્ય પ્રવાહમાં જોડાયા છે અને તેમાંના ઘણાને રોજગાર મળ્યો છે. અહિલ્યા નગર જિલ્લાના શિરડી ખાતે ભાજપના રાજ્ય કક્ષાના સંમેલનમાં તેમણે જણાવ્યું હતું કે, આગામી પાંચ વર્ષમાં ગઢચિરોલી મહારાષ્ટ્રનો સૌથી વધુ મહેસૂલ આપતો જિલ્લો બની જશે.ગડકરીએ ભાજપના કાર્યકરોને પક્ષની ચૂંટણીની સફળતાને અર્થપૂર્ણ સામાજિક પરિવર્તનમાં ફેરવવા અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, ગયા વર્ષે રાજ્ય વિધાનસભા ચૂંટણીમાં વિજયથી 'સુરાજ્ય'ની સ્થાપના થવી જોઈએ. (પીટીઆઈ)■

# જોગેશ્વરીમાં ચાલીનો હિસ્સો તૂટી પડતા છ જખમી

મુંબઈઃ જોગેશ્વરી (પૂર્વ)માં મજાસ વાડી ગુમ્ફા દર્શન બિલ્ડિંગ નજીક આવેલી ચુનીલાલ મારવાડી ચાલનો અમુક હિસ્સો તૂટી પડતા છ રહેવાસીઓ જખમી થયા હતા, જેમાંથી ૨૬ વર્ષની મહિલા પર હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે અને તેની તબિયત સ્થિર છે. તો બાકીના પાંચને સારવાર બાદ રજા આપવામાં આવી હતી. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ગ્રાઉન્ડ પ્લસ એક માળની ચુનીલાલ ચાલનો પહેલા માળનો હિસ્સો ગઈ સાંજે લગભગ ચાર વાગ્યાની આસપાસ અચાનક તૂટી પડ્યો હતો, તેને કારણે બિલ્ડિંગમાં રહેતા છ લોકો જખમી થયા હતા. ■

# બોઈસરમાં એટીએમ તોડી પચીસ લાખની ચોરી

પાલઘરઃ રાષ્ટ્રીયકૃત બૅન્કનું એટીએમ તોડીને પચીસ લાખ રૂપિયાની ચોરી કરવામાં આવી હોવાની ઘટના પાલઘર જિલ્લાના બોઈસર ખાતે બની હતી. બોઈસર પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર સિરીષ પવારે જણાવ્યું હતું કે ઘટના રવિવારના મળસકે ૩.૩૦ વાગ્યાની આસપાસ બની હતી. અજાણ્યા ચોરો એટીએમ તોડી તેમાંથી પચીસ લાખ રૂપિયા ચોરી ફરાર થઈ ગયા હતા. ચોરીમાં કેટલા લોકો સંડોવાયેલા હતા તેની માહિતી મળી શકી નહોતી, પરંતુ સીસીટીવી કૅમેરામાં માત્ર એક શકમંદ નજરે પડે છે. આ પ્રકરણે અજાણ્યા શખસો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી હતી.

# વિકલાંગના કોચમાં પ્રવાસ કરનારા શખસે આરપીએફના કોન્સ્ટેબલને બચકું ભર્યું

પાલઘરઃ આરપીએફના કોન્સ્ટેબલ સાથે કથિત મારપીટ કરી તેને બચકું ભરવા બદલ વસઈ રેલવે પોલીસે પ્રવાસીની ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા મુજબ આરોપી વિકલાંગના કોચમાં પ્રવાસ કરતો હતો. અન્ય પ્રવાસીઓની ફરિયાદ બાદ કોન્સ્ટેબલે એ પ્રવાસીની પૂછપરછ કરી હતી. ગુસ્સામાં આવી પ્રવાસીએ કોન્સ્ટેબલ પર હુમલો કર્યો હતો અને બચકું ભર્યું હતું. કોન્સ્ટેબલે અન્ય પ્રવાસીઓની મદદથી આરોપીને પકડી પાડ્યો હતો. (પીટીઆઈ)

# 'ગેરકાયદેસર' ધરપકડો પર કોર્ટના આદેશથી તપાસ એજન્સીઓને નીચાજોણું થયું

મુંબઈઃ તાજેતરમાં વિવિધ કેસમાં કોર્ટ દ્વારા 'ગેરકાયદેસર ધરપકડ' ને ટાંકીને મુક્તિના અપાયેલા અદાલતી આદેશો તપાસ એજન્સીઓ માટે આંચકા સમાન છે.

ડિસેમ્બર ૨૦૨૪ માં, સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશનએ લાંચના કેસમાં બે રેવેન્યુ સર્વિસ અધિકારીઓ સહિત છ વ્યક્તિઓની ધરપકડ કરી હતી, પરંતુ અહીંની એક વિશેષ અદાલતે આરોપીઓની ધરપકડને ''ગેરકાયદેસર'' ગણાવીને સીબીઆઈ કસ્ટડીનો ઇનકાર કર્યો હતો અને તેમની તાત્કાલિક મુક્તિનો આદેશ આપ્યો હતો. છેલ્લા છ મહિનામાં, સીબીઆઈ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) અને સ્થાનિક પોલીસ જેવી તપાસ એજન્સીઓની ઘણી રિમાન્ડ અરજીઓ અહીંની અદાલતોમાં આ જ રીતે ફગાવી દેવાઈ છે.

મોટા ભાગના કેસોમાં, બચાવ પક્ષની રજૂઆત તપાસ એજન્સીઓ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા જોગવાઈઓનું પાલન ન કરવા પર કેન્દ્રિત હતી, જેમ કે કેસ ડાયરીની યોગ્ય રીતે જાળવણી ન કરવી, આરોપીને તાત્કાલિક ધરપકડનું કારણ ન આપવું અથવા તેને ધરપકડના ૨૪ કલાકની અંદર કોર્ટમાં રજૂ ન કરવો.

સીબીઆઈને બીજા આંચકામાં, કોર્ટે લાંચના કેસમાં ધરપકડ કરાયેલા ઇડી અધિકારી વિશાલ દીપના ટ્રાન્ઝિટ રિમાન્ડનો ઇનકાર કર્યો હતો, નોંધ્યું હતું કે ''કેસ ડાયરી રજૂ કરવામાં ફરિયાદ પક્ષની નિષ્ફળતા તેના કેસને નબળો બનાવે છે'.

ધરપકડને ગેરકાયદેસર ગણાવતા કોર્ટે તેને ''ગંભીર ભૂલ'' ગણાવી હતી. ઇડીએ ગયા વર્ષે પણ શરમ અનુભવી હતી જ્યારે સ્પેશિયલ પીએમએલએ કોર્ટે મની લોન્ડરિંગ કેસમાં આરોપી એવા બિઝનેસમેન પુરુષોત્તમ મંધાનાને ધરપકડનું કારણ અને તે ગુનામાં દોષિત હોવાનું ''માનવાનાં કારણો''ની નકલ ન આપવા બદલ મુક્ત કર્યો હતો. અહીંની એક મેજિસ્ટ્રેટ કોર્ટે તાજેતરમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નક્સલવાદ પરના તાજેતરના ભાષણનો છેડછાડનો વીડિયો ઓનલાઈન પોસ્ટ કરવા બદલ કેસ કરાયેલા એક વ્યક્તિને મુક્ત કરવાનો પણ આદેશ આપ્યો હતો. વરિષ્ઠ વકીલ સતીશ માનેશિંદેએ જણાવ્યું હતું કે આમાંના મોટા ભાગના કેસોમાં ધરપકડ ''અવિચારી'' અને ''મિકેનિકલ'' હતી.

જો કે, સંતુલિત અભિગમની માંગણી કરતા, રાજ્યનું પ્રતિનિધિત્વ કરતા વકીલો માને છે કે પીડિતોના અધિકારો પણ એટલા જ મહત્વપૂર્ણ છે. તપાસ એજન્સીઓએ ભૂલ કરી હોય તો તેની સજા પીડિતો શામાટે ભોગવે? તેઓએ પૂછ્યું.

૧૯૯૩ના મુંબઈ બોમ્બ વિસ્ફોટના કેસ સહિત વિવિધ હાઈપ્રોફાઈલ કેસોમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કરનારા વરિષ્ઠ વિશેષ વકીલ ઉજ્જ્વલ નિકમે જણાવ્યું હતું કે, ''એમાં કોઈ શંકા નથી કે આરોપી અને તેમના પરિવારને પણ ધરપકડના કારણોની જાણ કરવી ફરજિયાત છે, જેથી આરોપીની વ્યક્તિગત સ્વતંત્રતા જોખમમાં ન આવે.

'' આ જોગવાઈમાં થોડો સુધારો કરવાનો સમય આવી ગયો છે કારણ કે કેટલાક સખત આરોપીઓને 'ઢીલા કરવા' ખૂબ જ મુશ્કેલ છે અને તેમની કસ્ટોડિયલ પૂછપરછ જરૂરી હોય છે, જેનો અર્થ દુર્વ્યવહાર નથી, પરંતુ સતત પ્રશ્નો પૂછવા છે, એમ તેમણે ઉમેર્યું.

વિશેષ સરકારી વકીલ શિશિર હિરેએ કહ્યું કે જો કોઈ આરોપી ફરાર હોય, તો તેને ખબર છે કે પોલીસ તેની પાછળ દોડી રહી છે અને તે તેની ધરપકડનું કારણ પણ જાણે છે, તેથી ફરાર આરોપીઓને આ નિયમિત પરિમાણો લાગુ કરી ન શકો.

ઘણા કેસોમાં સીબીઆઈનું પ્રતિનિધિત્વ કરનારા એડવોકેટ જિતેન્દ્ર શર્માએ જણાવ્યું હતું કે જો આવા કેસોનો ન્યાયતંત્ર દ્વારા નિર્ણય લેવામાં આવશે તો ખાનગી અને જાહેર સેવકોની મિલીભગતથી ભ્રષ્ટાચારના મામલામાં તપાસ એજન્સીઓ તાપસ કેવી રીતે આગળ ધપાવશે? ''ધરપકડ ગેરકાયદેસર છે કે કાયદેસર, તે ન્યાયતંત્રનો વિશેષાધિકાર છે. તેની સાથે સાથે, તપાસ એજન્સીએ પણ નિષ્પક્ષ રીતે તપાસ હાથ ધરવી જોઈએ અને તે તક તેના દ્વારા પ્રદાન કરવી જોઈએ, અન્યથા તે તપાસમાં અડચણ ઊભી કરશે,'' તેમણે ઉમેર્યું. (પીટીઆઈ)

# ભૂતપૂર્વ ઓપનર ગાવસકરના સન્માન સાથે વાનખેડેની ૫૦ વર્ષની ઉજવણીનું ઓપનિંગ

## સમારોહમાં વિનોદ કાંબળીનું પણ બહુમાન કરાયું: જાણો, આગામી કાર્યક્રમોમાં કયા દિગ્ગજો હાજરી આપશે!

મુંબઈ: બૅટિંગ-લેજન્ડ સુનીલ ગાવસકર અને ભૂતપૂર્વ ક્રિકેટર વિનોદ કાંબળી સહિત મુંબઈ ક્રિકેટના કેટલાક સ્ટાર ખેલાડીઓનું ગઈ કાલે અહીં વાનખેડે સ્ટેડિયમ ખાતે મુંબઈ ક્રિકેટ ઍસોસિયેશન (એમસીએ) દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. વાનખેડે સ્ટેડિયમની ૫૦મી જયંતિ નિમિત્તે એક અઠવાડિયાની ઉજવણીનું સપ્તાહ ગઈ કાલે શરૂ થયું અને એના પ્રારંભિક સમારોહમાં ગાવસકર-કાંબળી સહિત અનેક ખેલાડીઓના સન્માનનો ખાસ કાર્યક્રમ યોજાયો હતો.

આ સેલિબ્રેશન-વીકની મુખ્ય ઇવેન્ટ રવિવાર, ૧૯મી જાન્યુઆરીએ વાનખેડેમાં યોજાશે. સપ્તાહ દરમ્યાનના સેલિબ્રેશનમાં મુંબઈના બીજા સ્ટાર ક્રિકેટરો સચિન તેન્ડુલકર, દિલીપ વેન્ગસરકર અને રોહિત શર્મા પણ હાજરી આપશે. એ ઉપરાંત, રવિ શાસ્ત્રી, અજિંક્ય રહાણે, ભારતનો ટી-૨૦ કૅપ્ટન સૂર્યકુમાર યાદવ તેમ જ ભૂતપૂર્વ મહિલા સુકાની ડાયના એદલજી પણ ઉપસ્થિત રહેશે એવી સંભાવના છે.

એમસીએના પ્રમુખ અજિંક્ય નાઇકે ગાવસકરને મોમેન્ટો આપીને બહુમાન કર્યું હતું.

પીટીઆઇના અહેવાલ મુજબ ગાવસકરે આ પ્રસંગે કહ્યું, 'ઐતિહાસિક અને લોકપ્રિય સ્થળ (વાનખેડે સ્ટેડિયમ)નું ભારતીય ક્રિકેટમાં બહુ મોટું યોગદાન છે અને આ સ્થળે આ પ્રસંગને હું ગૌરવભેર માણી રહ્યો છું. ૨૦૧૧ના વન-ડે વર્લ્ડ કપની ફાઇનલ આ સ્થળે રમાઈ હતી જે આ સ્થળની સૌથી મોટી સિદ્ધિ છે.'




વાનખેડેના રવિવારનો સમારંભ એમસીએના પ્રમુખ અજિંક્ય નાઇક, ઉપ-પ્રમુખ સંજય નાઇક, સેક્રેટરી અભય હડપની હાજરીમાં યોજાયો હતો અને આ સમારોહમાં ઉપસ્થિત જાણીતા ગાવસકર તથા કાંબળી તેમ જ અન્ય ક્રિકેટર્સમાં સંજય માંજરેકર, વસીમ જાફર, રાજુ કુલકર્ણી, ચંદ્રકાન્ત પંડિત, લાલચંદ રાજપૂત તેમ જ અન્ય ખેલાડીઓ તેમ જ ખજાનચી અરમાન મલિકનો પણ સમાવેશ હતો. મુંબઈના સ્પોર્ટ્સ જર્નલિસ્ટ ઍસોસિયેશનનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું.

ગાવસકરે પ્રવચનમાં એવું પણ જણાવ્યું હતું કે 'વાનખેડેની ૫૦ વર્ષની પ્રારંભિક ઉજવણીનો હિસ્સો બનવા બદલ હું ગર્વ અનુભવું છું. મૂળ તો હું ઓપનિંગ બૅટર એટલે અહીંની આરંભિક ઇવેન્ટ પણ મારે ગુમાવવી નહોતી અને એમાં હાજરી આપવા બદલ મને ગર્વ થઈ રહ્યો છે. હું એમસીએને શુભેચ્છા આપું છું અને સ્કૂલ-ક્રિકેટના સમયથી અહીં મને અસંખ્ય તકો આપવા બદલ હું એમસીએનો હૃદયપૂર્વક આભાર માનું છું. હું જે કંઈ છું એ એમસીએને કારણે જ છું. હું ભારત વતી રમતો હતો ત્યારે પણ મને એમસીએનો બહુ સારો સપોર્ટ મળ્યો હતો. મને અહીં આ ભવ્ય સમારોહમાં આમંત્રિત કરવા બદલ હું સર્વેનો આભાર માનું છું.'

ભૂતપૂર્વ ક્રિકેટર વિનોદ કાંબળીને તાજેતરમાં જ ભિવંડીની હૉસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવ્યા હતા. તે હજી પૂરેપૂરો સ્વસ્થ નથી થયો અને વાનખેડેના ગઈ કાલના પ્રસંગે કેટલાક સાથીઓના સપોર્ટ સાથે આવ્યો હતો. સન્માન થયા બાદ કાંબળીએ વાનખેડે ખાતેના પોતાના નાનપણના દિવસોની યાદ તાજી કરી હતી અને કહ્યું હતું કે 'મને બરાબર યાદ છે...મેં પ્રથમ ડબલ સેન્ચુરી ઇંગ્લૅન્ડ સામે આ જ સ્થળે ફટકારી હતી અને ત્યાર પછી કરીઅરમાં મેં ઘણી સેન્ચુરીઓ ફટકારી હતી. જો કોઈ પણ યુવા ખેલાડી મારી જેમ કે સચિન તેન્ડુલકરની જેમ ભારત વતી રમવા માગતો હોય તો તેમને મારી સલાહ છે કે તમારે અથાક પ્રયત્નો સતત જાળવી રાખવા જોઈએ. સચિને અને મેં નાનપણથી ક્યારેય અથાક મહેનતનો અભિગમ ક્યારેય નહોતો છોડ્યો.'

કાંબળીએ ઇંગ્લૅન્ડ સામે કરીઅરની પહેલી ડબલ સેન્ચુરી વાનખેડેમાં ૧૯૯૩ની ૧૯મી ફેબ્રુઆરીએ ફટકારી હતી. ત્યારે કાંબળીએ ૪૧૧ બૉલમાં ૨૨૪ રન બનાવ્યા હતા.

ભૂતપૂર્વ ભારતીય ઓપનર અને મુંબઈનો જાણીતો બૅટર વસીમ જાફર વાનખેડેના સમારોહ દરમ્યાન કાંબળીને શુભકામના આપતો જોવા મળ્યો હતો. એમસીએના ભૂતપૂર્વ પ્રમુખ વિજય પાટીલનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું.

એમસીએ ૧૯મી જાન્યુઆરીએ કૉફી-ટેબલ બુક બહાર પાડશે તેમ જ સ્મૃતિરૂપે ટપાલ ટિકિટ પણ બહાર પાડવામાં આવશે. એમસીએ દ્વારા મેદાનના માળીઓનું તેમ જ ૧૯૭૪માં વાનખેડેમાં પ્રથમ ફર્સ્ટ-ક્લાસ મૅચ રમનાર મુંબઈની ટીમના ખેલાડીઓનું પણ સન્માન કરવામાં આવશે. ■

# આઈપીએલનો આરંભ ૨૧મી માર્ચે, સ્થળોની જાહેરાત હવે પછી થશે

મુંબઈ: ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની ૨૦૨૫ની સીઝન ૨૧મી માર્ચે શરૂ થશે, એવું બીસીસીઆઇના ઉપ-પ્રમુખ રાજીવ શુક્લાએ આજે જાહેર કર્યું હતું. આ ટૂર્નામેન્ટના સ્થળોની જાહેરાત હવે પછી કરવામાં આવશે.

તાજેતરમાં સાઉદી અરેબિયાના જેદ્દાહમાં આયોજિત મેગા ઑક્શનમાં ૧૦માંથી દરેક ટીમે પોતાની પસંદગીના ખેલાડીઓ મેળવ્યા હતા. એમાં કુલ ૧૮૨ ખેલાડી ખરીદવામાં આવ્યા હતા અને એમાં તેમને મેળવવા પાછળ ૧૦ ફ્રૅન્ચાઇઝીઓએ કુલ ૬૩૯.૧૫ કરોડ રૂપિયાનો ખર્ચ કરાયો હતો.અહીં સ્પેશિયલ જનરલ મીટિંગ (એસજીએમ)માં હાજરી આપ્યા પછી શુક્લાએ જણાવ્યું હતું કે 'આઇપીએલની આગામી સીઝન ૨૧મી માર્ચે શરૂ થશે. એના સ્થળોની વિશેની વિગતો હવે પછી નક્કી થશે અને ત્યારે જાહેર કરવામાં આવશે.'

૨૦૨૪ની આઇપીએલની પ્રથમ મૅચ બાવીસમી માર્ચે બેન્ગલૂરુ-ચેન્નઈ વચ્ચે રમાઈ હતી. ચેન્નઈ ખાતેની ફાઇનલ ૨૬મી મેએ રમાઈ હતી જે કોલકાતાએ જીતી લીધી હતી. ■

# દિવ્યાંગ ક્રિકેટરોનો પાકિસ્તાન સામે વિજય

કોલંબો: ગઈ કાલે શ્રીલંકામાં દિવ્યાંગ ક્રિકેટરો માટેની ભારત-પાકિસ્તાન મૅચ રોમાંચક બની હતી જેમાં ભારતે ૧૦૯ રનના તોતિંગ તફાવતથી વિજય મેળવ્યો હતો. ભારતે બૅટિંગ પસંદ કરીને નિર્ધારિત ૧૯ ઓવરમાં ચાર વિકેટે ૧૬૦ રન બનાવ્યા હતા. એમાં નિખીલ મન્હાસના ૫૯ રન હતા જે તેણે ૪૭ બૉલમાં ત્રણ સિક્સર અને છ ફોરની મદદથી બનાવ્યા હતા. કૅપ્ટન વિક્રાંત કેની (૨૩ બૉલમાં ૩૭ રન)નો પણ તેને સારો સાથ મળ્યો હતો.

પાકિસ્તાની ટીમનો ૧૨.૨ ઓવરમાં ફક્ત ૫૧ રનમાં વીંટો વળી ગયો હતો. ભારતીય બોલર્સમાંથી જિતેન્દ્ર વી. એન. તેમ જ માજિદે બે-બે વિકેટ લીધી હતી. ■



### ક્રિકેટર ધોની બન્યો ટેનિસ પ્લેયર

ધોનીએ ગઈ કાલે હોમટાઉન રાંચીમાં એક ટેનિસ ચૅમ્પિયનશિપ દરમ્યાન થોડું ટેનિસ રમીને એમાં પોતાની કાબેલિયત બતાવી હતી. માહી ક્રિકેટર બન્યો એ પહેલાં ફૂટબોલર હતો .

# કોહલી-અનુષ્કા મુંબઈની સફરે, ગેટવે પરથી અલીબાગ જવા લાઈનમાં ઊભા રહ્યા

મુંબઈ: ઑસ્ટ્રેલિયામાં વિરાટ કોહલીએ ખરાબ ફૉર્મ સાથે નિરાશાજનક સિરીઝ પૂરી કરી ત્યાર પછી ભારત પાછો આવી ગયો હતો, પણ એ પહેલાં અમુક શ્રેણીઓ બાદ કોહલી સીધો લંડન તેના પરિવાર પાસે પહોંચી જતો હતો. જોકે આ વખતે તે ભારત પાછા આવીને ઍક્ટ્રેસ-પત્ની અનુષ્કા તેમ જ સંતાનો સાથે ઉત્તર પ્રદેશના વૃંદાવનમાં શ્રી પ્રેમાનંદ ગોવિંદ શરણજી મહારાજના આશ્રમમાં પહોંચી ગયો હતો અને ત્યાંના પ્રવાસ



બાદ મુંબઈ આવીને ગઈ કાલે ગેટવે ઑફ ઇન્ડિયા ખાતે અલીબાગ જવા માટેની ફેરીની રાહ જોઈ રહેલો જોવા મળ્યો હતો. કોહલી અને અનુષ્કા અલીબાગ જઈ રહ્યા હતા ત્યારે તેમની સાથે તેમની દીકરી વામિકા અને દીકરો અકાય નહોતા.

જોકે વિરુષ્કા તરીકે ઓળખાતી આ સેલિબ્રિટી જોડીની આ ટ્રિપ તેમના ફૅન્સમાં ચર્ચાસ્પદ જરૂર બની ગઈ. ગેટવે ઑફ ઇન્ડિયા પર તેમના અસંખ્ય ચાહકો તેમને નિહાળતા ઊભા હતા. ■



# ભારતીય મહિલા ટીમની આયરલૅન્ડ સામે ૨-૦થી વિજયી સરસાઈ



જેમાઇમાને ગિટાર વગાડવાનો બહુ શોખ છે. તેણે ગઈ કાલે સેન્ચુરી ફટકાર્યા બાદ મેદાન પર બૅટને ગિટાર વગાડવાની સ્ટાઇલમાં પહેલી સેન્ચુરી સેલિબ્રેટ કરી હતી.

રાજકોટ: સ્મૃતિ મંધાનાનાં સુકાનમાં ભારતની મહિલા ટીમે અહીં ગઈ કાલે આયરલૅન્ડને બીજી વન-ડેમાં ૧૧૬ રનથી હરાવીને સિરીઝની ટ્રોફી પર ૨-૦ની વિજયી સરસાઈ સાથે કબજો કરી લીધો હતો. જેમાઇમા રૉડ્રિગ્સ આ મૅચની સુપરસ્ટાર હતી. વન-ડેમાં તે ભારતની સેકન્ડ-ફાસ્ટેસ્ટ સેન્ચુરિયન બની હતી તેમ જ તેણે વન-ડેમાં ૧,૦૦૦ રનની સિદ્ધિ પણ મેળવી હતી. આખી મૅચમાં ભારતીય બૅટર્સે કુલ ૪૪ ફોર અને ત્રણ સિક્સર ફટકારી હતી. ભારતે ૩૭૧ રનનો લક્ષ્યાંક આપ્યા બાદ આયરિશ ટીમ ભારતીય બોલર્સને લડત આપીને ૫૦ ઓવરમાં સાત વિકેટે ૨૫૪ રન બનાવી શકી હતી. વાઇસ-કૅપ્ટન અને સ્પિનર દીપ્તિ શર્માએ સૌથી વધુ ત્રણ વિકેટ અને આઠ મૅચની અનુભવી સ્પિનર પ્રિયા મિશ્રાએ બે વિકેટ તેમ જ પેસ બોલર ટિટાસ સાધુ તથા સાયલી સતઘરેએ એક-એક વિકેટ લીધી હતી. ■

## સિટી ન્યૂઝ

# અજિત પવારના નામના લેટરહેડ અને બનાવટી સહીનો ઉપયોગ કરી છેતરપિંડી

## ધરપકડ કરાયેલા નવી મુંબઈના વેપારીએ આ રીતે અનેક લોકો પાસેથી નાણાં પડાવ્યાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના નામના લેટરહેડ અને બનાવટી સહીનો ઉપયોગ કરીને કથિત છેતરપિંડી કરવા બદલ પોલીસે નવી મુંબઈના વેપારીની ધરપકડ કરી હતી. પોતે અજિત પવારના સત્તાવાર નિવાસસ્થાન દેવગિરિ બંગલોમાં ઓએસડી પદે હોવાનું દર્શાવી આરોપીએ અનેક લોકો પાસેથી નાણાં પડાવ્યા હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

મલબાર હિલ પોલીસે ધરપકડ કરેલા વેપારીની ઓળખ પ્રવીણ સાઠે (૪૨) તરીકે થઈ હતી. નવી મુંબઈના ઉલવે સ્થિત પૉશ સોસાયટીમાં રહેતો આરોપી સાઠે મૂળ સાતારાના કરાડ જિલ્લાનો વતની હોવાનું જાણવા મળ્યું હતું.

પુણેના સાંગવીમાં રહેતા અતુલ શિતોળેએ આ પ્રકરણે મલબાર હિલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ડિસેમ્બર, ૨૦૨૪ના છેલ્લા સપ્તાહમાં સાઠેએ ફરિયાદીને તેની નિયુક્તિ અજિત પવારના દેવગિરિ બંગલોમાં ઓએસડી તરીકે થઈ હોવાના લેટરહેડનો મોબાઈલ સ્ક્રીનશૉટ વ્હૉટ્સઍપથી મોકલાવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપીએ પોતાની નિયુક્તિનો બોગસ લેટરહેડ પણ તૈયાર કર્યો હતો. અજિત પવારના નામના આ લેટરહેડ પર નાયબ મુખ્ય પ્રધાનની બનાવટી સહી કરવામાં આવી હતી. આ લેટરહેડ બતાવીને આરોપી સાઠે પોતાનું ધાર્યું કામ કરાવતો હોવાની શક્યતા વ્યક્ત કરાઈ રહી છે. ફરિયાદને આધારે પોલીસે ગુનો નોંધી આરોપીને નવી મુંબઈથી તાબામાં લીધો હતો. તેની પાસેથી મોંઘોદાટ મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યો હતો. આરોપીએ બનાવટી લેટરહેડનો દુરુપયોગ ક્યાં ક્યાં કર્યો છે તેની તપાસ પોલીસ કરી રહી છે. ■

# પાંચ વર્ષની બાળકી સાથે દુષ્કર્મના કેસમાં યુવાનને ૧૦ વર્ષની જેલ

થાણે: થાણેમાં કાર્ટૂન ફિલ્મ દેખાડવાને બહાને ઘરમાં બોલાવી પાંચ વર્ષની બાળકી પર બળાત્કાર ગુજારવાના છ વર્ષ અગાઉના કેસમાં કોર્ટે આરોપીને ૧૦ વર્ષની સખત કેદની સજા સંભળાવી હતી.

૨૦૧૯માં થાણેમાં બનેલી ઘટનામાં બાળકીના પડોશમાં રહેતા ૩૩ વર્ષના આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં વિશેષ પોક્સો જજ ડી. એસ. દેશમુખે આરોપીને કસૂરવાર ઠેરવી સજા સંભળાવી હતી. કોર્ટે આરોપીને પાંચ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો.

સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર સંધ્યા મ્હાત્રેએ કોર્ટમાં જણાવ્યું હતું કે આરોપીએ માર્ચ, ૨૦૧૯માં પડોશમાં રહેતી બાળકીને કાર્ટૂન ફિલ્મ જોવાને બહાને પોતાના ઘરમાં બોલાવી હતી. પછી તેના પર જાતીય હુમલો કર્યો હતો.

બાળકી ભયભીત હોવાનું જોઈ માતાએ તેને વિશ્વાસમાં લઈને પૂછપરછ કરી હતી. બાળકીએ તેની સાથે બનેલી ઘટનાની જાણ કરતાં પોલીસ ફરિયાદ નોંધાવાઈ હતી. પોલીસે પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી. આ કેસમાં બાળકી સહિત પાંચ સાક્ષી કોર્ટમાં તપાસવામાં આવ્યા હતા. તપાસકર્તા પક્ષ આરોપી વિરુદ્ધના આરોપો પુરાવા સાથે સિદ્ધ કરવામાં સફળ રહેતાં કોર્ટે સજા ફટકારી હતી. (પીટીઆઈ) ■

# બીડમાં વધુ એક સરપંચના મૃત્યુથી રાજકારણ ગરમાયું

## ટેમ્પોએ બાઈકને મારેલી ટક્કરમાં સરપંચનું મૃત્યુ: અકસ્માત કે કોઈ કાવતરું?

મુંબઈ: બીડ જિલ્લાના મસ્સાજોગ ગામના સરપંચ સંતોષ દેશમુખની હત્યાનું પ્રકરણ હજુ તાજું જ છે ત્યાં બીડના વધુ એક સરપંચના મૃત્યુથી રાજકારણ ગરમાયું હતું. ફ્લાય-ઍશ લઈ જતા ટેમ્પોએ બાઈકને મારેલી ટક્કરમાં સરપંચે જીવ ગુમાવ્યો હતો. જોકે આ માત્ર અકસ્માત છે કે કોઈ કાવતરું ઘડાયું હતું, એવી શંકા વ્યક્ત કરાઈ રહી છે.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના શનિવારની રાતે સાડાઆઠ વાગ્યાની આસપાસ બીડ જિલ્લાના પરળી તાલુકાના મિરવટ ફાટા નજીક બની હતી. અકસ્માતમાં પરળી તાલુકાના સૌંદના ગામના સરપંચ અભિમન્યુ ક્ષીરસાગરનું મૃત્યુ થયું હતું.

મળતી માહિતી અનુસાર ક્ષીરસાગર બાઈક પર પરળી તરફ જઈ રહ્યા હતા ત્યારે પૂરપાટ વેગે આવેલા ટેમ્પોએ બાઈકને ટક્કર મારી હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે બાઈકનો ભુક્કો બોલાઈ ગયો હતો.

બનાવની જાણ થતાં પરળી ગ્રામીણ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. બેભાન ક્ષીરસાગરને નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ પ્રકરણે પોલીસે ટેમ્પોના ડ્રાઈવરની ધરપકડ કરી પૂછપરછ હાથ ધરી હતી.

દરમિયાન ક્ષીરસાગરના મૃત્યુને મામલે આક્ષેપો કરવામાં આવ્યા હતા. ભાજપના નેતાએ આ ઘટના ખરેખર અકસ્માત છે કે આની પાછળ કોઈ કાવતરું હતું? એવો સવાલ કર્યો હતો. આ મુદ્દે ઊંડી તપાસ કરવાની માગણી તેમણે કરી હતી. ■

# ૫૦૦ રૂપિયાની બનાવટી નોટો છાપનારા પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ૫૦૦ રૂપિયાના દરની બનાવટી નોટો છાપીને બજારમાં ચલાવનારી ટોળકીને ભાયખલા પોલીસે પકડી પાડી હતી. ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ ઉમરાન ઉર્ફે આસિફ અમર બલબલે (૪૮), યાસિન યુનુસ શેખ (૪૨), ભીમ પ્રસાદ સિંહ બડેલા (૪૫) અને નીરજ વેખંડે (૨૫) તરીકે થઈ હતી. આરોપીઓનો સાથી ખલીલ અન્સારી ફરાર હોવાથી પોલીસ તેની શોધ ચલાવી રહી છે. ભાયખલા પૂર્વમાં પાનના સ્ટૉલ નજીક બનાવટી નોટો ચલાવવા કેટલાક લોકો આવવાના હોવાની માહિતી પોલીસને મળી હતી. માહિતીને આધારે સિનિયર ઈન્સ્પેક્ટર ચિમાજી આઢાવના માર્ગદર્શન હેઠળ પોલીસની બે ટીમે છટકું ગોઠવ્યું હતું. બનાવટી નોટો સાથે આવી પહોંચેલા ત્રણ શખસને પોલીસે તાબામાં લીધા હતા. પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે પાલઘર જિલ્લાના વાડા તાલુકામાં રહેતો નીરજ વેખંડે અને તેનો સાથી ખલીલ અન્સારી બનાવટી નોટો છાપે છે. માહિતીને આધારે પોલીસની ટીમે વેખંડેને પકડી પાડ્યો હતો. વેખંડેએ આપેલી માહિતી પરથી એક રૂમ પર રેઇડ કરવામાં આવી હતી. આ રૂમમાંથી બનાવટી નોટો છાપવાની સાધનસામગ્રી જપ્ત કરવામાં આવી હતી. આરોપીઓ પાસેથી ૫૦૦ રૂપિયાના દરની ૨૦૦ બનાવટી નોટો જપ્ત કરવામાં આવી હતી. રૂમમાંથી અડધી છપાયેલી નોટો પણ જપ્ત કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■

# થાણેમાં બિલ્ડિંગમાં આગ લાગ્યા બાદ ૨૫૦ રહેવાસીઓને બચાવી લેવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણે(પશ્ચિમ)માં વાગલે એસ્ટેટમાં ગ્રાઉન્ડ પ્લસ ચાર માળની ગંગા વિહાર નામની બિલ્ડિંગમાં રવિવારે વહેલી સવારના આગ ફાટી નીકળી હતી, જેમાં બિલ્ડિંગના ૨૫૦ રહેવાસીઓને હેમખેમ બચાવી લેવામાં ફાયરબ્રિગેડને સફળતા મળી હતી.

થાણે ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ થાણેમાં વાગલે એસ્ટેટમાં શ્રી નગરમાં સાઈ દર્શન બિલ્ડિંગ નજીક ગ્રાઉન્ડ પ્લસ ચાર માળની ગંગા વિહાર નામની બિલ્ડિંગ આવેલી છે. રવિવારે સવારના લગભગ ૫.૧૦ વાગ્યે બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર લગભગ ૩,૫૦૦ સ્કવેર ફૂટમાં ફેલાયેલા નિત્યાનંદ લોન્ડ્રીમાં અચાનગ આગ ફાટી નીકળી હતી. આગની જાણ થતા ફાયરબ્રિગ્રેડના બે ફાયર એન્જિન, એક જમ્બો વોટર ટેન્કર સહિત એક રેસ્ક્યુ વેહિકલ ઘટના સ્થળે પહોંચી ગયા હતા.

વહેલી સવારના સમયમાં મોટાભાગના રહેવાસીઓ ભરઊંઘમાં હતા. ગ્રાઉન્ડ ફ્લોરમાં જ આગ લાગી હોવાથી મોટા પ્રમાણમાં ધુમાડો નીકળી રહ્યો હતો, જે ઉપરની તરફ જઈ રહ્યો હતો. તેથી ઉપરના માળાના રહેવાસીઓ ફસાઈ ગયા હતા. જોકે ફાયરબ્રિગેડે સમયસૂચકતા વાપરીને તમામ રહેવાસીઓને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા અને કોઈને ઈજા પહોંચી નહોતી. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ પહેલા માળા પર ૧૨ રૂમ, બીજા માળા પર ૧૨ રૂમ, ત્રીજા માળા પર કુલ ૧૨ રૂમ અને ચોથા માળ પર ૧૨ રૂમ એમ કુલ ૪૮ રૂમ બિલ્ડિંગમાં આવેલી છે, જેમાં લગભગ ૨૫ લોકો રહે છે.

ગ્રાઉન્ડ ફ્લોરમાં લોન્ડ્રીનો વિસ્તાર લગભગ ૩,૫૦૦ સ્કવેર ફૂટમાં ફેલાયેલો છે, જેમાં મોટા પ્ર માણમાં લાકડાના કબાટ, કપડાં, ઈલેક્ટ્રિક વાયરિંગ વગેરે સામાન હોવાથી આગ ઝડપભેર ફેલાઈ ગઈ હતી. સદ્નસીબે આગ લાગ્યા બાદ પણ લોન્ડ્રીમાં રહેલા ગૅસ સિલિન્ડરને કોઈ નુકસાન થયું નહોતું, જેને બાદમાં ફાયરબ્રિગેડે સુરક્ષાના કારણસર પોતાના કબજામાં લીધા હતા.

લગભગ એક કલાકની જહેમત બાદ છ વાગ્યાની આસપાસ આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી.જોકે મોડે સુધી કુલિંગ ઓપરેશન ચાલુ હતું. ■

# ટોરેસ સ્કૅમમાં વધુ છ વિદેશી નાગરિકની સંડોવણી: એલઓસી જારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સપ્તાહે છથી ૧૧ ટકા વળતરની લાલચે રોકાણકારો સાથે કરોડો રૂપિયાની કથિત છેતરપિંડી આચરવાના કૌભાંડમાં વધુ છ વિદેશી નાગરિકોની સંડોવણી સામે આવી હતી, જેમાં મોટા ભાગના યુક્રેનના નાગરિક હોવાનું કહેવાય છે. પોલીસે આ છ શકમંદો સામે પણ લૂક આઉટ સર્ક્યુલર (એલઓસી) જારી કર્યાં હતાં.

કરોડો રૂપિયાના સ્કૅમની તપાસ કરી રહેલી આર્થિક ગુના શાખાની તપાસમાં છ વિદેશી નાગરિકનાં નામ સામે આવ્યાં હતાં. સૂત્રોના જણાવ્યા મુજબ સાક્ષીઓ, ઑફિસના કર્મચારી, એજન્ટ્સ અને ટોરેસના અધિકારીઓનાં પોલીસે નિવેદન નોંધ્યાં હતાં. તેમની પૂછપરછ દરમિયાન આ વિદેશીઓની સંડોવણી હોવાનું જણાયું હતું. આ વિદેશી નાગરિકો મુંબઈમાં રહીને વિવિધ સ્કીમ્સ ઑપરેટ કરતા હતા. અગાઉથી નક્કી કરાયેલી યોજના મુજબ ક્રિસમસને બહાને આ નાગરિકો વિદેશ ફરાર થઈ ગયા હોવાનો અંદાજ પોલીસને છે.

દરમિયાન મુંબઈના પોલીસ કમિશનરે દરેક પોલીસ સ્ટેશનને આદેશ આપી તેમની હદમાં આવેલી આવી ફાઈનાન્શિયલ ફર્મ વિશેની માહિતી એકઠી કરવાનું જણાવ્યું હતું. કોઈ પણ ફર્મમાં આર્થિક ગેરરીતિની શંકા જાય તો તેની તપાસ કરવાનો પણ આદેશ અપાયો હતો. ■

# પ્રીતિ ઝિન્ટા લોસ એન્જલસ જંગલની આગમાં ફસાઈ

મુંબઈ: અભિનેત્રી પ્રીતિ ઝિન્ટાએ કહ્યું કે તે અને તેનો પરિવાર હાલમાં લોસ એન્જલસના જંગલમાં લાગેલી આગ વચ્ચે સુરક્ષિત છે. તેણે કહ્યું કે તેની આસપાસની તબાહી જોઈને તે દુ:ખી છે. તેણે ઇન્સ્ટાગ્રામ પર એક અપડેટ શેર કર્યું અને લખ્યું: ''મેં ક્યારેય વિચાર્યું નહોતું કે હું એવો દિવસ જોઇશ જ્યાં અમારી આસપાસના વિસ્તારોમાં આગ લાગશે. હાઇ એલર્ટ પર મૂકવામાં આવશે.'' અમારી આસપાસના વિનાશને જોઈને હું ખૂબ જ દુ:ખી અને ભગવાનની આભારી છું કે હવે અમે સુરક્ષિત છીએ.

પ્રીતિએ પોતાના વિચારો અને પ્રાર્થનાઓ આ દુર્ઘટનાના અસરગ્રસ્ત લોકો સાથે હોવાનું કહ્યું અને અગ્નિશમન વિભાગ, અને કર્મચારીઓની મહેનતને કારણે આગ જલદીથી કાબૂમાં આવવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. અગાઉ ૯ જાન્યુઆરીએ અભિનેત્રી પ્રિયંકા ચોપરા જોનાસે ઇન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર એક પોસ્ટ શેર કરી હતી. આ પોસ્ટ દ્વારા અભિનેત્રીએ જંગલમાં લાગેલી આગ બાદ અસરગ્રસ્ત પરિવારોની મદદ માટે આગળ આવેલા લોકોના કામની પ્રશંસા કરી હતી.

પ્રીતિ ઝીન્ટાએ અગાઉ લોસ એન્જલસના પડોશમાં જંગલમાં લાગેલી આગની ક્લિપ શેર કરી હતી. ■

કમૂર્હતાના સમયગાળામાં નિરસ માગ વચ્ચે વિશ્વ બજાર પાછળ સોનાના ભાવ ઊંચકાતા માગ ઠપ

# સપ્તાહના અંતે અમેરિકાના રોજગારીના ડેટા મજબૂત આવ્યા છતાં ટ્રમ્પની વેપાર-વેરાની અનિશ્ચિતતાથી ન્યૂ યોર્ક ખાતે સોનામાં ઊછાળો

કોમોડિટી

રમેશ ગોહિલ

આંતરરાષ્ટ્રીય સ્તરે ગત સપ્તાહે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ ઊંચી સપાટીએ પહોંચી હોવા છતાં આગામી ૨૦મી જાન્યુઆરીથી અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ ફુગાવા વૃદ્ધિલક્ષી અને ખાધમાં વધારો કરે તેવી નીતિ અપનાવે તેવી શક્યતાઓ વચ્ચે સોનામાં તેજીનો અન્ડરટોન રહ્યો હતો અને ભાવ ચાર સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. વધુમાં સ્થાનિક ઝવેરી બજારમાં પણ ગત સપ્તાહે સોનામાં વિશ્વ બજાર પાછળ તેજીનું વલણ જળવાઈ રહ્યું હતું અને તેમાં પણ ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ધોવાણ જળવાઈ રહેતાં સોનાની આયાત પડતરોમાં વધારાએ સોનાની તેજીને ઈંધણ પૂરું પાડવાનું કામ કર્યું હતું. જોકે, ગત સપ્તાહ દરમિયાન કમૂહર્તાનો સમયગાળો ચાલી રહ્યો હોવાથી રિટેલ સ્તરની માગ નબળી રહી હતી. તેમ જ તેજીનાં વલણમાં જ્વેલરી ઉત્પાદકો તથા રોકાણકારોની લેવાલી પણ ખપપૂરતી મર્યાદિત રહી હતી. હવે આગામી સપ્તાહમાં ૧૪ જાન્યુઆરી પશ્ચાત્ કમૂહર્તા પૂરાં થતાં રિટેલ સ્તરની લગ્નસરાની માગ કેવી નીકળે છે તે જોવું રહ્યું. એકંદરે સ્થાનિકમાં રિટેલ સહિતની સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં વિશ્વ બજારમાં સોનામાં જોવા મળેલા સાપ્તાહિક ધોરણે ૧.૭ ટકાના ભાવવધારા સામે સ્થાનિકમાં માત્ર ૦.૬૬ ટકા જેટલી જ વૃદ્ધિ જોવા મળી હતી.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશન તરફથી પ્રાપ્ત થયેલી આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે સ્થાનિકમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ત્રીજી જાન્યુઆરીના રૂ. ૭૭,૫૦૪ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૭૬,૯૪૮ની સપાટીએ ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં ખૂલતી જ રૂ. ૭૬,૯૪૮ની સપાટી રહ્યા બાદ સપ્તાહના અંતે ઊંચી ૭૮,૦૧૮ની સપાટીએ બંધ રહ્યા હતા. આમ ભાવમાં સાપ્તાહિક ધોરણે ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૧૪નો અથવા તો ૦.૬૬ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત સપ્તાહ દરમિયાન ડૉલર સામે રૂપિયો ૨૯ પૈસાના ધોવાણ સાથે ૮૬ની સપાટી કુદાવીને ૮૬.૦૪ના મથાળે રહ્યો હોવાથી સોનાની તેજીને ટેકો મળ્યો હતો. વધુમાં કમૂહર્તાને કારણે રિટેલ સ્તરની નિરસ માગ ઉપરાંત ઊંચા મથાળેથી જ્વેલરી ઉત્પાદકો પણ નવી લેવાલીથી દૂર રહેતાં ગત સપ્તાહે સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૧૭ ડૉલર આસપાસના ડિસ્કાઉન્ટમાં ઓફર કરી રહ્યા હતા, જ્યારે આ પૂર્વેના સપ્તાહે ડિસ્કાઉન્ટ ૧૪ ડૉલર આસપાસ હોવાનું મુંબઈસ્થિત એક ડીલરે જણાવ્યું હતું.

સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનમાં આગામી ૨૯મી જાન્યુઆરીથી નવા લ્યુનાર વર્ષનો આરંભ થશે અને તે પૂર્વે સોનામાં રિટેલ સ્તરની માગ ખૂલવાનો આશાવાદ સેવાઈ રહ્યો હોવાથી આગલા સપ્તાહે ડીલરો સ્થાનિકમાં સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૪.૫૦થી ૧૦ ડૉલર આસપાસના પ્રીમિયમમાં ઓફર કરી રહ્યા હતા, પરંતુ ગત સપ્તાહે ભાવમાં તેજીનું વલણ રહ્યું હોવાથી અપેક્ષિત માગના વસવસા વચ્ચે ડીલરો સોનાના ભાવ ઔંદીઠ બે ડૉલર ડિસ્કાઉન્ટથી નવ ડૉલરના પ્રીમિયમથી ક્વૉટ કરી રહ્યાના અહેવાલ હોવાનું વિશ્લેષક રોસ નોર્મને જણાવ્યું હતું. જાકે, ગત ડિસેમ્બર મહિનામાં સતત બીજા મહિનામાં પીપલ્સ બૅન્ક ઑફ ચાઈનાએ તેની સોનાની અનામતમાં વધારો કર્યો હોવાના અહેવાલોને ધ્યાનમાં લેતાં નવા લ્યૂનાર વર્ષ પૂર્વે સોનામાં રોકાણલક્ષી માગમાં સુધારો જોવા મળે તેવી શક્યતા સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે.

ગત સપ્તાહે અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની જાહેર થયેલી મિનિટ્સમાં ટ્રમ્પની નીતિઓની ફુગાવા પર અસર થવાની ચિંતા વ્યક્ત કરવાની સાથે વધતા ભાવવધારાને નિયંત્રણમાં રાખવા એ એક પડકાર રહેશે, એમ જણાવવામાં આવ્યું હતું. આથી વર્ષ ૨૦૨૫માં ફેડરલ રિઝર્વ પાસે વ્યાજદરમાં કપાતનો બહુ ઓછો અવકાશ હોવાની શક્યતા વ્યક્ત કરતાં એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડવાઈઝર્સ વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે વર્તમાન સ્થિતિને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન સોનાના વૈશ્વિક ભાવ માટે ઔંસદીઠ ૨૭૦૦ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થશે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૬,૦૦૦થી ૭૯,૫૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન ગત શુક્રવારે અમેરિકાના ડિસેમ્બરના રોજગારીના ડેટામાં અપેક્ષિત ૧,૬૦,૦૦૦ની રોજગાર વૃદ્ધિ સામે ૨,૫૬,૦૦૦ રોજગાર વૃદ્ધિ થઈ હતી અને બેરોજગારીનો દર પણ અપેક્ષિત ૪.૨ ટકા રહેવાની સામે ઘટીને ૪.૧ ટકાની સપાટીએ રહ્યો હતો. આમ રોજગારીના ડેટા મજબૂત આવતા ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર એક તબક્કે સોનાના ભાવમાં ઘટાડો આવ્યો હતો, પરંતુ ત્યાર બાદ પુનઃ ટ્રમ્પની વેપાર અને વેરાની નીતિઓ ફુગાવાલક્ષી રહેવાની ચિંતા સપાટીએ આવતા સોનાના ભાવમાં બાઉન્સબૅક જોવા મળતા હાજરમાં ભાવ આગલા બંધ સામે ૦.૬ ટકા વધીને ઔંસદીઠ ૨૬૮૬.૨૪ ડૉલર અને વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૯ ટકા ઉછળીને ૨૭૧૫ ડૉલર આસપાસ રહ્યા હતા. તેમ જ ચાંદીના ભાવ પણ ૦.૯ ટકાની તેજી સાથે ઔંસદીઠ ૩૦.૩૮ ડૉલર આસપાસના મથાળે રહ્યા હતા. એકંદરે સપ્તાહના અંતે સોનામાં વેચવાલીનું દબાણ ઓછું હોવાને કારણે તેજીને ટેકો મળ્યો હતો અને શોર્ટ ટર્મ ટ્રેડરોએ વેચાણો કાપ્યાં હોવાનું એક ટ્રેડર તાઈ વૉન્ગે જણાવ્યું હતું.

એકંદરે ગત શુક્રવારે અમેરિકાના જોબ ડેટા મજબૂત આવતાં અમેરિકી ફેડરલ રિઝર્વ વર્ષ ૨૦૨૫માં વ્યાજદરમાં ૪૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકવામાં આવે તેવી ધારણા મુકાઈ રહી હતી તેની સામે હવે માત્ર ૩૦ બેસિસ પૉઈન્ટનો જ કાપ મૂકે તેવી ધારણાઓ મુકાતા ડૉલર ઈન્ડેક્સમાં ઉછાળો અને ઈક્વિટી માર્કેટમાં કડાકો બોલાઈ ગયો હતો અને ઈક્વિટી માર્કેટ તૂટતા સોનામાં ચમકારો જોવા મળ્યો હતો. વાસ્તવમાં સોનાની તેજીને ટ્રમ્પની વેપાર-વેરાની અનિશ્ચિતતા ઉપરાંત તેમની નીતિઓ ફુગાવાલક્ષી અને રાજકોષીય ખાધમાં વધારો કરે તેવી હોવાની ભીતિને કારણે સલામતી માટેની માગનો ટેકો મળી રહ્યો હોવાનું હાઈ રિજ ફ્યુચર્સનાં મેટલ વિભાગના ડિરેક્ટર ડેવિડ મિગરે જણાવ્યું હતું.

## જેએસડબ્લ્યુ સ્ટીલનું ક્રૂડ સ્ટીલનું કોન્સોલિડેટેડ ઉત્પાદન ૨.૩ ટકા વધ્યું

નવી દિલ્હીઃ વર્તમાન નાણાકીય વર્ષનાં ત્રીજા ત્રિમાસિકગાળામાં સજ્જન જિન્દાલનાં વડપણ હેઠળની જેએસડબ્લ્યુ સ્ટીલનું કોન્સોલિડેટેડ ધોરણે ક્રૂડ સ્ટીલનું ઉત્પાદન ગત સાલના સમાનગાળાના ૬૮.૭ લાખ ટન સામે ૨.૩ ટકા વધીને ૬૮.૭ લાખ ટનની સપાટીએ રહ્યું હોવાનું કંપનીએ બૉમ્બે સ્ટોક એક્સચેન્જને એક ફાઈલિંગમાં જણાવ્યું છે. જોકે, સમીક્ષા હેઠળના સમયગાળામાં ભારત ખાતેના એકમોમાં ક્રૂડ સ્ટીલનું ઉત્પાદન ત્રણ ટકા વધીને ૬૮.૨ લાખ ટન (૬૬.૩ લાખ ટન)ના સ્તરે રહ્યું હોવાનું ઉમેર્યુ હતું.

વધુમાં કંપનીની યાદીમાં જણાવ્યાનુસાર આ ત્રિમાસિકગાળામાં ભારતીય એકમોમાં ટ્રાયલના સમયગાળાને બાદ કરતાં એકમોનો વપરાશ કુલ ક્ષમતાના ૯૧ ટકાના સ્તરે રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે વર્તમાન નાણાકીય વર્ષનાં ત્રીજા ત્રિમાસિકગાળામાં ઉત્પાદન અને એકમોની ક્ષમતામાં માઠી અસર પડી હતી. કેમ કે ગત ઑક્ટોબર મહિનામાં દોલ્વી ખાતેના એકમમાં એક બ્લાસ્ટ ફ્યુરન્સ જાળવણી માટે બંધ રાખવામાં આવ્યો હતો, જે નવેમ્બર મહિનાના પહેલા સપ્તાહથી કાર્યાન્વિત થયો હતો.

વધુમાં કંપનીએ જણાવ્યું હતું કે ટાટા સ્ટીલની સંપૂર્ણ માલિકીની જેએસડબ્લ્યુ વિજયનગર મેટાલિક્સ લિ. (જેવીએમએલ)નું વિજયનગર ખાતેનું વાર્ષિક ૫૦ લાખ ટનની ક્ષમતા ધરાવતું એકમ સારી પ્રગતિ કરી રહ્યું છે. ત્રીજા ત્રિમાસિકગાળામાં વાર્ષિક ૪૫ લાખ ટન બ્લાસ્ટ ફર્નેસ રૉ મટિરિયલ હેન્ડલિંગ સિસ્ટમ અને બીજા ત્રિમાસિકગાળામાં સિન્ટર પ્લાન્ટની શરૂઆત પછી સ્ટીલ મેલ્ટ શોપ પર બે કન્વર્ટર્સ અને કેસ્ટરમાંથી એક ત્રીજા ત્રિમાસિકગાળામાં શરૂ કર્યું હોવાનું યાદીમાં જણાવતા ઉમેર્યું હતું કે ચોથા ત્રિમાસિકગાળામાં જેવીએમએલ ખાતે સંકલિત ઉત્પાદન ચાલુ થતાં ઉત્પાદનમાં વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

# વર્ષ ૨૦૨૫-૨૬ની મોસમ માટે સરકારે ત્રણ કરોડ ટન ઘઉંની પ્રાપ્તિનો લક્ષ્યાંક રાખ્યો

નવી દિલ્હીઃ વર્તમાન વર્ષ ૨૦૨૫-૨૬ની રવી મોસમ માટે સરકારે સાવચેતીભર્યો ત્રણ કરોડ ટન ઘઉંની પ્રાપ્તિનો લક્ષ્યાંક રાખ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

અત્રે નોંધનીય બાબત એ છે કે કૃષિ મંત્રાલયે વર્તમાન પાક વર્ષ ૨૦૨૪-૨૫ (જુલાઈ-જૂન)ની રવી મોસમમાં ઘઉંનું ઉત્પાદન ૧૧.૫ કરોડ ટનની વિક્રમ સપાટીએ રહેવાનો અંદાજ મૂક્યો હોવા છતાં સરકારે ઘઉંની પ્રાપ્તિનો લક્ષ્યાંક નીચો મૂક્યો છે.

આગામી પહેલી એપ્રિલથી શરૂ થતી વર્ષ ૨૦૨૫-૨૬ની રવી માર્કેટિંગ મોસમ માટે સરકારે ઘઉંનાં લઘુતમ ટેકાના ભાવ ક્વિન્ટલદીઠ રૂ. ૨૪૨૫ નિર્ધારિત કર્યા છે. જોકે, આ વર્ષની પ્રાપ્તિનાં લક્ષ્યાંક રાજ્યોના ફૂડ સચિવો સાથે ચર્ચા કર્યા બાદ મૂકવામાં આવ્યા હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

સૂત્રોના જણાવ્યાનુસાર ફૂડ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા અને રાજ્ય સ્તરીય એજન્સીઓએ કલ્યાણક યોજનાઓની જરૂરિયાત મુજબ ખેડૂતો પાસેથી ટેકાના ભાવથી પ્રાપ્તિ માટેની બાંયધરી આપી છે.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત વર્ષ ૨૦૨૪-૨૫માં ૩થી ૩.૨ કરોડ ટનના લક્ષ્યાંક સામે ઘટીને ૨.૬૬ કરોડ ટનની સપાટીએ રહી હતી. જોકે, એકંદર પ્રાપ્તિ તેના આગલા વર્ષના ૨.૬૨ કરોડ ટન સામે વધી હતી, પરંતુ તે વર્ષે પણ પ્રાપ્તિ ૩.૪૧૫ કરોડ ટનના લક્ષ્યાંક કરતાં ઓછી રહી હતી.

આ પૂર્વે વર્ષ ૨૦૨૨-૨૩માં ઘઉંની પ્રાપ્તિ ૪.૪૪ કરોડ ટનના લક્ષ્યાંક સામે ઘટીને માત્ર ૧.૮૮ કરોડ ટનની સપાટીએ રહી હતી. કૃષિ મંત્રાલયની માહિતી અનુસાર ઘણાંખરાં રાજ્યોમાં ઘઉંનું વાવેતર પૂરું થઈ ગયું છે અને અત્યાર સુધીમાં ઘઉંનો વાવેતર વિસ્તાર ૩.૧૯ કરોડ હેક્ટરની સપાટીએ રહ્યો છે તેમ જ પાકની સ્થિતિ પણ સાનુકૂળ હોવાના અહેવાલ છે.

# વર્ષ ૨૦૨૫માં વૈશ્વિક વેપાર રાજકીય-ભૌગોલિક અનિશ્ચિતતા, ટ્રમ્પની બીજી ટર્મ અને એઆઈની અસરઃ નિષ્ણાતો

નવી દિલ્હીઃ વર્તમાન કૅલૅન્ડર વર્ષ ૨૦૨૫માં ખાસ કરીને વૈશ્વિક રાજકીય-ભૌગોલિક તણાવ, અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની બીજી ટર્મમાં અપેક્ષિત ટ્રેડ વૉર, ચીનની અમુક મહત્ત્વનાં ક્ષેત્રોમાં અતિરિક્ત ઉત્પાદન ક્ષમતા અને વૈશ્વિક સ્તરે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નાં ઉપયોગમાં થઈ રહેલા વધારાની વૈશ્વિક વેપારો પર અસર જોવા મળશે, એમ નિષ્ણાતો જણાવે છે. ભારતીય આયાતકારો અને નિકાસકારોએ આ પડકારોનો સામનો કરવા માટે સરકાર સાથે હાથ મિલાવીને કાર્ય કરવું પડશે, એમ નિષ્ણાતોએ જણાવતાં ઉમેર્યું હતું કે હવે ખાસ કરીને ટ્રેડ લૉજિસ્ટિક અને સપ્લાય ચેઈન મેનેજમેન્ટ તથા પરંપરાગત વેપારને નવું રૂપ આપવા માટે પ્રતિબદ્ધ એવાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વ્યૂહોને અગ્રતાક્રમ આપવો પડશે.

ઝડપથી ઊભરી રહેલ એઆઈ ભવિષ્યના વેપારો માટે ખૂબજ મહત્ત્વની ભૂમિકા ભજવશે. એઆઈ આધારિત ડિજિટલ ટ્રાન્સફોર્મેશનને કારણે માત્ર સર્વિસિસ ક્ષેત્રને પ્રોત્સાહન નહીં મળે, પરંતુ ઓટોનોમસ વેહિકલ અને રોબોટિક્સથી પણ વિશેષ એવા એઆઈને લગતા ટ્રેડેબલ ઉત્પાદનોની નવી કેટેગરીનો પણ ઉમેરો કરશે, એમ ટ્રેડ એક્સપર્ટ અને હાઈ ટેક ગિયર્સનાં ચેરમેન દીપ કપુરિયાએ જણાવ્યું હતું. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે ભૌગોલિક-રાજકીય તણાવ ખાનગી ક્ષેત્રને પ્રભાવિત કરવાની ક્ષમતાની બહાર છે, જ્યારે વિકાસશીલ દેશોના વ્યવસાયોએ પર્યાવરણીય અને સામાજિક એમ બન્નેના ટકાઉપણાને પહોંચી વળવા માટેની જરૂરિયાતોનું પાલન કરવા માટે સંસાધનોમાં રોકાણ કરવાની જરૂર છે.

મુંબઈસ્થિત ટેક્નોક્રાફ્ટ ઈન્ડસ્ટ્રીઝના સંસ્થાપક અને ચેરમેન એસ કે સરાફે જણાવ્યું હતું કે સ્થાનિક ઉદ્યોગોએ સ્પર્ધાત્મક બનવા અને વેપારની તકો ઝડપી લેવા માટે નવા યુગની ટેક્નોલૉજીમાં ભારે માત્રામાં રોકાણ કરવું જોઈએ. અમેરિકા ચીનનાં ઉત્પાદનો પર ભારે ટેરિફ લાદવા જઈ રહ્યું છે ત્યારે ભારતે અમેરિકા ખાતે નિકાસ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ એમ તેમણે ઉમેર્યું હતું.

વધુમાં કપુરિયાએ જણાવ્યું હતું કે વૉશિંગ્ટનના અભિગમને ધ્યાનમાં લેતાં ચીન પણ અમેરિકન ઉત્પાદનો પર વધુ ટેરિફ લાદવાના વળતાં પગલાં લે તેવી શક્યતા જોતા ટ્રેડ વૉરની સ્થિતિ સર્જાતા પુરવઠા ચેઈન અને સીધા વિદેશી રોકાણો પર માઠી અસર પડી શકે છે. કોવિડ-૧૯ના આંચકા બાદ, રશિયા-યુક્રેન વચ્ચે યુદ્ધ અને મધ્ય પૂર્વનાં દેશોની કટોકટીને કારણે વૈશ્વિક વેપારોમાં પુનર્મુલ્યાંકનો થયાં છે. તેમ જ રાષ્ટ્રીય સલામતીને ધ્યાનમાં લેતાં ઘણાં દેશો નવા વેપાર ભાગીદાર દેશો ખોળી રહ્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું.

# વિદેશી હૂંડિયામણની અનામત વધુ ૫.૬૯ અબજ ડૉલર ઘટી



મુંબઈઃ ગત ત્રીજા જાન્યુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત વધુ ૫.૬૯૩ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૩૪.૫૮૫ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૪.૧૧૨ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૪૦.૨૭૯ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

અગાઉ સપ્ટેમ્બર મહિનાના અંતે દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની ઐતિહાસિક ઊંચી સપાટીએ પહોંચી હતી, પરંતુ છેલ્લાં કેટલાંક સપ્તાહથી વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતું હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા સતત ધોવાણને ખાળવા માટે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા બજારમાં હસ્તક્ષેપ કરી રહી હોવાથી કુલ અનામતોમાં સતત ઘટાડો થઈ રહ્યો છે.

રિઝર્વ બૅન્કની આંકડાકીય માહિતી અનુસાર સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં મુખ્ય હિસ્સો ગણાતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૬.૪૪૧ અબજ ડૉલરના ઘટાડા સાથે ૫૪૫.૪૮ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે સપ્તાહ દરમિયાન વિદેશી ચલણી અસ્ક્યામતોમાં ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે. વધુમાં સપ્તાહ દરમિયાન ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૫.૮ કરોડ ડૉલર ઘટીને ૧૭.૮૧૫ અબજ ડૉલરના સ્તરે અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૧.૮ કરોડ ડૉલર ઘટીને ૪.૧૯૯ અબજ ડૉલરના સ્તરે રહી હતી.

# એપ્રિલથી નવેમ્બરમાં કોલસાની આયાત બે ટકા વધી

નવી દિલ્હીઃ વર્તમાન નાણાકીય વર્ષમાં ગત એપ્રિલથી નવેમ્બર દરમિયાન દેશની કોલસાની આયાત ગત સાલના સમાનગાળાના ૧૭.૮૧૭ કરોડ ટન સામે બે ટકા વધીને ૧૮.૨૦૨ કરોડ ટનની સપાટીએ રહી હોવાનું તાજેતરમાં બિઝનૅસ ટૂ બિઝનૅસ ઈ કૉમર્સ કંપની એમ-જંક્શન સર્વિસીસ લિ. દ્વારા સંકલિત કરવામાં આવેલી આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

જોકે, ગત નવેમ્બર મહિનામાં કોલસાની આયાત નવેમ્બર, ૨૦૨૩ના ૨.૨૩૦ કરોડ ટન સામે ઘટીને ૧.૯૫૭ કરોડ ટનની સપાટીએ રહી હતી. આમ તાજેતરમાં ખાસ કરીને સ્થાનિક બજારમાં મોટા પુરવઠાને ધ્યાનમાં લેતાં ખાસ કરીને સ્પોન્જ આયર્ન અને સ્ટીલ જેવાં વપરાશકાર ઉદ્યોગ તરફથી આયાતના વૉલ્યુમમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. તેમ જ પાવર એકમોમાં પણ પર્યાપ્ત પુરવઠો હોવાથી આયાતી કોલસાની માગ શાંત પડી હોવાનું એમ-જંક્શનનાં ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર અને મેનેજિંગ ડિરેક્ટર વિનય વર્માએ જણાવતાં ઉમેર્યું હતું કે આગામી મહિનાઓમાં પણ આ વલણ જળવાઈ રહે તેવી શક્યતા છે.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત એપ્રિલથી નવેમ્બર દરમિયાન નોન કોકિંગ કૉલની આયાત ગત સાલના સમાનગાળાના ૧૧.૮ કરોડ ટન સામે ઘટીને ૧૧.૭૭૩ કરોડ ટનની સપાટીએ રહી હતી, જ્યારે કોકિંગ કૉલની આયાત પણ ગત સાલના સમાનગાળાના ૩.૭૯૭ કરોડ ટન સામે ઘટીને ૩.૬૯૩ કરોડ ટનની સપાટીએ રહી હતી. અત્રે નોંધનીય બાબત એ છે કે સરકારે અગાઉ સ્થાનિકમાં કોલસાના ઉત્પાદનમાં વધારા સાથે આયાત નિર્ભરતા ઘટાડો કરવા પર ભાર મૂક્યો હતો. હાલની આયાત નીતિ અનુસાર ગ્રાહકો પોતાની આવશ્યકતા અનુસાર કોલસાની મુક્તપણે આયાત કરી શકે છે.

સામાન્યપણે સ્ટીલ ઑથોરિટી ઑફ ઈન્ડિયા અને અન્ય સ્ટીલ ઉત્પાદક એકમો ક્વૉલિટીમાં સુધારો કરવા માટે તેની કોલસાની કુલ આવશ્યક માગ સામે સ્થાનિક પુરવઠા સામે પડતી ઘટ સરભર કરવા માટે કોકિંગ કૉલની આયાત કરી રહી છે. આ સિવાય કોલસા આધારિત પાવર એકમો, સિમેન્ટના એકમો, સ્પોન્જ આયર્નનાં એકમો, ઔદ્યોગિક વપરાશકારો અને કોલસાના ટ્રેડરો નોન કોકિંગ કૉલની આયાત કરે છે, જ્યારે કોકની આયાત મુખ્યત્વે પીગ આયર્ન ઉત્પાદકો અને મિની બ્લાસ્ટ ફ્યુરન્સીસનો ઉપયોગ કરતાં સ્ટીલ ક્ષેત્રના એકમો આયાત કરતા હોય છે.

# ટોચની ૧૦ કંપની પૈકી પાંચનાં માર્કેટ કેપિટલાઈઝેશનમાં ₹ ૧.૮૫ લાખ કરોડનો ઘટાડો

**સમીક્ષા હેઠળના સપ્તાહમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, એચડીએફસી બૅન્ક, આઈસીઆઈસીઆઈ બૅન્ક, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા અને આઈટીસીનાં માર્કેટ વૅલ્યુએશનમાં ધોવાણ થયું હતું. જ્યારે ટીસીએસ, ભારતી એરટેલ, ઈન્ફોસિસ, હિન્દુસ્તાન યુનીલિવર અને એચસીએલ ટૅક્નોલૉજીસનાં માર્કેટ કૅપમાં વધારો થયો હતો**

નવી દિલ્હીઃ ગત સપ્તાહ દરમિયાન સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ રહેતાં સેન્સેક્સ હેઠળની ટોચની ૧૦ કંપની પૈકી પાંચ કંપનીઓનાં માર્કેટ કેપિટલાઈઝેશન (માર્કેટ કેપ)માં રૂ. ૧,૮૫,૯૫૨.૩૧ કરોડનો ઘટાડો થયો હતો, જેમાં સૌથી વધુ ઘટાડો એચડીએફસી બૅન્કમાં થયો હતો.

નોંધનીય બાબત એ કે ગત સપ્તાહે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૨.૩૨ ટકાનો અથવા તો ૧૮૪૪.૨ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૨.૩૮ ટકાનો અથવા તો ૫૭૩.૨૫ પૉઈન્ટનો કડાકો બોલાઈ ગયો હતો.

સમીક્ષા હેઠળના સપ્તાહમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, એચડીએફસી બૅન્ક, આઈસીઆઈસીઆઈ બૅન્ક, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા અને આઈટીસીનાં માર્કેટ વૅલ્યુએશનમાં ધોવાણ થયું હતું, જ્યારે ટીસીએસ, ભારતી એરટેલ, ઈન્ફોસિસ, હિન્દુસ્તાન યુનીલિવર અને એચસીએલ ટૅક્નોલૉજીસનાં માર્કેટ કૅપમાં વધારો થયો હતો.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર સપ્તાહ દરમિયાન એચડીએફસીનું માર્કેટ કેપ રૂ. ૭૦,૪૭૯.૨૩ કરોડ ઘટીને રૂ. ૧૨,૬૭,૪૪૦.૬૧ કરોડની સપાટીએ, આઈટીસીનું માર્કેટ કૅપ રૂ. ૪૬,૪૮૧ કરોડ ઘટીને રૂ. ૫,૫૬,૫૮૩.૪૪ કરોડ, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાનું માર્કેટ કૅપ રૂ. ૪૪,૯૩૫.૪૬ કરોડ ઘટીને રૂ. ૬,૬૩,૨૩૩.૧૪ કરોડ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.નું માર્કેટ કૅપ રૂ. ૧૨,૧૭૯.૧૩ કરોડ ઘટીને રૂ. ૧૬,૮૧,૧૯૪.૩૫ કરોડ અને આઈસીઆઈસીઆઈ બૅન્કનું માર્કેટ કૅપ રૂ. ૧૧,૮૭૭.૪૯ કરોડ ઘટીને રૂ. ૮,૮૧,૫૦૧.૦૧ કરોડની સપાટીએ રહ્યું હતું.

જોકે, સપ્તાહ દરમિયાન ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલા ત્રીજા ત્રિમાસિકગાળાના પરિણામોમાં ચોખ્ખા નફામાં ૧૧.૯૫ ટકા વધીને રૂ. ૧૨,૩૮૦ કરોડની સપાટીએ રહ્યો હોવાના અહેવાલ સાથે ગત શુક્રવારે શૅરના ભાવમાં છ ટકાનો ઉછાળો આવતા કંપનીનું માર્કેટ કૅપ રૂ. ૬૦,૧૬૮.૭૯ કરોડ વધીને રૂ. ૧૫,૪૩,૩૧૩.૩૨ કરોડની સપાટીએ રહ્યું હતું.

આ સિવાય સપ્તાહના અંતે એચસીએલનું માર્કેટ કૅપ રૂ. ૧૩,૧૨૦.૫૮ કરોડ વધીને રૂ. ૫,૪૧,૫૩૯.૦૧ કરોડ, ઈન્ફોસિસનું માર્કેટ કૅપ રૂ. ૧૧,૭૯૨.૪૪ કરોડ વધીને રૂ. ૮,૧૬,૬૨૬.૭૮ કરોડ, ભારતી એરટેલનું માર્કેટ કૅપ રૂ. ૮૯૯૯.૪૧ કરોડ વધીને રૂ. ૯,૧૯,૯૩૩.૯૯ કરોડ અને હિન્દુસ્તાન યુનીલિવરનું માર્કેટ કૅપ રૂ. ૮૫૬૪.૨૬ કરોડ વધીને રૂ. ૫,૭૩,૭૫૮.૪૪ કરોડના સ્તરે રહ્યું હતું.

# ટ્રેડરોના ગેરકાયદે લસણની આયાતના આક્ષેપઃ તપાસ અંગે ગોયલની બાંયધરી

**દેશમાં લસણની આયાત ૭૦ લાખ ડૉલરની સપાટીએ રહી છે, જ્યારે ગત સંપૂર્ણ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં આયાત ૩.૧૪ કરોડ ડૉલરની સપાટીએ રહી હતી. નોંધનીય બાબત એ છે કે દેશમાંલસણની આયાત મુખ્યત્વે અફઘાનિસ્તાનથી થાય છે. આ સિવાય અન્ય યુએઈ, ઈરાન અને ઈજિપ્તથી થતી હોય છે**

નવી દિલ્હીઃ વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયૂષ ગોયલે ટ્રેડરોને લસણની ગેરકાયદે થતી આયાત સામે ધ્યાન આપીને ઘટતું કરવામાં આવશે, એવી બાંયધરી આપી હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું. ગત ૧૦મી જાન્યુઆરીના રોજ લસણના વેપારીઓનું એક પ્રતિનિધિ મંડળ વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયૂષ ગોયલને મળ્યું હતું અને ચીનથી આયાત થતાં લસણને કારણે સ્થાનિક વેપારીઓ તથા ખેડૂતોને થતી તકલીફો અંગે માહિતગાર કર્યા હોવાનું વાણિજ્ય મંત્રાલયના અક અધિકારીએ જણાવતાં ઉમેર્યું હતું કે ટ્રેડરોના મતાનુસાર સ્થાનિકમાં ચાઈનીઝ લસણની આયાત પ્રતિબંધિત હોવા છતાં તેની આયાત થઈ રહી હોવાથી વેપારીઓ અને ખેડૂતો પર માઠી અસર પડી છે અને બજારમાં વેપાર પણ ખોરવાઈ રહ્યા છે. ટ્રેડરોએ આક્ષેપ કર્યો હતો કે ચીનથી લસણની આયાત પ્રતિબંધિત હોવા છતાં અફઘાનિસ્તાન, ઈરાન અને ઈરાક મારફતે થઈ રહી છે. જોકે, વાણિજ્ય પ્રધાને આ સંદર્ભે ટ્રેડરોને ખાતરી આપી હતી કે સરકાર તપાસ કરશે અને ગેરકાયદેસર થતી આયાત સામે કડક પગલાં લેવામાં આવશે, એમ અધિકારીએ ઉમેર્યું હતું. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત એપ્રિલથી ઑક્ટોબર દરમિયાન દેશમાં લસણની આયાત ૭૦ લાખ ડૉલરની સપાટીએ રહી છે, જ્યારે ગત સંપૂર્ણ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં આયાત ૩.૧૪ કરોડ ડૉલરની સપાટીએ રહી હતી. નોંધનીય બાબત એ છે કે દેશમાંલસણની આયાત મુખ્યત્વે અફઘાનિસ્તાનથી થાય છે. આ સિવાય અન્ય યુએઈ, ઈરાન અને ઈજિપ્તથી થતી હોય છે.



રાજકોટમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં દેશ-વિદેશથી આવેલા પતંગ રસિકોએ ભાગ લીધો હતો. (તસવીર પ્રવીણ સેદાણી, રાજકોટ)

# કચ્છના આદિપુરના ૬૦ વર્ષીય પુરુષ દર્દી એચએમપીવીથી સંક્રમિત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ચીનમાંથી ઉદ્ભવેલા નવા એચએમપીવી એટલે કે, હ્યુમન મેટાન્યૂમો વાઇરસ ઝડપભેર ફેલાઈ રહ્યો છે ત્યારે કચ્છના આદિપુરના માથક માર્ગ પાસે રહેતા ૬૦ વર્ષીય પુરુષ દર્દી આ વાઇરસથી સંક્રમિત હોવાનું સ્પષ્ટ થતાં આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યો હતો. જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મીતેષ ભંડેરીએ આ અંગે જણાવ્યું હતું કે, દર્દી હાલ અમદાવાદની ઝાયડસ હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેમની તબિયત સ્થિર છે. ચાર દિવસથી શરદી-ઉધરસ અને તાવ સાથે શરીરમાં આંતરિક કળતર થતી હોઈ દર્દી અમદાવાદની ખાનગી હૉસ્પિટલમાં સારવાર મેળવવા માટે દાખલ થયા હતાં. હૉસ્પિટલે કરાવેલા ટેસ્ટમાં તે એચએમપીવીથી સંક્રમિત હોવાનું સ્પષ્ટ થયું હતું. દર્દીની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી નથી અને રૂમ ઍર પર સ્ટેબલ છે. આ વાયરસ નવો નથી, ઘણાં વર્ષોથી ભારતમાં હોવાનું તેમણે ઉમેર્યુ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ચીનમાં એચએમપીવીના દર્દીઓની સંખ્યામાં એકાએક ઉછાળો આવ્યો હતો. ભારતમાં પણ અત્યાર સુધીમાં પંદર કેસ નોંધાઈ ચૂક્યાં છે જે પૈકી ગુજરાતમાં ચાર કેસ નોંધાઈ ચૂક્યાં છે. ■

# ભુજને દિલ્હીથી જોડતી એર ઈન્ડિયાની ૧૮૦ સીટર ફ્લાઈટ ટેક ઑફ માટે તૈયાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: લાંબા સમયની પડતર માગ બાદ આખરે કચ્છના મુખ્ય મથક ભુજને રાજધાની દિલ્હી સુધી જોડતી એર ઇન્ડિયા દ્વારા સંચાલિત ૧૮૦ બેઠકની ક્ષમતા ધરાવતી સીધી હવાઈ સેવા આગામી ૧ ફેબ્રુઆરીથી શરૂ થવા જઈ રહી છે.

આ અંગે ભુજ એરપોર્ટ ઑથોરિટીના પ્રવક્તા નવીન ગુપ્તાએ જણાવ્યું હતું કે, આ ઉડાન દરરોજ સાંજે ૫ અને ૫૦ કલાકે ભુજથી દિલ્હી સુધીની ઉડાન ભરશે, જ્યારે દિલ્હીથી ભુજ તરફની ફ્લાઈટ સાંજે ૪ અને ૫૫ કલાકે પ્રસ્થાન કરશે. હાલમાં ભુજથી દૈનિક ધોરણે બે મુંબઈ માટે અને એક અમદાવાદ માટે ફ્લાઈટસ ઓપરેટ થતી હોવાનું ગુપ્તાએ ઉમેર્યુ હતું.

કચ્છમાં સ્થિત રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય ઉદ્યોગો અને બે મોટા બંદરોને કારણે આ સેવા મહત્ત્વપૂર્ણ બનશે. અબડાસા તાલુકામાં વસતા સેંકડો પંજાબી ખેડૂતો, પૃથ્વી પરના સ્વર્ગ કાશ્મીર જતા પ્રવાસીઓ અને ઉત્તર ભારતથી કચ્છ આવતા મુલાકાતીઓને આ નવી હવાઈ સેવાનો મોટો લાભ મળશે. આ નવી હવાઈ સેવાથી પ્રવાસન અને ઔદ્યોગિક ક્ષેત્રે વધુ વિકાસની અપેક્ષા રાખવામાં આવી રહી હોવાનું કચ્છ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ રાજેશ ભટ્ટે જણાવ્યું હતું. ■

# રાજકોટમાં ઉત્તરાયણ પૂર્વે પોલીસે બે દિવસમાં ચાઈનીઝ દોરી અને તુક્કલ વેચતા ૨૩ લોકોની અટકાયત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઉત્તરાયણમાં ચાઈનીઝ દોરી કાચના પાવડરથી તૈયાર કરવામાં આવેલા ધારદાર દોરાના વેચાણ સામે હાઈ કોર્ટે આકરી ટકોર કર્યા બાદ પોલીસ એક્શનમાં આવી હતી. પોલીસે સમગ્ર રાજ્યમાં આ પ્રકારના દોરાના વેચાણ સામે કાર્યવાહી કરી હતી. જે અંતર્ગત રાજકોટ પોલીસે બે દિવસમાં ચાઈનીઝ દોરી અને તુક્કલનુ વેચાણ કરતા ૨૩ લોકોની અટકાયત કરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટ પોલીસે શહેરમાં ચુનારાવાડ ચોક પાસેથી ૨૫૦ ચાઈનીઝ તુક્કલ સાથે રોહિત ઉર્ફે કારો અરવિંદ સોલંકીને વેંચાણ કરતા ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે પેડક રોડ ઉપર માસૂમ વિદ્યાલય પાસે જાહેરમાં રસ્તા ઉપર ૫૫ વર્ષીય રાજુ પટ્ટણી પાસેથી કાચ અને માંઝાથી પાયેલી દોરીની પાંચ રીલ અને બે કિલો કાચનો પાવડર કબજે કર્યો હતો. ભક્તિનગર પોલીસે ન્યુ સાગર સોસાયટી મેઈન રોડ ઉપર ચાઈનીઝ દોરીની ૬ રીલ સાથે આફતાબ સવાણને પકડી પાડયો હતો.

થોરાળા પોલીસે ચુનારાવાડ ચોક પાસેથી ૨૫૦ ચાઈનીઝ તુક્કલ સાથે રોહિત ઉર્ફે કારો અરવિંદ સોલંકીની અટકાયત કરી હતી. આજીડેમ પોલીસે કોઠારીયા રોડ ઉપર ચાઈનીઝ દોરીની ૫ ફિરકી સાથે કાળુ મારુ, માલવીયાનગર પોલિસે માયાણી ચોક પાસેથી પાકા દોરાની ૪ ફિરકી અને કાચ પાવડર સાથે જયંતિ પટની, લક્ષ્મીનગર રોડ ઉપર અશોક ગાર્ડન પાસેથી ઉપરોક્ત રીતે વેચાણ કરતા દિપક રાઠોડને પકડી પાડયો હતો.

ક્રાઈમ બ્રાન્ચે રેલ નગરમાં પેટ્રોલ પંપની સામે રિયા ટોયઝ અને સાઇકલની દુકાનની બહાર ટેબલ રાખી પતંગ દોરાનું વેચાણ કરતા ૨૪ વર્ષીય રાહુલ બાટવિયાને પ્રતિબંધિત ચાઈનીઝ દોરીની ત્રણ ફીરકી સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. શહેરના મોટાભાગના વિસ્તારોમાં પોલીસે ચેકિંગ હાથ ધર્યુ હતું અને કાચના પાઉડરથી તૈયાર કરેલા દોરા તથા ચાઈનીઝ દોરી સહિત તુક્કલો વેચતા વેપારીઓ સામે કાર્યવાહી હાથ ધરી હતી. ■

# રાજકોટના ભગવતીપરામાં ૧૯.૩૮ કરોડના ખર્ચે તૈયાર થયેલી સરકારી શાળાનું સાંસદ રૂપાલાએ લોકાર્પણ કર્યું

અમદાવાદ: ગુજરાતમાં ખાનગી શાળાઓ સામે સરકારી શાળાઓ પણ હવે હાઈટેક બની રહી છે. રાજકોટના ભગવતીપરા ખાતે ૧૯.૩૮ કરોડના ખર્ચે નિર્માણ પામેલી સરકારી શાળાનું સાંસદ રૂપાલાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ શાળામાં વિદ્યાર્થીઓને અભ્યાસ સહિત સ્પોર્ટ્સની આધુનિક સુવિધાઓ મળશે. ગરીબ પરિવારના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ વિનામૂલ્યે મળી રહેશે. સાંસદ રૂપાલાએ આ શાળાને સ્વામી વિવેકાનંદનું નામ આપવા દરખાસ્ત કરી હતી.

રાજકોટ શહેરનાં ભગવતીપરાના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ મળી રહે તે માટે મહાનગરપાલિકા દ્વારા ૨૯ હજાર ચો.મી.માં રૂ. ૧૯.૩૮ કરોડનાં ખર્ચે સરકારી શાળાનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં અંદાજે ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને અભ્યાસ સહિત સ્પોર્ટ્સની આધુનિક સુવિધા મળશે. શાળામાં કુલ ૫૦ રૂમો પૈકી ૨૯ અદ્યતન કલાસ રૂમો હશે. તે ઉપરાંત બેડમિંટન કોર્ટ, ટેબલ ટેનિસ કોર્ટ, વોલીબોલ કોર્ટ, કબડ્ડી ગ્રાઉન્ડ અને એથ્લેટિક ટ્રેક સહિત વિવિધ સ્પોર્ટ્સની તમામ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે. તે ઉપરાંત શાળામાં ચાર ટોઇલેટ અને ચાર વોટરરૂમ હશે અને બે સ્ટાફ રૂમ, બે એક્ટિવિટી રૂમ, બે ચિલ્ડ્રન ટોય રૂમ, એક અદ્યતન લાઈબ્રેરી, એક ઈ-લાઈબ્રેરી એક વિજ્ઞાન પ્રયોગની લેબોરેટરી, આધુનિક કોમ્પ્યુટર સાથે એક કોમ્પ્યુટર લેબ, એક કાઉન્સિલ રૂમ, એક એડમિનિસ્ટ્રેશન રૂમ અને એક પ્રિન્સિપાલ ઑફિસ, સહિત એખ એકાઉન્ટ રૂમ પણ તૈયાર કરવામાં આવ્યો છે. સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકરે આ અંગે જણાવ્યું હતું કે, આ સરકારી શાળામાં લગભગ બે હજાર વિદ્યાર્થીઓ સારી રીતે અભ્યાસ કરી શકે અને નજીવી ફીમાં ઉચ્ચ શિક્ષણ મળી રહે તે માટેની સગવડ ઊભી કરવામાં આવી રહી છે. ■

# મોરબીમાં ૨૨ કરોડના ખર્ચે તૈયાર થતાં રોડનું કામ પૂર્ણ થાય તે પહેલાં જ ગાબડાં પડ્યાં

અમદાવાદ: મોરબી શહેરમાં ૨૨ કરોડના ખર્ચે તૈયાર થઈ રહેલા રોડ પર કામ પૂર્ણ થતા પહેલાં જ ગાબડાં પડતાં આમ આદમી પાર્ટીના નેતાઓ અને સ્થાનિકો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો.રોડમાં નબળી ગુણવત્તાની સામગ્રી વાપરવામાં આવતાં લોકોએ રોષ વ્યક્ત કરી આંદોલન શરૂ કર્યું હતું. રોડની નબળી ગુણવત્તા મુદ્દે આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રભારી પંકજ રાણસરિયા અને જિલ્લા પ્રમુખ મહાદેવ પટેલે મહાનગરપાલિકા સામે મોરચો માંડ્યો હતો. જેમાં શહેરના સ્થાનિક લોકો પણ જોડાયા હતાં. આ વિરોધ પ્રદર્શન દરમિયાન આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, રસ્તાનું કામ અધૂરું હોવા છતાં તેમાં ગાબડાં પડવા લાગ્યા છે, જે સ્પષ્ટપણે નબળી ગુણવત્તા બેદરકારી દર્શાવે છે. વિરોધ પ્રદર્શન કરતાં આમ આદમી પાર્ટીના નેતાઓએ ચેતવણી ઉચ્ચારી હતી કે, જો આ મુદ્દે યોગ્ય કાર્યવાહી નહીં થાય તો આગામી દિવસોમાં મહાનગરપાલિકાની કચેરીને તાળાબંધી કરીને ઘેરાવ કરવામાં આવશે. ■

# બજરંગદાસ બાપાની ૪૮ મી પુણ્યતિથિ નિમિત્તે બગદાણા ખાતે તૈયારીઓનો ધમધમાટ



(તસવીર વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: આગામી તા. ૧૭ ને શુક્રવારના રોજ બગદાણાના બંડીધારી સદગુરુ સંતશ્રી બજરંગદાસબાપાનો ૪૮મો પુણ્યતિથિ મહોત્સવ ઊજવાશે. ત્યારે બગદાણા ખાતે સંપૂર્ણ તૈયારીઓનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. અલગ અલગ વિભાગો જેવા કે રસોડું, ભોજનશાળા,ચા પાણી, દર્શન, પાર્કિંગ સહિતના કામમાં સ્વયંસેવકો દિન રાત સેવા આપી રહ્યા છે. આ દિવસના મહોત્સવમાં બગદાણા ખાતે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ-ભાવિકો સામેલ થશે. બગદાણા પહોંચતા ચારેય તરફના માર્ગો, મુખ્ય ગેટ તેમ જ સમગ્ર આશ્રમ પરિસરનાં તમામ દેવાલયો સહિતના પરિસરને વીજળીના ગોળાઓથી, ઝગમગ દીવડાઓથી શણગારવામાં આવ્યું છે. રાત્રિના સમયે આખું પરિસર વીજળીથી ઝળહળા થઈ રહ્યું છે. લોકોમાં શ્રદ્ધાળુઓમાં અનેરો આનંદ અને ઉત્સાહ છવાયો છે. આગામી પોષ વદ ચોથના રોજ પૂજ્ય બાપાની ૪૮મી મહા પરીનિર્વાણતિથિ નિમિત્તે અહીં આગોતરા આયોજનના ભાગરૂપે તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. પ્રતિ વર્ષ ચોથના રોજ બાપાની પુણ્યતિથિ મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવે છે. જેમાં ચાલુ વર્ષે શરૂ કરવામાં આવેલા રાત્રિ સમયના લાઇટિંગ સહિતના શણગારો સમગ્ર પરિસરની શોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યા છે. ■

# રાજ્યસભાના સાંસદ રામ મોકરિયાએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નવા કુલપતિને સહકાર આપવા ટકોર કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ ખાતેની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કાયમી કુલપતિ તરીકે ડો. ઉત્પલ જોશીએ ચાર્જ સંભાળી લીધા બાદ રવિવારે ઇન્ટર યુનિવર્સિટી વેસ્ટ ઝોન હેન્ડ બોલ ટુર્નામેન્ટનુ રાજ્યસભા અને લોકસભાના સાંસદના હસ્તે ઉદ્ઘાટન થયું હતું. ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને ગોવાની ૭૦ યુનિવર્સિટીના ૭૦૦ ખેલાડીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ પ્રસંગે રાજ્યસભાના સાંસદ રામ મોકરિયાએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની નેગેટિવ ઈમેજ સુધારવા માટે ટકોર કરી હતી. તેમણે યુનિવર્સિટીના અધિકારીઓ, કર્મચારીઓ અને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તાઓ નવા કુલપતિને સપોર્ટ આપે અને યુનિવર્સિટીની પહેલા જેવી જ છબી પ્રસ્થાપિત થાય અને યુનિવર્સિટીની ખોટી મેટરો ક્યાંય જાહેર ના થાય અને સારી ઈમેજ ઊભી થાય તેના માટે સહિયારો પ્રયાસ કરવા જણાવ્યું હતું.

તેમણે નવા કુલપતિને કહ્યું હતું કે, આપનું સ્વાગત છે આપ જ્યાં સુધી રહો ત્યાં સુધી અમારું સમર્થન આપને મળતું રહેશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ફર્સ્ટ રેન્કમાં લઈ જાવ તેવી આપને શુભેચ્છા છે. બાદમાં કુલપતિ ડો. ઉત્પલ જોશીએ પણ કહ્યુ કે, રાજયસભાના સાંસદ મારી નિમણૂક થયા બાદ પ્રથમ કાર્યક્રમમાં આવ્યા છે તેઓ વારંવાર યુનિવર્સિટીમાં આવે અને અમને માર્ગદર્શન આપે તે માટે આવકારીએ છીએ. બહારગામથી આવતા ખેલાડીઓને ભોજન કે રહેવામાં કોઈ તકલીફ પડે તો તુરંત જાણ કરે જેથી તેઓની મુશ્કેલી દૂર કરવામાં આવશે. ■

# મુંદરામાં ડ્રગ્સનું છૂટક વેંચાણ કરનારો પંજાબી પેડલર ઝડપાયો

## ૩૨.૪૭ ગ્રામ કોકેઈન જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના આંતરરાષ્ટ્રીય ડ્રગ માફિયાઓ માટે ભારતમાં કેફી પદાર્થો ઘુસાડવા માટે સોફ્ટ પેસેજ બની ચૂકેલા ભાતીગળ પ્રદેશ કચ્છના ગ્રામીણ અને ખાસ કરીને શહેરી વિસ્તારોમાં માદક દ્રવ્યોની હેરાફેરી છેલ્લાં કેટલાંક વર્ષોથી ચિંતાજનક રીતે વધી છે. જોકે મુંદરામાં માદક દ્રવ્યોનું કસરત કરવા માટેના રોલરની પાઈપના પોલાણમાં છૂપાવીને વેચાણ કરતો એક પંજાબી ડ્રગ્ઝ પેડલર ઝડપાયો હતો.

બાતમીના આધારે મુંદરા પોલીસે શહેરના શ્રીજીનગરમાં આવેલી દેવાંગ સોસાયટીમાં રવિન્દ્ર સૈની નામના શખસના મકાનની ઉપરની ખોલીમાં ચાર વર્ષથી ભાડે રહેતાં કુલદીપસિંઘ સવિન્દ્રસિંઘ મજબી (શીખ) (ઉં.વ. ૩૯, રહે. મૂળ તરનતારન, પંજાબ)ના ઘરમાં દરોડો પાડ્યો હતો.

કુલદીપની અંગઝડતી લેતાં તેના પેન્ટના ખિસ્સામાંથી ૧૪.૪૨ ગ્રામની કોકેઈનની પડિકી અને ૫૬૦૦ રોકડાં રૂપિયા મળી આવ્યા હતા. પોલીસે દસ બાય દસની ખોલીની ઝડતી લેતાં કસરત માટે રાખેલાં બે ડમ્બેલ્સ અને એક રોલર પૈકી રોલરના પાઈપના પોલાણમાં છૂપાવેલી ૧૮.૦૫ ગ્રામ કોકેઈનની બીજી પડિકી મળી આવી હતી.

તપાસ દરમિયાન એક ડિજિટલ પોકેટ વજનકાંટો, એક ટેબલેટ, એક મોબાઈલ ફોન મળી આવ્યાં હતા. પ્રાથમિક પૂછપરછમાં પોતે ડ્રગ્ઝ ક્યાંથી મેળવતો હતો તે અંગે કશું કહેવાનો આરોપીએ ઈન્કાર કર્યો હતો. પોલીસે ૩૨.૪૭ લાખનું ૩૨.૪૭ ગ્રામ કોકેઈન ક્રેક અને અન્ય મુદ્દામાલ જપ્ત કરી કુલદીપ સામે નાર્કોટિક્સ ડ્રગ્ઝ ઍન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ (એનડીપીએસ) ઍક્ટની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ■

# બેટ દ્વારકામાં બીજા દિવસે ડિમોલિશન દરમિયાન ૯૬ બાંધકામ તોડી ૯.૫૦ કરોડની જમીન ખુલ્લી કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બેટ દ્વારકામાં ગેરકાયદે દબાણ દૂર કરવાની કામગીરીના બીજા દિવસે ૯૬ બાંધકામ તોડીને ૯.૫૦ કરોડની ૪૨,૫૦૦ સ્ક્વેર મીટર જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી. જેમાં રેવન્યુ સર્વે નંબર ૧૦૮ પરના સરકારી જમીન પરના દબાણો દૂર કરવામાં આવ્યા હતાં. હાલ ડેપ્યુટી કલેક્ટર તેમજ જિલ્લા પોલીસવડાની હાજરીમાં એક એસપી, ત્રણ ડીવાયએસપીના માર્ગદર્શનમાં ૧૦૦૦ જેટલા પોલીસ અને એસઆરપીના જવાનોના ચૂસ્ત બંદોબસ્ત સાથે દબાણ દૂર કરવાની કામગીરી કરવામાં આવી હતી.

ઓખામંડળના બેટ દ્વારકા વિસ્તારમાં ઓક્ટોબર ૨૦૨૨માં હાથ ધરાયેલા ઓપરેશન ડિમોલિશનમાં કરોડો રૂપિયાની કિંમતની લાખો ફૂટ જગ્યા પરનાં દબાણો હટાવાયાં હતાં. બીજા રાઉન્ડમાં યાત્રાધામ હર્ષદ, ભોગાત વગેરે સ્થળોએ પણ માર્ચ ૨૦૨૩ના સમયગાળામાં રેવન્યુ વિભાગ દ્વારા પોલીસતંત્રને સાથે રાખીને ધાર્મિક તેમજ રહેણાક-કોમર્શિયલ દબાણો તોડી નાંખવામાં આવ્યા હતાં. દેવભૂમિ દ્વારકા જિલ્લાના પોલીસવડા નિતેશ પાંડેયની સીધી દેખરેખ તેમજ માઇક્રો પ્લાનિંગ હેઠળ કરાયેલી આ દબાણ હટાવ ઝુંબેશ આવકારદાયક બની હતી.ગત ઓક્ટોબર ૨૦૨૨માં બેટ દ્વારકા વિસ્તારમાં તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલા ઓપરેશન ડિમોલિશનમાં કોમર્શિયલ તેમજ અન્ય મળી કુલ ૨૬૨ દબાણો દૂર કરવામાં આવ્યા હતા. જેમાં રૂ. ૭.૫૯ કરોડની કિંમતની આશરે સાડા ત્રણ લાખ ફૂટ જેટલી જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી. ■

# બર્ફીલા પવનોથી ઠારની ધાર તેજ થતાં કચ્છમાં ગાત્રો થીજવતી ઠંડી:

## નલિયા ૫.૬ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડું મથક

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં કોલ્ડવેવની પરિસ્થિતિ એકાદ દિવસની રાહત બાદ યથાવત્ રહી છે અને હજુ પણ ગાત્રો થીજાવી દેતી ઠંડીમાં નોંધપાત્ર રાહત મળવાના કોઈ આસાર જણાતાં નથી. અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં આજે લઘુતમ તાપમાન ૫.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાતાં શહેરભરમાં કર્ફ્યુ જેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે. જિલ્લામથક ભુજમાં લઘુતમ તાપમાનનો પારો ૧૧ ડિગ્રી સેલ્સિયસ પર રહ્યો હતો. કંડલા પોર્ટ ખાતે ૧૪ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. ઉત્તરના બર્ફીલા હિમપવનોએ ઠારની ધારને વધુ ડંખીલી બનાવી છે. પરિણામે, ભર બપોરે પણ હાડ થીજવતી ઠંડી પડી રહી છે. ઠારના લીધે દિવસનું મહત્તમ તાપમાન પણ ગગડીને ૨૪-૨૬ ડિગ્રી નજીક પહોંચી ગયું છે. લઘુતમ તાપમાનમાં કચ્છની જેમ રાજ્યના મોટાભાગના શહેરોમાં પારો ગગડીને ૧૦ ડિગ્રી આસપાસ ઉતર્યો હતો. હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં પારો વધુ ત્રણેક ડિગ્રી સુધી નીચે ઊતરવા સાથે બે દિવસ સુધી કોલ્ડવેવની સ્થિતિ યથાવત્ રહેવાનો વર્તારો વ્યક્ત કર્યો હતો. ■

# વધારાની આવકની લાલચ આપી ઑનલાઈન ચીટરો ગાંધીધામના યુવકના ૨૨.૬૮ લાખ હજમ કરી ગયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: અસહ્ય મોંઘવારીના સમયમાં વિવિધ ઑનલાઇન ટાસ્ક પૂરાં કરી, વધારાની આવક રળવા ગયેલા ગાંધીધામના યુવકને ૨૨.૬૮ લાખ રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો હતો. ગાંધીધામ બી ડિવિઝન પોલીસ મથકમાં શહેરના સેક્ટર નંબર સાતમાં રહેતા અને અગાઉ એક ખાનગી કંપનીમાં સેલ્સ મૅનેજર તરીકે કામ કરતા લક્ષ્મણ ગાભા ગચાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત ૨૯મી નવેમ્બરના રોજ તેના વૉટસઍપ પર સ્વર્ણા રાજેશ નામની અજાણી મહિલાએ હાય કરીને મેસેજ મોકલ્યો હતો. લક્ષ્મણે જવાબ વાળતાં મહિલાએ તેને સાઈડ ઈન્કમ કમાવવામાં રસ હોય તો જૉબ ડીટેઈલ્સ સમજાવવા માટે વળતો મેસેજ કર્યો હતો જેમાં તેને અમેરિકાની જાણીતી ડાયમંડ કંપની હેલ્ઝબર્ગ ડાયમંડ્સની પ્રોફાઈલ મોકલીને તેમાં એકાઉન્ટ ખોલાવીને ઑનલાઈન ટ્રેડિંગ કરવા માટે સાડા દસ હજાર રૂપિયાનું બેલેન્સ એડવાન્સમાં મળશે તેમ જણાવ્યું હતું.

મહિલાની વાતોમાં આવી ગયેલા લક્ષ્મણે ખાતું ખોલાવીને શરૂ કરેલા પ્રથમ ટ્રેડિંગમાં તેને ૮૪૯ રૂપિયાનો નફો થયેલો જે તેણે પોતાના બૅન્ક ખાતાની ડીટેઈલ્સ ફીડ કરીને ખાતામાં જમા ખાતે મેળવી લીધા હતા. ત્યાર બાદ ફરિયાદી અજાણ્યા એપ્લિકેશન અને વૉટસઍપ ગ્રૂપમાં જોડાઈને ઑનલાઇન ચીટરોની ટ્રેડિંગની જાળમાં ફસાતો ગયો હતો. છેલ્લે રૂપિયા ના બચ્યાં તો ફરિયાદીએ ઘરમાં રહેલું સોનું ગીરવે મૂકીને ૧૧.૫૦ લાખની ગોલ્ડ લોન મેળવીને ફસાયેલા રૂપિયા કઢાવવા મહેનત કરી હતી. ■

# દિલ્હી ખાતે યુવા દિવસની ઉજવણીમાં ગુજરાતના ૪૫ યુવાનોએ વિકસિત ભારત અંગે પોતાના વિચારો રજૂ કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સ્વામી વિવેકાનંદની જન્મજયંતીના સન્માનમાં ભારતમાં દર વર્ષે ૧૨મી જાન્યુઆરીએ 'રાષ્ટ્રીય યુવા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે 'ભારત મંડપમ' યુવા દિવસની ઉજવણી નવી દિલ્હી ખાતે કરવામાં આવી હતી. જેમાં ભારત સરકારના યુવા અને સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા દેશમાં એક સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં પ્રશ્નોત્તરી, નિબંધ અને વિઝન પિચ પ્રેઝન્ટેશન સહિત વિકસિત ભારતના નિર્માણ માટે યુવાનો પાસેથી પ્રતિભાવો માંગવામાં આવ્યા હતા. જે અંતર્ગત આ વર્ષે 'વિકસિત ભારત'ની થીમ પર ત્રણ તબક્કામાં ગુજરાતમાં પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં 'વિકસિત ભારત'ની થીમ પર ક્વિઝ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને વિઝન પિચ પ્રેઝન્ટેશન યુવાનો દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં ઓનલાઈન ક્વિઝ સ્પર્ધામાં ૧૫ થી ૨૯ વર્ષની વયના ૮૩ હજાર ઉમેદવારોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

ક્વિઝ સ્પર્ધા બાદ શોર્ટ લિસ્ટ થયેલા ઉમેદવારોને 'વિકસિત ભારત ચેલેન્જ'ની ૧૦ મુખ્ય થીમ આધારિત ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી ભાષામાં નિબંધ લેખનની પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું હતું. ■